# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

નુસરત ભરુચાની કરોડરજ્જુમાં ફ્રેક્ચર....



પેજ-09

શુભમન ગિલની વર્લ્ડ કપ માટે હુંકાર, 2023ની ફાઇનલની હાર યાદ કરી કહ્યું કે અમારું.....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 24.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 35.00 | 24.00 |


પેજ 5





બેંકોને ફોરેક્સ ટ્રેડિંગમાં થયેલું રૂ. ૪,૦૦૦ કરોડનું જંગી નુકસાન....


04 OCTOBER-2026 SUNDAY


જેડી વેન્સના નિવેદનથી એચ વન બી વિઝા કાયમ માટે બંધ થવાની....




પેજ 10


**.....સુવિચાર.....**

જીવન એ વર્તમાન ક્ષણમાં જીવવા વિશે છે, ભૂતકાળને જવા દો અને ભવિષ્ય વિશે ઓછી ચિંતા કરો !


વર્ષ-15 । અંક-320 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### હવામાં જ ડ્રોનને નષ્ટ કરવા માટે તૈયાર કરવામાં આવી રહી છે દેશની પ્રથમ સ્વદેશી માઈક્રો-મિસાઈલ

# ભારતની નવી માઈક્રો મિસાઈલ જ્વાલાનું સફળ પરીક્ષણ

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ભારતીય ખાનગી સંરક્ષણ કંપની આઈજી ડિફેન્સે પોતાના 'જ્વાલા' માઈક્રો-મિસાઈલ કાર્યક્રમ હેઠળ બે સોલિડ રોકેટ મોટર્સનું સફળ પરીક્ષણ કર્યું છે. 3 ઓક્ટોબરે વહેલી સવારે 4 વાગ્યે કરવામાં આવેલું આ પરીક્ષણ કંપની અને દેશના સંરક્ષણ ક્ષેત્ર માટે એક મોટો માઈલસ્ટોન છે. 'જ્વાલા' એ ભારતનો પ્રથમ સ્વદેશી ખાનગી માઈક્રો-મિસાઈલ પ્રોજેક્ટ છે, જે ખાસ કરીને દુશ્મનના ડ્રોનને હવામાં જ નષ્ટ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. આજના આધુનિક યુદ્ધમાં ડ્રોન ઝૂંડ મોટો પડકાર બની ગયા છે. સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે અત્યંત મોંઘી મિસાઈલોનો ઉપયોગ કરવો આર્થિક રીતે પોસાય તેમ નથી. આ જ જરૂરિયાતને ધ્યાને રાખીને 'જ્વાલા' મિસાઈલ બનાવવામાં આવી રહી છે. આ મિસાઈલ અત્યંત સસ્તી હોવાથી તેને ખૂબ મોટા પાયે બનાવીને સરહદો પર તૈનાત કરી શકાશે, જેનાથી ભારતની સુરક્ષા વધુ અભેદ્ય બનશે.




### AI સંચાલિત 'ગ્રીડ' સિસ્ટમ સાથે કરશે કામ

'જ્વાલા' માત્ર એક મિસાઈલ નથી, પરંતુ તે આઈજી ડિફેન્સના AI આધારિત બેટલ મેનેજમેન્ટ સિસ્ટમ 'ગ્રીડ' સાથે જોડાયેલી છે. આ આખી સિસ્ટમ આકાશમાં ડ્રોનની ઓળખ કરવા, તેને ટ્રેક કરવા અને ખતરાનું આકલન કરી મિસાઈલ દ્વારા તેને તોડી પાડવા સુધીની સમગ્ર પ્રક્રિયા ઓટોમેટિક પાર પાડવામાં સક્ષમ છે. 'જ્વાલા' અને 'ગ્રીડ' સિસ્ટમના સંયોજનથી ભારતની મોંઘી વિદેશી સુરક્ષા પ્રણાલીઓ પરની નિર્ભરતા ઘટશે અને દેશ ડ્રોન હુમલા સામે વધુ સક્ષમ બનશે.

**દુશ્મન ડ્રોનનો સેકન્ડોમાં ખાતમો સંરક્ષણ ક્ષેત્રમાં મોટો માઈલસ્ટોન**

## મુંબઈમાં CJPના પ્રદર્શન પર પોલીસની મોટી કાર્યવાહી

### આયોજકો સહિત 500 લોકો સામે FIR દાખલ

(એજન્સી) મુંબઈ | તા.03

મુંબઈ પોલીસે 2 ઑક્ટોબરે શિવાજી પાર્કમાં CJPના વિરોધ-પ્રદર્શન મુદ્દે આયોજકો અને 400-500 અજાણ્યા પ્રદર્શનકારીઓ સામે ગુનો નોંધ્યો છે. BNS અને મહારાષ્ટ્ર પોલીસ ઍક્ટ હેઠળ કેસ નોંધાયો છે. NHRCએ સગીર બાળકોના કથિત ઉપયોગની ગંભીર નોંધ લઈ મુંબઈ પોલીસ કમિશનર સહિત વિવિધ વિભાગોને નોટિસ પાઠવી છે. આ મામલે 1 અઠવાડિયામાં રિપોર્ટ મંગાવાયો છે. મુંબઈ પોલીસે કાર્યક્રમના આયોજકો તેમજ 400થી 500 જેટલા અજાણ્યા સમર્થકો અને પ્રદર્શનકારીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી છે.



### ગ્રાહકોને સાવચેત રહેવા સલાહ

## નેસ્લેના લો-ફેટ ડેરી વ્હાઈટનર સામે FSSAI ની મોટી કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ લેબ વિશ્લેષણ પછી નેસ્લેના લો-ફેટ ડેરી વ્હાઈટનરના નમૂનાને અસુરક્ષિત અને સબસ્ટાન્ડર્ડ જાહેર કરીને નેસ્લે સામે મોટી કાર્યવાહી કરી છે. આ નમૂના નવી દિલ્હીના કનોટ પ્લેસમાં આવેલી ધ લલિત હોટેલમાંથી એકત્રિત કરવામાં આવ્યો હતો. હોટેલને આ બિન-અનુપાલન ઉત્પાદન અંગે નોટિસ જારી કરવામાં આવી છે. જો કે, હોટેલ/ફૂડ બિઝનેસ ઓપરેટરને ફૂડ એનાલિસ્ટના રિપોર્ટ સામે અપીલ કરવાની તક આપવામાં આવી છે. આ દરમિયાન, FSSAI અધિકારીઓએ ફૂડ બિઝનેસ ઓપરેટરને તાત્કાલિક ઉત્પાદનનું વેચાણ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. ગ્રાહકોને અસરગ્રસ્ત બેચ ખરીદતા અથવા ખાતા પહેલા સત્તાવાર અપડેટ્સનું પાલન કરવા અને ઉત્પાદન માહિતી ચકાસવાની પણ સલાહ આપવામાં આવે છે. આ કાર્યવાહી ત્યારે કરવામાં આવી છે કારણ કે FSSAI દેશભરમાં ફૂડ સેફ્ટી નિરીક્ષણોને વધુ તીવ્ર બનાવી રહ્યું છે.

### નેસ્લે પ્રોડક્ટ્સ પર પહેલા પણ કાર્યવાહી

નેસ્લે પ્રોડક્ટ સામે કાર્યવોહી કરવાનો આ પહેલો કિસ્સો નથી. તાજેતરમાં, ફૂડ સેફ્ટી રેગ્યુલેટરે નેસ્લે ઈન્ડિયા લિમિટેડ સામે શિશુ ફોર્મ્યુલાના નમૂનામાં ગુણવત્તા ધોરણોનું ઉલ્લંઘન થતું હોવાનું જણાતાં કાર્યવાહી કરી હતી. FSSAI એ જણાવ્યું હતું કે કંપનીના ફોલો-અપ ફોર્મ્યુલાના નમૂનામાં પ્રયોગશાળા વિશ્લેષણ દરમિયાન બાયોટિનનું સ્તર ઓછું હોવાનું જાણવા મળ્યું હતું.

## રાહુલ ગાંધી કરશે ડિઝિટલ સત્યાગ્રહ, લૉન્ચ કર્યું પોર્ટલ

(એજન્સી) નવી દિલ્હી | કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ 'સત્યાગ્રહ' નામનું ડિજિટલ પોર્ટલ શરૂ કર્યું છે. આ પહેલ દ્વારા દેશભરમાં પોતાના અધિકારો માટે સંઘર્ષ કરી રહેલા અને વિવિધ મુદ્દાઓ ઉઠાવી રહેલા લોકોની કહાનીઓને એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલનો ઉદ્દેશ્ય દેશભરમાં ચાલી રહેલા તમામ આંદોલનોને એક જ નકશા પર એકત્રિત કરવાનો છે. રાહુલ ગાંધીએ નોંધ્યું હતું કે ' ઝેન ઝી ', વિદ્યાર્થીઓ, ખેડૂતો, આદિવાસીઓ, દલિતો અને મહિલાઓ પોતપોતાની વાર્તાઓ સાથે અલગ-અલગ રીતે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ ઘણીવાર એકલો અવાજ દબાઈ જાય છે. તેમણે ઉમેર્યું, 'દેશભરમાં લોકો અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. વિરોધ પક્ષના નેતા તરીકે, તમારી લડાઈ એ મારી લડાઈ છે. હવે એક નવા 'સત્યાગ્રહ'નો સમય આવી ગયો છે. તમે જે મુદ્દાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છો તે મને જણાવો. હું તમારી વાત સાંભળી રહ્યો છું.'

## દેશમાં નવેસરથી ચૂંટણી કરાવો

### PM મોદી ગેરકાયદે સત્તા પર છે

**દેશમાં નવેસરથી બેલેટ પેપર દ્વારા ચૂંટણી થવી જોઈએ**



(એજન્સી) નવી દિલ્હી | કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે દેશની લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર રીતે યોજાઈ છે અને તેના આધારે બનેલી સરકારો તથા મુખ્યમંત્રીઓ પણ ગેરકાયદેસર છે. ખડગેએ માગ કરી છે કે, તમામ ગૃહો ભંગ કરીને નવેસરથી ચૂંટણી યોજવામાં આવે અને તેમાં EVMને બદલે બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે. પત્રકારો સાથે વાતચીતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, 'આજે આખો દેશ ગેરકાયદે ચૂંટણીઓના આધારે ચાલી રહ્યો છે. મોદી એક ગેરકાયદે વડાપ્રધાન છે, શાહ એક ગેરકાયદે મંત્રી છે અને જ્યાં પણ મુખ્યમંત્રીઓ ચૂંટાયા છે, તે તમામ ગેરકાયદે છે. આ તમામને ભંગ કરી દેવા જોઈએ, નવી ચૂંટણીઓ યોજવી જોઈએ અને ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા કરાવવી જોઈએ.' તેમણે ચૂંટણી પ્રક્રિયા અને ઈવીએમના કથિત દુરુપયોગ અંગે પણ આકરા આક્ષેપો કર્યા હતા.

**તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ**




# આમ આદમી પાર્ટીની બોરીજ ખાતે વિશાળ જનસભા યોજાઇ, ઈસુદાન ગઢવી અને ગોપાલ ઈટાલીયા ભાજપ પર ગર્જ્યા...

## પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ તાત્કાલિક ધોરણે દુષ્કાળ જાહેર કરવા મુખ્યમંત્રીને ચીમકી આપી છ મુખ્યમંત્રીને અમારી અપીલ કે ઝડપથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો: ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગાંધીનગર ગાંધીનગરમાં પરિવર્તનના સંકલ્પ સાથે ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી લડતા આમ આદમી પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં પાર્ટીના પ્રદેશ તથા સ્થાનિક નેતાઓની ઉપસ્થિતિમાં બોરિજ ખાતે 'જન સંવાદ' અને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે સભા યોજાઈ હતી. આ સભામાં AAP ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચા પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટ, મયુર સાકરિયા સહિત પ્રદેશ તથા સ્થાનિક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ બાદ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ માટે આજે અમે ગાંધીનગરમાં એકઠા થયા હતા અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો પણ એકઠા થયા હતા. દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે હજારોની સંખ્યામાં ખેડૂતોએ ફોર્મ ભર્યા હતા અને એ ફોર્મમાંથી હું ઘણા સેમ્પલ લઈને આજે આ કાર્યક્રમમાં પધાર્યો હતો. હું હજુ પણ મુખ્યમંત્રીને અપીલ કરું છું કે તમે તાત્કાલિક ધોરણે જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓ તથા ઉત્તર ગુજરાતના જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત




જાહેર કરો, જો તમે 15 ઓગસ્ટ સુધી દુષ્કાળગ્રસ્ત જાહેર નહીં કરો તો અમે આ તમામ ફોર્મ લઈને મુખ્યમંત્રી સુધી પહોંચીશું.

સભાને સંબોધન કરતા આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપના નેતાઓને ખબર છે કે રોડ બનાવીએ કે ન બનાવીએ, લોકો તો વોટ આપવાના જ છે. વર્ષોથી આમ જ ચાલે છે; બજારની ગંદકી, બાળકોનું ભણતર, ખોરાક કે દવાખાનાની સુવિધાઓ વિશે કોઈ પૂછવા આવતું નથી, તો પછી ચૂંટણીમાં અહીં વિકાસ કેવી રીતે આવે? વિકાસને પણ ખબર છે કે ત્યાં જઈએ કે ન જઈએ, ગામવાળા સમયે બટન દબાવી જ દેશે. તેમણે ઉમેર્યું કે આમ આદમી પાર્ટી અને લાલભાઈ કે વૈશાલીબેન જેવા સ્થાનિક આગેવાનો આવ્યા છે જે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, વિધવા સહાય કે લાઈટ બિલ જેવા સામાન્ય લોકોના નાના-મોટા કામોમાં મદદ કરે છે. ગરીબ અને સામાન્ય માણસને ક્યાં ૨૦૦ વીઘાના પ્લોટ ખરીદવા છે, બિલ્ડિંગો બનાવવી છે કે નદીમાંથી રેતી કાઢવાની છે? આપણે તો નાનું એવું કામ જ પડવાનું છે, પણ જો કોઈ કરોડપતિ માણસને ચૂંટીને લાવીએ તો તે આવા નાના કામ માટે ધિક્કારે છે, જ્યારે લાલભાઈ જેવા પોતાના માણસ સામાન્ય લોકોનું દુઃખ સમજીને સાંભળે છે. તમારા મોહલ્લામાં રહેતો, તમારા જેવો જ નાનો માણસ ચૂંટાઈને આવશે તો તેને ગરીબી સમજાવવી નહીં પડે. મોટા નેતાઓ ગરીબી કેવી હોય તે ચોપડીઓ વાંચીને જાણવાની કોશિશ કરે છે, જ્યારે લાલભાઈ જેવા આગેવાન પોતે ગરીબીમાં જન્મી, મોહલ્લામાં ઉછેરાઈને આગળ આવ્યા છે તેથી તેઓ વાસ્તવિકતા જાણે છે. તેમણે યુવાનોને ખાસ વિનંતી કરતા જણાવ્યું હતું કે ચૂંટણીઓ તો ઘણી આવશે અને જશે, પણ બે બાબતો ટકવી જોઈએ: એક તો જનતાનો વોટ આપવાનો અધિકાર છીનવી લેતી ભાજપ પાર્ટી ન આવવી જોઈએ અને વોટનો અધિકાર સદા ટકી રહેવો જોઈએ. બીજી વાત એ કે મોટા નેતાઓ અને મોટી પાર્ટીઓ પાછળ આપણે સૌએ ૩૦ વર્ષ બગાડ્યા છે, તેથી હવે એકવાર આપણામાંથી જ આવેલા નાના માણસને લાવીને તક આપી જોવી જોઈએ જેથી તે સમાજના સાચા કામમાં આવી શકે.

ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ તથા કિસાન મોરચા પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામે આ કાર્યક્રમમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેડૂત એક જ પાકનું વાવેતર ખેતરમાં વારંવાર કરતા નથી, હવે 30 વર્ષથી ભાજપનું બિયારણ વાવ્યા કરીયે તો ગટરના પાણી તો ઉભરાશે. ગઈ વખતે અમે કહ્યું કે હવે નવું બિયારણ આવ્યું છે આમ આદમી પાર્ટી નામનું તો અમને મોકો આપો, ત્યારે એ સમયે અમે નવા હતા એટલા માટે કદાચ લોકોએ અમારા પર વધારે ભરોસો ન કર્યો પરંતુ એક સીટ અમને જીતાડી આપી હતી. આમ આદમી પાર્ટીના એક કોર્પોરેટર હાલની તારીખમાં પણ આમ આદમી પાર્ટી સાથે છે એમણે પક્ષ પલટો કર્યો નથી, આનું નામ પ્રમાણિકતા કહેવાય અને તમે કોંગ્રેસના બે બિયારણ આવ્યા હતા એ બંને ભાજપમાં ભાગી ગયા. જો આ વખતે ભૂલ કરશો અને ફરીથી કોંગ્રેસને વોટ આપશો તો એ લોકો ફરીથી ભાજપમાં જતા રહેશે, તો હવે તમારી પાસે જો કોઈ મજબૂત વિકલ્પ હોય તો તે ફક્ત આમ આદમી પાર્ટી છે.

# News Brief

## કાલુપુર રેલવે સ્ટેશને તસ્કરોએ આંગડિયા કર્મીને નિશાન બન્યો

**ગુજરાત મેઈલ ટ્રેનમાં ચઢતી વખતે જયંતિભાઈની બંડી કાપીને રૂ. 15 લાખના હીરાની ચોરી**

અમદાવાદ | અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7 પર ગુજરાત મેઈલ ટ્રેનમાં ચઢતી વખતે ભીડનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરે પટેલ જયંતિભાઈ સોમાભાઈ આંગડિયા પેઢીના કર્મચારીની ખાસ બંડી કાપીને રૂ. 15 લાખની કિંમતના 11,901 નંગ પોલિશ કરેલા હીરા ભરેલા પાર્સલની ચોરી કરી લીધી હતી. આ અંગે રેલવે પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાયો છે. મૂળ રાજસ્થાનના અને હાલ અમદાવાદના રાયપુરમાં રહેતા 53 વર્ષીય મંછારામ પ્રજાપતિ છેલ્લા 10 વર્ષથી આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. 29 સપ્ટેમ્બરે તેઓ ભાગીદાર મદનસિંગ રાઠોડ સાથે મુંબઈ સુધી કિંમતી સામાન પહોંચાડવા નીકળ્યા હતા. ખાસ ડિઝાઈન કરેલી બંડીમાં હીરાના પાર્સલ મૂકીને તેઓ અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. પ્લેટફોર્મ નંબર 7 પર ગુજરાત મેઈલ ટ્રેનમાં થેલો મૂકીને બીજો થેલો લેવા દરવાજા પાસે જતાં ભીડનો લાભ લઈ તસ્કરે ધારદાર વસ્તુ વડે પેન્ટ અને અંદરની ખાસ બંડી કાપી નાખી હતી. તસ્કર બંડીના ખિસ્સામાંથી મુંબઈ મોકલવાનું પાલનપુરથી આવેલું 100.65 કેરેટના 11,901 નંગ હીરાનું પાર્સલ (કિંમત રૂ. 15 લાખ) ચોરીને ફરાર થઈ ગયો હતો. ચોરીની જાણ થતાં જ કર્મચારીઓએ પેઢીના માલિકોને જાણ કરી હતી. જોકે, તેમની પાસે અન્ય ગ્રાહકોનો પણ કિંમતી સામાન હોવાથી તેમણે પ્રથમ મુંબઈ સુધીનો સામાન સુરક્ષિત પહોંચાડ્યો હતો.

## નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત રાજ્યભરમાં 'નશાબંધી સપ્તાહ'ની ઉજવણી

ગાંધી જયંતી નિમિત્તે વિવિધ જિલ્લાઓમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા વ્યાપક જનજાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન જનજાગૃતિ અભિયાનમાં આશરે ૨૩ હજારથી વધુ નાગરિકો સહભાગી થયા. 'નશો નાશનું મૂળ' શીર્ષક હેઠળ પ્રેરણાદાયી નાટકો, વોકેથોન, સાયકલ રેલી તેમજ વિશાળ રેલીઓ યોજાઈ.સમગ્ર રાજ્યમાં 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત તા. ૨ જી ઓક્ટોમ્બર ગાંધી જયંતી નિમિત્તે વિવિધ જિલ્લાઓમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા વ્યાપક જનજાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ રાજ્યભરમાં શાળાઓ, કૉલેજો, છાત્રાલયો, ગ્રામીણ વિસ્તારો તેમજ જાહેર સ્થળોએ યુવાનો અને નાગરિકોમાં વ્યાપક જાગૃતિ લાવવાના હેતુથી અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત રાજ્યભરમાં અનેક નશાબંધી કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ વિશેષ અભિયાન હેઠળ રાજ્યભરની શાળાઓ તથા હાઈસ્કૂલો અને છાત્રાલયોમાં તથા કૉલેજોમાં, જાહેર સ્થળોએ તથા જિલ્લા જેલમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ જનજાગૃતિ અભિયાનમાં આશરે ૨૩,૦૭૫ નાગરિકો સહભાગી થયા હતા. આ અભિયાન અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં નશાબંધી સપ્તાહના ઉદ્ઘાટન સમારોહ, ગાંધી વંદના, 'નશો નાશનું મૂળ' શીર્ષક હેઠળ પ્રેરણાદાયી નાટકો, વોકેથોન, સાયકલ રેલી, તેમજ નશામુક્ત ભારત અભિયાનની વિશાળ રેલીઓ યોજાઈ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ અને યુવાવર્ગ માટે નશાબંધી વિષયક નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, વ્યસન મુક્તિ અંગે માર્ગદર્શન, નશાબંધી શપથ (પ્રતિજ્ઞા) વિધિ, અને પોસ્ટર પ્રદર્શન જેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સ્થાનિક અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ અને માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમોમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈને 'મારો પરિવાર - નશામુક્ત પરિવાર'નો દ્રઢ સંકલ્પ પણ લીધો હતો.

## અમદાવાદમાં સિગારેટના રૂપિયા બાબતે દુકાનદારને દંડા, બેટ અને સ્ટૂલથી ફટકાર્યો'તો, જાહેરમાં માફી પણ માગી

અમદાવાદ | દુકાનદારને માર મારતા આરોપીઓને ઉઠકબેઠક કરાવી પોલીસે દંડા ફટકાર્યા. અમદાવાદના સિંગરવા વિસ્તારમાં 4 આરોપીને પોલીસે કુકડા બનાવીને જાહેરમાં દંડા ફટકાર્યા છે. પાન પાર્લર પર સિગારેટના રુપિયા આપવા બાબતે દુકાનદાર સાથે બોલાચાલી કરી હતી. જો કે બાદમાં પૈસા આપી દીધા હતા. પરંતુ આરોપીએ તેના મિત્રો સાથે આવી દુકાનદારને દુકાનની બહાર ખેંચી ઢોર માર માર્યો હતો. ત્યારે ફરિયાદના આધારે પોલીસે આરોપીઓની ધરપકડ કરી ઘટનાસ્થળે લઈ જઈને ઉઠકબેઠક કરાવી માંફી પણ મંગાવી હતી.

13 મે 2026ના દિવસે રાજ્યના ડીજીપીએ મહત્વપૂર્ણ અને કડક લેખિત આદેશ જાહેર કર્યો હતો. આ આદેશ અનુસાર હવે કોઈપણ આરોપીનું જાહેરમાં સરઘસ કાઢી શકાશે નહીં તેમજ આરોપીઓ સાથે અપમાનજનક વર્તન કરનાર પોલીસકર્મીઓ સામે કાર્યવાહી થઈ શકે છે. સિંગરવામાં રહેતા 43 વર્ષીય સુનિલભાઈ કુશવાહ ઓઢવ હુડકો ખાતે 'કૃણાલ પાર્લર' ધરાવે છે. 30 સપ્ટેમ્બરે ડેની નામનો શખસ રાત્રિના સમયે તેમના પાર્લર પર આવ્યો હતો અને સિગારેટ લીધા બાદ પૈસા આપવાની ના પાડતો હતો. આ સમયે દુકાન પર હાજર સુનિલભાઈના પુત્ર કૃણાલે આ અંગે પિતા સાથે ફોન પર વાત કરાવી હતી. ત્યારે સુનિલભાઈની રજૂઆત બાદ ડેનીએ તે સમયે પૈસા આપી દીધા હતા.

પૈસા આપીને ગયા બાદ દિનેશ ઉર્ફે ડેની ઈશ્વરભાઇ ઠાકોર પોતાના અન્ય મિત્રો પ્રેમ ઉર્ફે રાકેશભાઇ ઝાલા, ચિરાગ ઈશ્વરભાઇ ઠાકોર, અમિત ભગવાનદાસ રાવળ સાથે બાઈક પર ફરીથી પાર્લર પર આવ્યો હતો. સિગારેટના પૈસા આપવા બાબતે અદાવત રાખી તેમણે દુકાનદાર સાથે ઝઘડો શરૂ કર્યો હતો. આ શખસોએ કૃણાલને દુકાન બહાર ખેંચી કાઢીને દંડા, ક્રિકેટ બેટ અને સ્ટૂલથી બેફામ માર માર્યો હતો.

## શંકરસિંહના 'મેલું ઉપાડવા'ના નિવેદન સામે બ્રાહ્મણ અને પાટીદાર સમાજનો વિરોધ

અમદાવાદ | પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના 'પટેલ, વાણિયા અને બ્રાહ્મણોએ માથે મેલું ઉપાડવું જોઈએ' એવા કથિત નિવેદનને લઈને વિરોધ શરૂ થયો છે. બ્રહ્મ સમાજના આગેવાન અશ્વિન ત્રિવેદીએ આ નિવેદનને સમાજોમાં વૈમનસ્ય ઊભું કરનારું ગણાવી આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે કહ્યું કે, ચૂંટણી આવે ત્યારે સમાજ-સમાજ વચ્ચે વિખવાદ ઊભો થાય તેવી વાતો કરવાને બદલે સમાજને જોડવાની વાત થવી જોઈએ.

અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, "બાપુ જો મેલું ઉપાડશે તો 50 હજાર નહીં, પરંતુ અમે રોજના 1 લાખ આપીશું. અમારા એક ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ એડવોકેટ મિત્રે તો રોજના 5 લાખ આપવાની વાત કરી છે." તેમણે કહ્યું કે, સ્વચ્છતા અને ગાંધીજીના મૂલ્યોની વાત કરવામાં આવે છે તો તેની શરૂઆત પોતાના ઘરથી અને પોતાનાથી કરવી જોઈએ. અશ્વિન ત્રિવેદીએ વધુમાં કહ્યું કે આધુનિક સમયમાં વર્ણવ્યવસ્થા જેવી કોઈ વ્યવસ્થા રહી નથી. દરેક વ્યક્તિને પોતાની પસંદગીના વ્યવસાય અને રોજગારી કરવાનો અધિકાર છે. બ્રાહ્મણ સમાજે શિક્ષણ આપવા-અપાવવા તથા ધાર્મિક કાર્યોમાં માર્ગદર્શન આપવાની ભૂમિકા ભજવી છે. કોઈપણ સમાજને હીન ગણાવતી કે ચોક્કસ સમાજને કોઈ કામ કરવા માટે ફરજ પાડતી વાત સ્વીકારી શકાય નહીં. તેમણે દાવો કર્યો કે માથે મેલું ઉપાડવું કે વ્યક્તિને મેનહોલ-ગટરમાં ઉતારવું એ કાયદેસર રીતે પણ ગંભીર બાબત છે અને સરકારે તેના માટે દંડની જોગવાઈ કરી છે.

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો "બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ" વિતરણ સમારોહ

ગાંધીનગર | રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ગુજરાતના ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને રાજ્ય અને જિલ્લા કક્ષાના 'શ્રેષ્ઠ આત્મા ફાર્મર્સ એવોર્ડ્સ' એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ આપી ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ કરાવવાના હેતુથી રાજ્યમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના કુલ વેચાણ કેન્દ્રોની સંખ્યા વધીને ૧,૨૦૦ થઈ છે.આ સમારોહમાં ખેતીમાં આધુનિક સેટેલાઈટ અને જિયો-સ્પેશિયલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ખેતી નિયામકની કચેરી અને SAC-ISRO વચ્ચે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુક્ત અધિકારીઓને નિમણૂક પત્રો એનાયત કરાયા હતા.આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે "પહેલું સુખ તે જાતે નર્યા" - શરીરનું સ્વાસ્થ્ય સૌથી મોટું ધન છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિરેકથી જમીન, પાણી અને પર્યાવરણને થતું નુકસાન અટકાવવા તેમજ માનવ સ્વાસ્થ્ય અને આવનારી પેઢીના ભવિષ્યના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવો જરૂરી છે.રાજ્યપાલશ્રીએ ડેનમાર્કનું ઉદાહરણ આપતા કહ્યું કે ત્યાં યુરિયા-ડીએપી પર કોઈ સબસિડી નથી. ત્યાં ગાયના છાણ-મૂત્રમાંથી ગોબર ગૅસ અને સજીવ ખાતર બનાવી જમીનનો ઑર્ગેનિક કાર્બન ૨% જાળવી રખાયો છે.પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોના લોકાર્પણને આવકારતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે રાજ્યમાં આજે 100થી વધુ વેચાણ કેન્દ્રો શરૂ થઈ ચૂક્યાં છે. આ કેન્દ્રો માત્ર વેચાણનાં સ્થળો નહીં, પરંતુ ગ્રાહકોના વિશ્વાસનાં કેન્દ્રો બનવા જોઈએ. અહીં શુદ્ધ પ્રાકૃતિક કૃષિ પેદાશો જ વેચાય અને તેમની ગુણવત્તા તથા વિશ્વસનીયતા જળવાય તેની જવાબદારી ખેડૂતો અને સંચાલકોની છે. આ કેન્દ્રો અંગે જનજાગૃતિ લાવી વધુમાં વધુ નાગરિકો સુધી તેની માહિતી પહોંચાડવા તેમણે અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા દરેક ખેડૂતને ઓછામાં ઓછા એક નવા ખેડૂતને આ અભિયાન સાથે જોડવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તથા દેશી ગાયના પાલન માટે કરવામાં આવતા પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પુરસ્કૃત ખેડૂતોને અભિનંદન પાઠવી તેમની કામગીરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની રાષ્ટ્રસેવા અને જનસેવામાં સુશાસન, વિકાસ, ટેકનોલોજી અને જનકલ્યાણને કેન્દ્રમાં રાખીને વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, વિકાસનો અર્થ માત્ર માળખાકીય સુવિધાઓનું નિર્માણ નહિં, પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો પણ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીના ભારતના વિકાસમાં જ્ઞાન, વિજ્ઞાન, સંશોધન અને ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન' સાથે 'જય અનુસંધાન'નો જે મંત્ર આપ્યો છે તે દેશની સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, વૈજ્ઞાનિક પ્રગતિ અને સંશોધનને એકસાથે જોડે છે.

## સિયાટલ (યુએસએ) ખાતે ભારતના કોન્સ્યુલેટ દ્વારા ગાંધી જયંતિની ભવ્ય ઉજવણી



સિયાટલ | ભારતના કોન્સ્યુલ જનરલ શ્રી પ્રકાશ ગુપ્તાજીના માર્ગદર્શન હેઠળ, યુએસએના સિયાટલ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે ભક્તિમય ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...'સાથે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.મહાત્મા ગાંધીના પ્રેરણાદાયી જીવનને યાદ કરતા, 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' નિમિત્તે ઉપસ્થિત મહાનુભાવોએ ગાંધીજીના સંદેશ દ્વારા વિશ્વભરમાં શાંતિ સ્થાપિત કરવા માટે હૃદયસ્પર્શી આહ્વાન કર્યું હતું.તસવીરમાં બેલેવ્યુ-સિયાટલના મેયર, ભારતના કોન્સ્યુલ જનરલ શ્રી પ્રકાશ ગુપ્તા, ગુજરાતના શ્રી અજયભાઈ શેઠ અને સમુદાયના અન્ય વિવિધ અગ્રણીઓ જોવા મળે છે.આ પ્રસંગે મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને ઉપસ્થિત સમુદાયના સભ્યોએ 'ભારત માતા કી જય'ના ગુંજારવ સાથે દેશભક્તિનું અનોખું વાતાવરણ સર્જ્યું હતું.

## ગુજરાતના 56 એસટી બસ સ્ટેશનના ટોયલેટ આધુનિક બનશે

અમદાવાદ | રાજ્યના એસ.ટી. બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સ્વચ્છ અને આધુનિક સુવિધા આપવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા 'ટોયલેટ બ્લોક અપગ્રેડેશન' માટે ખાસ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ હેઠળ રાજ્યના 56 બસ સ્ટેશનના ટોયલેટ બ્લોકનું જરૂરિયાત મુજબ રિન્યુએશન અને રિપેરિંગ કરવામાં આવશે. આ પૈકી સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા, પાલિતાણા અને ઢસા એમ 6 બસ સ્ટેશનમાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે 17 બસ સ્ટેશનમાં હાલ કામ પ્રગતિ હેઠળ છે. બાકીના 33 બસ સ્ટેશનમાં કામગીરી આગામી 8થી 12 મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે. અપગ્રેડેશન દરમિયાન ટોયલેટ બ્લોકમાં પ્લમ્બિંગ, નવા યુરિનલ્સ, WC પાન બદલવા, બારી-દરવાજાનું રિપ્લેસમેન્ટ, ફ્લોરિંગ, ઇલેક્ટ્રિફિકેશન, ડ્રેનેજ સિસ્ટમ અને કલરકામ સહિતની કામગીરી કરાશે. મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અંદાજિત 25 યુરિનલ્સ, 20 જનરલ WC અને 25 મહિલા WC વધારવાનું પણ આયોજન છે. એસ.ટી. નિગમ દ્વારા અગાઉ કરાયેલા સર્વેના આધારે 'બસ સ્ટેશન બેઝિક ફેસિલિટી અપગ્રેડેશન પ્લાન' તૈયાર કરવામાં આવ્યો હતો. ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો, મહિલાઓ અને વડીલોને બસ સ્ટેશન પર સ્વચ્છ અને પૂરતી પાયાની સુવિધા મળી રહે તે હેતુથી જ્યાં જરૂરિયાત જણાઈ છે.

## ભાદરવાની આકરી ગરમી, ભૂજ-ડીસા 38.6°C સાથે સૌથી ગરમ : ગુજરાતમાંથી ચોમાસુ 24 કલાકમાં વિદાય લે તેવી શક્યતા; હાલ વરસાદની કોઈ આગાહી નહિ

અમદાવાદ | છેલ્લા 24 કલાકમાં સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોને બાદ કરતા બાકીના ગુજરાત પ્રદેશ અને કચ્છમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું. વરસાદની ગેરહાજરીમાં ભાદરવાનો તાપ લોકોને અકળાવી રહ્યો છે. બે દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. શુક્રવારે ભૂજ અને ડીસા 38.6C સાથે સૌથી ગરમ રહ્યાં. બીજી તરફ, દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વાપસીની રેખા રાજ્યના ડીસા અને નલિયા પરથી પસાર થઈ રહી છે. આગામી 24 કલાકમાં ચોમાસું ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાંથી વિદાય લે તેવી સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ દીવ, દમણ અને દાદરા નાગર હવેલી સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. આ સમયગાળામાં કોઈ ભારે વરસાદની શક્યતા નથી. સૌરાષ્ટ્ર-કચ્છમાં 24% વરસાદની ઘટ




રાજ્યમાં આ ચોમાસાની સિઝનમાં અત્યારસુધી સરેરાશ 11 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં 24 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. ચોમાસાની વિદાયની પ્રક્રિયા આગળ વધતાં હવે વરસાદની શક્યતાઓમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને હવામાન ધીમે ધીમે સૂકું બનવાની દિશામાં છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, હાલમાં અલ-નીનોની સ્ટ્રોંગ સિસ્ટમ સક્રિય છે, તેની અસર વર્ષના અંત સુધી જોવા મળી શકે છે. અલ-નીનોની અસરને કારણે ઓક્ટોબર મહિનામાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા વ્યક્ત છે. એટલે કે, ચોમાસાની વિદાય બાદ ઓક્ટોબરમાં રાજ્યમાં ગરમીનો અનુભવ સામાન્ય કરતાં વધુ થઈ શકે છે. રાજ્યમાં આગામી એક અઠવાડિયા સુધી મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવના નથી.

## અમદાવાદમાં 13 વર્ષની સગીરા સ્માર્ટફોનની દુનિયામાં ખોવાઈ, પારિવારિક આઘાત વચ્ચે સ્કૂલોના મિત્રોથી વિખૂટી પડી હતી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં પિતા અને દાદાની છત્રછાયા ગુમાવ્યા બાદ સ્કૂલમાં ક્લાસ સેક્શન બદલાઈ જતાં તમામ મિત્રોથી અલગ પડેલી 13 વર્ષીય સગીરા છેલ્લા બે મહિનાથી ડિપ્રેશનમાં આવીને રૂમમાં પુરાઈ ગઈ હતી. આખો દિવસ મોબાઈલ સ્ક્રીન સામે બેસી રહેતી સગીરા સ્કૂલે જવાની ચોખ્ખી ના પાડતી હોવાથી લાચાર માતાએ '181' અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચી સગીરા અને તેની માતાનું લાંબુ કાઉન્સિલિંગ કરી માનસિક ગાંઠ ઉકેલતાં, સગીરાએ આખરે ફરી સ્કૂલે જવાની તૈયારી દર્શાવી હતી અને મોબાઈલનો ઉપયોગ ઘટાડી પરિવાર સાથે સમય વિતાવવાનું વચન આપ્યું હતું. શહેરના પૂર્વ વિસ્તારમાંથી એક માતાએ 181 અભયમ હેલ્પલાઇન પર કોલ કરી રડમસ અવાજે મદદ માંગી હતી કે તેમની 13 વર્ષની દીકરી છેલ્લા બે મહિનાથી સ્કૂલે જતી નથી અને ઘરમાં પોતાની જાતને એક રૂમમાં બંધ રાખી આખો દિવસ ફોનમાં જ વ્યસ્ત રહે છે. કોલ મળતાં જ અભયમ વાન ઘટનાસ્થળે પહોંચી હતી.

## વિદ્યાર્થીને ઢોર માર મારી નગ્ન હાલતમાં ફલેટમાં ફેંકી ગયા, મોત : અમદાવાદમાં વકીલ મામાના ઘરે રહેતો યુવક બાઇક લઈને મિત્રને મળવા ગયો હતો, સિલ્વર ઓક કોલેજમાં ભણતો'તો

અમદાવાદ | અમદાવાદના ઈસનપુરમાં સરદાર પટેલ સ્કૂલ પાછળ આવેલા તિર્થભૂમિ એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં 21 વર્ષીય વિદ્યાર્થી જીગર શૈલેષભાઈ સોલંકીને અજાણ્યા શખ્સોએ કોઈ કારણસર ઢોર માર મારી, નગ્ન અને ગંભીર ઈજાગ્રસ્ત અવસ્થામાં ફેંકી દીધો હતો. શરીરના વિવિધ ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા વિદ્યાર્થીને હોસ્પિટલ ખસેડાતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના મામાએ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી ડોગ સ્ક્વોડ અને સીસીટીવી ફૂટેજ તથા અન્ય પુરાવાના આધારે તપાસ તેજ કરી છે.

મૂળ ભાવનગરનો નિવાસી અને ગોતાની સિલ્વર ઓક યુનિવર્સિટીમાં B.Voc ફાઈનાન્સના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતો જીગર સોલંકી શરૂઆતમાં પીજીમાં રહેતો હતો. છેલ્લા અઢી મહિનાથી ઈસનપુરના જયંતપાર્ક સોસાયટીમાં રહેતા તેના મામા હર્ષિતભાઈ જશવંતભાઈ ચૌહાણ (વકીલ) સાથે રહેતો હતો. ગત 2 ઓક્ટોબર, 2026ની રાત્રે સાડા દસેક વાગ્યે જીગર પોતાના મિત્રને મળવા જવાનું કહીને હોન્ડા એક્સટ્રીમ મોટરસાઈકલ લઈને ઘરેથી નીકળ્યો હતો અને ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યો હતો.

'મારા બનેવીએ ફોન કરીને જીગર સાથે અણબનાવ બન્યાનું જણાવ્યું'

મૃતના મામાએ ફરિયાદમાં જણાવ્યું કે, ગઈકાલે રાત્રિના હું મારા મિત્રો સાથે ઈસનપુર રાધેક્રિષ્ના વિલાએ બેઠો હતો તે સમયે મારા બનેવી શૈલેષભાઈનો ફોન આવ્યો અને કહ્યું કે, એક ભાઈએ મને ફોન કરી જીગર સાથે કોઈ અણબનાવ બન્યો હોવાનું જણાવ્યું છે. મેં તે ભાઈનો નંબર વોટ્સએપ કર્યો છે, તું વાત કરીને તાત્કાલિક ત્યાં પહોંચી જા. મેં તુરંત મારા બનેવીએ આપેલા નંબર ઉપર ફોન કરતા કોઈ પ્રકાશભાઈ વ્યાસે ફોન ઉપાડ્યો હતો. મેં તેઓને પૂછતા તેમણે મને કહ્યું કે, આ છોકરો તિર્થભૂમિ એપાર્ટમેન્ટમા નગ્ન અવસ્થામા છે અને તેને કોઈએ માર માર્યો છે. અમે તેને ચડ્ડી પહેરાવી છે, તો તમે અહીંયા આવી જાવ.

હું તુરંત જ મારી સાથે રહેતા મારા બીજા ભાણેજને ફોન કરીને એક જોડી કપડા લઈને તિર્થભૂમિ એપાર્ટમેન્ટ પહોંચવા કહ્યું. હું મિત્રો સાથે તાત્કાલિક સ્થળે પહોંચ્યો. અહીં મેં જોયું તો જીગર ફક્ત ચડ્ડી અને પગમાં મોજા પહેરેલી હાલતમાં એપાર્ટમેન્ટના કંપાઉન્ડમાં સૂતેલો હતો અને ત્યાં માણસો ભેગા થયેલા હતાં. મેં જીગરને પૂછતા તેણે કહ્યું કે, 'મને માર માર્યો છે અને ખુબજ દુખાવો થાય છે, મને અહીંથી લઈ જાવ.' મેં કોણે માર માર્યો તે પૂછતા જીગરે કંઈ જણાવ્યું નહીં. જીગરના શરીરે જોતા ડાબા ખભાના પાછળના ભાગે, બંને હાથના ભાગે, ગાલ ઉપર, ડાબી બાજુ થાપાના ભાગે, છાતી ઉપર, ડાબી બાજુ બગલ પાસે ઈજાના નિશાનો હતા. તે ઉભો થઈ શકતો ન હોવાથી મારા મિત્રએ 108માં ફોન કર્યો. આ દરમિયાન મારો ભાણેજ પણ ત્યાં કપડા લઈને આવી ગયો હતો.

તેણે મને જણાવ્યું કે, જીગર સવા નવેક વાગ્યે મણીનગર જવાહર ચોકમાં તેના મિત્રને મળવા જવાનુ કહીને તેનું હોન્ડા એક્સટ્રીમ ટુ-વ્હીલર લઈને ઘરેથી નીકળ્યો હતો. ત્યારબાદ 108 આવતા હું જીગરને સારવાર માટે એલ.જી.હોસ્પિટલમાં લઈ ગયો અને મારા બનેવીને ફોન કરીને જીગરને સારવાર માટે લાવ્યાં જણાવ્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### અડધો કિલોમીટર ઘસડાયું મોપેડ, બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

# સુરતના અબ્રામા ચોક ખાતે ટ્રકની અડફેટે વૃદ્ધાનું મોત

(એજન્સી) સુરત । તા. 03

ગુજરાતના આર્થિક પાટનગર સમાન સુરત શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે, જેણે સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને સન્નાટો ફેલાવી દીધો છે. સુરતના વ્યસ્ત અબ્રામા ચોક વિસ્તાર પાસે પૂરપાટ ઝડપે દોડતા એક અનિયંત્રિત ટ્રક ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને આગળ જઈ રહેલા એક મોપેડને ગંભીર અડફેટે લીધું હતું. અકસ્માત એટલો બધો ભયાનક હતો કે ટ્રકે મોપેડ અને તેના પર સવાર લોકોને અડધા કિલોમીટર સુધી રસ્તા પર ઘસેડ્યા હતા, જેના કારણે એક વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા.

શહેરોના મુખ્ય માર્ગો પર બેફામ દોડતા ભારે વાહનો અને ટ્રાફિકના નિયમોની બેદરકારીને કારણે નિર્દોષ નાગરિકોના ભોગ લેવાઈ રહ્યા છે તેવી ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. અબ્રામા ચોક ખાતે બનેલી આ દુર્ઘટના પણ આ જ ગંભીર સમસ્યાનો એક કાળો અધ્યાય છે. મીડિયા અહેવાલ મુજબ, અકસ્માત સર્જાયા બાદ તરત જ આસપાસના



રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક દુકાનદારો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રોષે ભરાયેલા લોકોનું મોટું ટોળું એકત્ર થઈ ગયું હતું. અકસ્માતના આ ભયાનક દ્રશ્યો જોઈને સૌ કોઈ હચમચી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, જ્યારે મોપેડ પર સવાર લોકો અબ્રામા ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પુરપાટ ઝડપે આવેલી ટ્રકે પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મોપેડ ટ્રકના અગ્ર ભાગમાં ફસાઈ ગયું હતું અને ચાલકે વાહન થોભાવવાને બદલે તેને અડધા કિલોમીટર સુધી લાંબુ ઘસેડ્યું હતું.

આ ગોઝારી ઘટનામાં મોપેડ સવાર વૃદ્ધાનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયેલા ઈજાગ્રસ્તોને ત્વરિત ધોરણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ મથકનો કાફલો અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે સ્થિતિને કાબૂમાં લઈને મૃતક વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે. આ મામલે ટ્રક ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા ચાલકને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## રેંટિયા ગામે સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમ અંતર્ગત પશુ આરોગ્ય મેળો યોજાયો

પિક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ તાલુકાના રેંટિયા ગામે આજે સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમ અંતર્ગત પશુ આરોગ્ય મેળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પશુપાલકોને તેમના પશુઓના આરોગ્ય અંગે જરૂરી સારવાર અને માર્ગદર્શન સ્થાનિક સ્તરે મળી રહે તે હેતુથી



યોજાયેલા આ કેમ્પનું ઉદ્ઘાટન સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર તથા ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરીના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીએ પશુપાલકો સાથે સંવાદ કરી પશુ આરોગ્યની જાળવણી તેમજ પશુપાલન ક્ષેત્રે ઉપલબ્ધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ લેવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી દાહોદ, મામલતદારશ્રી દાહોદ, તાલુકા વિકાસ અધિકારીશ્રી દાહોદ, રેંટિયા ગામના સરપંચશ્રી સહિત વિવિધ વિભાગોના અધિકારી-કર્મચારીઓ, પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમ અંતર્ગત યોજાયેલા આ પશુ આરોગ્ય મેળાથી રેંટિયા તથા આસપાસના વિસ્તારના પશુપાલકોને પશુ આરોગ્ય સંબંધિત સેવાઓનો લાભ સ્થાનિક સ્તરે મળી રહ્યો છે.

## વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન બાઈક અકસ્માતના ત્રણ ઈજાગ્રસ્તોના મોત

(એજન્સી) વડોદરા । તા. 03

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં અવારનવાર બનતી માર્ગ અકસ્માતની ગોઝારી ઘટનાઓ અનેક પરિવારો માટે વજ્રઘાત સમાન સાબિત થતી હોય છે. તાજેતરમાં જ વડોદરા શહેરની સુપ્રસિદ્ધ અને કેન્દ્રીય સયાજી હોસ્પિટલમાંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં અગાઉ અલગ-અલગ સ્થળોએ થયેલા ભયાનક બાઈક અકસ્માતોમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ત્રણ દર્દીઓના લાંબી સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યા છે. આ ત્રણેય બનાવ અંગે રાવપુરા પોલીસ મથક દ્વારા મૃતદેહોના પોસ્ટમોર્ટમની કાનૂની કાર્યવાહી પૂર્ણ કરીને સંબંધિત સ્થાનિક પોલીસ મથકોને સત્તાવાર જાણ કરવામાં આવી છે, જેના કારણે મૃતકોના પરિવારજનોમાં શોકનો ભારે માહોલ છવાઈ ગયો છે.

વાહન ચલાવતી વખતે થતી નાની ચૂક કે અકસ્માતો માનવીય જીવન માટે કેટલા ઘાતક સાબિત થઈ શકે છે તેનું આ જીવંત ઉદાહરણ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયેલા આ દર્દીઓ અલગ-અલગ જિલ્લાઓમાં બાઈક સ્લીપ થવાને કારણે ગંભીર ઈજાઓ પામ્યા હતા. તબીબો દ્વારા તેમને બચાવવા માટેના પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે આખરે તેમનો જીવ બચી શક્યો નહોતો. મીડિયા અહેવાલ મુજબ, આ ત્રણેય અલગ-અલગ અકસ્માતના કિસ્સાઓ છે, જેણે પંથકના નાગરિકોને હચમચાવી દીધા છે.

પ્રથમ બનાવની વિગત મુજબ, ગરબાડા તાલુકાના દાહોદના ૨૬ વર્ષીય યુવક રાહુલ ખેમચંદ મોહનિયાને ગત ૨૬ સપ્ટેમ્બરની રાત્રે દાહોદના ગડોઈ ગામ પાસે અચાનક બાઈક સ્લીપ થઈ જવાથી ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક ધોરણે તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન વહેલી સવારે તેમનું દુઃખદ અવસાન થયું હતું. રાવપુરા પોલીસે આ મામલે પોસ્ટમોર્ટમ કરાવીને દાહોદ રૂરલ પોલીસને જાણ કરી છે.

## રાજપીપળામાં સેવા મેરા યોગદાન અભિયાન હેઠળ દિવ્યાંગોને સહાય વિતરણ કરાયું



(એજન્સી) રાજપીપળા । તા. 03

રાજ્ય સરકાર દ્વારા જનકલ્યાણ અને નાગરિકોના ઉત્થાન માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે નર્મદા જિલ્લામાં સેવા મેરા યોગદાન અભિયાન અંતર્ગત એક ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા દિવ્યાંગજનો સહિતના જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી વિવિધ સરકારી યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી રાજપીપળા ખાતે આવેલા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સના પરિસરમાં આ વિશેષ સહાય વિતરણ સમારોહ યોજાયો હતો. સ્થાનિક જનપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિ અને પ્રશાસનિક અધિકારીઓની સક્રિયતાને કારણે આ કાર્યક્રમ સમાજના વંચિત વર્ગ માટે આશીર્વાદરૂપ સાબિત થયો હતો, જ્યાં અનેક જરૂરિયાતમંદોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. સમાજના અંતિમ છોવાડે બેઠેલા વ્યક્તિ સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓનો પ્રવાહ પહોંચાડવો એ હંમેશાથી વહીવટી તંત્ર અને સરકારની પ્રાથમિકતા રહી છે. નર્મદા જિલ્લામાં અગાઉ પણ દિવ્યાંગજનો અને જરૂરિયાતમંદ પરિવારો માટે અનેકવિધ શિબિરો અને સહાય વિતરણ કાર્યક્રમો યોજાતા રહ્યા છે, પરંતુ આ વખતે સેવા મેરા યોગદાન અભિયાન હેઠળ વ્યાપક સ્તરે આયોજન કરાયું હતું.

## કલ્યાણપુરના મહાદેવિયા ગામે વીજ થાંભલા નાખવાના મુદ્દે બે સગા ભાઈઓ પર ફાયરિંગ કરાયું

(એજન્સી) જામ ખંભાળિયા । તા. 03

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખતી હિંસક ઘટના સામે આવી છે. કલ્યાણપુરના મહાદેવિયા ગામે સરકારી ખરાબાની જમીનમાં વીજ થાંભલા નાખવાના ચાલી રહેલા કામ બાબતે સર્જાયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ મામલે ખેડૂત વજશીભાઈ ગોરીયા અને તેમના મોટાભાઈ મેરામણભાઈને તેમના જ કૌટુંબિક ભાઈઓ તથા ભત્રીજા દ્વારા ધમકાવવામાં આવ્યા હતા અને વાતચીત દરમિયાન મામલો વધુ બિચકતા કારથી ટક્કર મારીને રિવોલ્વરમાંથી સરેઆમ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ ગોઝારી ઘટનામાં બંને સગા ભાઈઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ધોરણે રાજકોટ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કાર્યો કે સરકારી યોજનાઓ અંતર્ગત થતા નિર્માણ કાર્ય સમયે અવારનવાર સ્થાનિક સ્તરે વિવાદો થતા હોય છે, પરંતુ આ કેસમાં મામલો ખૂની હુમલા સુધી પહોંચી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ મહાદેવીયા ગામના અને હાલ ભાટિયા ગામે રહેતા ખેડૂત વજશીભાઈ ગગાભાઈ લખમણભાઈ ગોરીયાની સીમમાં ચોકી વાડી પાસે આવેલા સરકારી ખરાબામાં ઊર્જા કંપનીના માણસો દ્વારા વીજ થાંભલા નાખવાનું કામ ચાલી રહ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, આ આર્થિક ફાયદા અને પોતાની ધાક જમાવવાના હેતુથી કૌટુંબિક ભાઈ મુળુ લાખાભાઈ ગોરીયા અને તેના પુત્ર જીગર મુળુ ગોરીયાએ ત્યાં પહોંચીને કામ અટકાવવા માટે દબાણ કર્યું હતું અને કામ કરતા લોકોને ડરાવી-ધમકાવીને ભગાડી મૂક્યા હતા.

જ્યારે ખેડૂત વજશીભાઈ અને તેમના પરિવારજનો આ સમગ્ર મામલે પિતા-પુત્રને સમજાવવા માટે ગયા હતા, ત્યારે મામલો વધુ ઉગ્ર બની ગયો હતો. ઉશ્કેરાયેલા શખ્સોએ ગાળાગાળી કરીને ભારે ધમકીઓ આપી હતી. દરમિયાન, નંદાણા ગામ તરફથી કાળા કલરની ક્રેટા કાર લઈને આવેલો ભરત મુળુભાઈ ગોરીયા ધસી આવ્યો હતો અને તેણે મેરામણભાઈને પાછળથી જોરદાર ટક્કર મારીને ફંગોળાઈ દીધા હતા.

## છાબ તળાવ, દાહોદ ખાતે પ્રાકૃતિક ખેતી પેદાશ વેચાણ કેન્દ્રનું ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરીના હસ્તે લોકાર્પણ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા તેમજ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ખેત પેદાશોને યોગ્ય બજાર અને ગ્રાહકો સુધી સીધી



પહોંચ મળી રહે તે હેતુસર છાબ તળાવ, દાહોદ ખાતે ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરીના હસ્તે પ્રાકૃતિક ખેતી પેદાશ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ વેચાણ કેન્દ્રના માધ્યમથી સ્થાનિક ખેડૂતો દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત અનાજ, કઠોળ, શાકભાજી, ફળો તથા અન્ય ખેત પેદાશોનું સીધું વેચાણ કરી શકાશે. જેના પરિણામે ખેડૂતોને તેમના ઉત્પાદનનું યોગ્ય વળતર મળવાની સાથે નાગરિકોને પણ ગુણવત્તાસભર અને પ્રાકૃતિક ખેત પેદાશો સરળતાથી ઉપલબ્ધ થશે.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા, રાસાયણિક ખાતરો અને દવાઓનો ઉપયોગ ઘટાડવા તથા જમીનની ફળદ્રુપતા જાળવવા અનુરોધ કર્યો હતો. સાથે જ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત પેદાશોના વેચાણ માટે આવા કેન્દ્રો ખેડૂતો માટે મહત્વપૂર્ણ સાબિત થશે તેમ જણાવ્યું હતું.આ પ્રસંગે સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાનાર ઐતિહાસિક વારાણસીથી વડનગર બાઈક યાત્રામાં લુણાવાડા ખાતેથી જોડાશે ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જાહેરજીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ભાજપ દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓક્ટોબર દરમિયાન દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે, જે અંતર્ગત વડનગર અને વારાણસીથી એકસાથે પ્રસ્થાન થયેલી ઐતિહાસિક બાઈક યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, નશામુક્ત ભારત, ટીબી મુક્ત ભારત, જળ સંરક્ષણ અને સફાઈ કર્મચારીઓના સન્માન જેવા અનેક સામાજિક અને ભાવનાત્મક જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે વારાણસીથી વડનગર યાત્રાના મહીસાગર જિલ્લાના પ્રવાસ દરમિયાન તારીખ ૦૪/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સવારે ૧૧:૦૦ વાગે બાબાસાહેબ આંબેડકર ચોક ખાતેથી બાઈક યાત્રામાં જોડાશે જ્યાં તેમનું ફૂલ અને ચંદન તિલક દ્વારા સ્વાગત કરવામાં આવશે.આવતીકાલના પ્રવાસ દરમિયાન સવારે ૧૧:૧૦ વાગે તેઓ મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવશે તેમજ અર્બન હેલ્થ સેન્ટર કુવારા ચોક ખાતે આયોજિત મેડિકલ કેમ્પની મુલાકાત લેશે, ત્યારબાદ ૧૧:૪૦ વાગે સરદાર પટેલ અને ભગવાન પરશુરામની પ્રતિમા પાસે તેમનું સ્વાગત કરવામાં આવશે તથા બપોરે ૧૨:૦૦ વાગે જિલ્લા કલેક્ટર કચેરી રોડ ખાતે આયોજિત સ્વચ્છતા કાર્યક્રમમાં ભાગ લેશે લુણાવાડા તાલુકામાં બપોરે ૧:૩૦ વાગે જિલ્લા રમત ગમત સંકુલ પાવાપુર ખાતે તેઓ યુવા રમતવીરો સાથે સંવાદ સાધશે, ૨:૦૦ વાગે મહીસાગર નદી હાડોડ ખાતે કળશમાં જળ ઉમેરશે અને ૨:૩૦ વાગે વરધરી ખાતે ફૂલથી સ્વાગત સ્વીકારશે.ત્યારબાદ બાલાસિનોર તાલુકામાં બપોરે ૨:૪૦ વાગે કડાછલા ચોકડી ખાતે સ્વાગત સાથે બાલાસિનોર નગર/તાલુકો અને વીરપુર મંડળના બાઈક સવારો યાત્રામાં જોડાશે જે રૈયોલી સુધી જશે, ત્યારબાદ ૩:૦૦ વાગે પાંડવા, ૩:૧૫ વાગે પરબીયા તથા ૩:૨૫ વાગે જેઠોલી ખાતે યાત્રાનું સ્વાગત કરાશે. ૪:૧૫ વાગે મહિલા સંવાદ યોજાશે અને અંતે ૪:૩૫ વાગે ભાથલા ખાતે સ્વાગત બાદ યાત્રા અરવલ્લી અને ખેડા જિલ્લા તરફ આગળ વધશે.

### સુરતના ગાંધી બાગ : સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ, જ્ઞાન અંગે ઉઠ્યા ગંભીર સવાલો

# સાંસદ મુકેશ દલાલ દ્વારા ગાંધી જયંતિને પુણ્યતિથિ ગણાવી

(એજન્સી) સુરત । તા. 03

દેશભરમાં જ્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિનની ઉજવણી પવિત્રતા અને ઉત્સાહ સાથે કરવામાં આવી રહી હતી, ત્યારે ગુજરાતના એક મોટા શહેરમાંથી એક અત્યંત આશ્ચર્યજનક અને ચર્ચાસ્પદ ઘટના સામે આવી છે. સુરતમાં ગાંધી જયંતિના મહત્વપૂર્ણ દિવસે જ ભાજપના લોકસભા સાંસદ મુકેશ દલાલ દ્વારા એક જાહેર કાર્યક્રમમાં મોટો બફાટ કરવામાં આવ્યો હતો. સુરતના ઐતિહાસિક ગાંધી બાગ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિને બદલે ભૂલથી 'પુણ્યતિથિ' ગણાવી દેવામાં આવતા નવો રાજકીય અને સામાજિક વિવાદ ઊભો થયો છે. આ ઘટનાનો વીડિયો ક્ષણવારમાં જ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો, જેના કારણે નાગરિકોમાં ભારે આશ્ચર્ય અને ટીકાઓનો દોર શરૂ થઈ ગયો છે.

મહાત્મા ગાંધીજીનો જન્મ ૨ ઓક્ટોબરના રોજ થયો હતો અને આ દિવસને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તેમજ ગાંધી જયંતિ તરીકે ખૂબ જ આદરપૂર્વક ઉજવવામાં આવે છે, જ્યારે તેમની પુણ્યતિથિ ૩૦ જાન્યુઆરીના રોજ આવે છે. આ પ્રાથમિક અને પાયાની માહિતી દેશના પ્રત્યેક નાગરિકથી લઈને શાળાના



વિદ્યાર્થીઓ સુધી જાણીતી હોય છે. તેવામાં શાસક પક્ષના એક જવાબદાર લોકસભા સાંસદ દ્વારા જાહેરમાં આ પ્રકારની ગંભીર ભૂલ થવી એ ભારે ચિંતાનો વિષય બન્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના બની તે સમયે સાંસદની સાથે અન્ય અગ્રણીઓ પણ હાજર હતા, પરંતુ તે ક્ષણે કોઈએ આ ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો નહોતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૨ ઓક્ટોબરે ગાંધી જયંતિ નિમિત્તે સુરતના જાણીતા ગાંધી બાગ ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં સુરતના સાંસદ મુકેશ દલાલ પણ રાષ્ટ્રપિતાને પોતાના શ્રદ્ધાસુમન અર્પણ કરવા પહોંચ્યા હતા. પૂજ્ય બાપુની પ્રતિમાની બિલકુલ નજીક ઊભા રહીને જ્યારે તેઓ મીડિયા સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા હતા અને નિવેદન આપી રહ્યા હતા, ત્યારે અચાનક તેમના મુખમાંથી જન્મજયંતિના બદલે 'પુણ્યતિથિ' શબ્દ નીકળી ગયો હતો અને તેમણે 'બાપુને શ્રદ્ધાંજલિ આપું છું' તેવા શબ્દોચ્ચાર કર્યા હતા. આ વીડિયો કેમેરામાં કેદ થઈ જતાં થોડી જ વારમાં સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર પ્રસારિત થઈ ગયો હતો. ગાંધી બાગ ખાતે બનેલી આ ઘટનાનો વીડિયો વાઈરલ થતાં જ નેટીઝન્સ અને વિપક્ષી નેતાઓ દ્વારા સાંસદ સામે આકરા પ્રહારો શરૂ કરવામાં આવ્યા છે. લોકો સોશિયલ મીડિયા પર આ વીડિયો શેર કરીને "સુરતના સાંસદનું સામાન્ય જ્ઞાન તો જુઓ" જેવા કટાક્ષભર્યા મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે. એક તરફ જ્યાં દેશભરમાં બાપુના આદર્શોને યાદ કરવામાં આવી રહ્યા હતા, ત્યારે જનપ્રતિનિધિની આ પ્રકારની બેદરકારી કે અજાણતા થયેલી ભૂલ લોકચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. આ મામલે આગામી સમયમાં રાજકીય ગરમાવો આવે તેવી પણ પૂરી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે

## મહીસાગર જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવા જ્યોતિ યાત્રા'નું ભવ્ય આયોજન



જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્ય સરકાર દ્વારા સેવાના ૨૫ વર્ષની ઉજવણી તથા 'વિકસિત ભારત ૨૦૪૭'ના સામુહિક સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે સમગ્ર રાજ્યમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં યોજાનાર 'સેવા જ્યોતિ યાત્રા'ના જિલ્લા કક્ષાના કાર્યક્રમની પૂર્વતૈયારીઓ અને સુચારુ આયોજન સંદર્ભે આજ રોજ જિલ્લા સેવા સદન, લુણાવાડા ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.સેવા, સમર્પણ, નિષ્ઠા અને રાષ્ટ્ર સંકલ્પની ઓળખ સમાન આ 'સેવા જ્યોતિ યાત્રા' જિલ્લાના દરેક ગામમાંથી નાની-નાની યાત્રાઓ, પગપાળા કે બાઈક રેલી સ્વરૂપે મશાલ સાથે પ્રસ્થાન કરી મુખ્ય સ્થળે એકત્રિત થશે. મહીસાગર જિલ્લાનો મુખ્ય કાર્યક્રમ આગામી તારીખ ૦૭/૧૦/૨૦૨૬ના રોજ લુણાવાડા સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. કાર્યક્રમને સર્વાંગી સફળ બનાવવા માટે કલેક્ટરશ્રીએ સંબંધિત તમામ વિભાગોને સોંપાયેલી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે વિશાળ જનમેદની માટે બેઠક વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની સુવિધા, પોલીસ બંદોબસ્ત, ટ્રાફિક અને પાર્કિંગ નિયમન, સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે, સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મૈત્રીબેન લેઉઆની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે .આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી સી વી લટા,લુણાવાડા પ્રાંત અધિકારીશ્રી ઉમેશ શાહ, નાયબ કલેકટરશ્રી એચ ટી મકવાણા સહિત સંબંધિત નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહીસાગર જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત

## 'વિકસિત ભારત @2047' વિષય પર જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તત્વ સ્પર્ધા યોજાઈ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

રાજ્ય સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય વિકાસની ભાવના, સર્જનાત્મકતા, વિચારશક્તિ અને અભિવ્યક્તિ કૌશલ્ય ખીલે તેવા ઉમદા હેતુથી મહીસાગર જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના સંયુક્ત માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાની ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા નજીક હરદાસપુર ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં યોજાયેલી આ સ્પર્ધામાં સમગ્ર જિલ્લાની વિવિધ શાળાઓમાંથી પસંદ થયેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી કૃપા એન. જહાં તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ દામા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બિરદાવી તેમને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ (પ્રાથમિક વિભાગ), ધોરણ ૯ અને ૧૦ (SVS કક્ષાનો માધ્યમિક વિભાગ) તથા ધોરણ ૧૧ અને ૧૨ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) એમ ત્રણેય સ્તરેથી વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં ચિત્ર સ્પર્ધામાં ૫૦ અને વક્તૃત્વ સ્પર્ધામાં ૪૮ મળી કુલ ૯૮ સ્પર્ધકોએ પોતાની કલા અને વાણીના માધ્યમથી 'વિકસિત ભારત @2047'ના સંકલ્પને પ્રસ્તુત કર્યો હતો.વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશીલતા અને વિચારો દ્વારા વર્ષ ૨૦૪૭ના આધુનિક, આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતના રોડમેપને કેનવાસ પર રંગો દ્વારા તથા વ્યાસપીઠ પરથી પ્રભાવશાળી વક્તવ્ય દ્વારા સુંદર રીતે વ્યક્ત કર્યો હતો. સમગ્ર આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને ભવિષ્યના ભારત નિર્માણ પ્રત્યે સભાનતા કેળવવાનો રહ્યો હતો. કાર્યક્રમના અંતે સ્પર્ધાના સફળ આયોજન બદલ ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો, નિર્ણાયકો તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### મહીસાગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ

## રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યવ્યાપી પ્રારંભ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોમાં જાગૃતિ કેળવાય અને રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. નાગરિકોને શુદ્ધ પ્રાકૃતિક ખેત પેદાશો સરળતાથી ઉપલબ્ધ થાય અને ઉત્પાદનોના સીધા વેચાણ થકી ખેડૂતોને યોગ્ય ભાવ મળી રહે તે હેતુથી સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો ઊભા કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે રાજ્ય કક્ષાએથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે રાજ્યવ્યાપી વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લુણાવાડા સેવા સદન સ્થિત વીડિયો કોન્ફરન્સ હોલ ખાતે ઉપસ્થિત મહાનુભાવો અને અધિકારીઓએ આ રાજ્ય કક્ષાના કાર્યક્રમને વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળ્યો હતો.આ રાજ્યવ્યાપી પહેલ અંતર્ગત મહીસાગર જિલ્લામાં બે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ ખેડૂત તાલીમ કેન્દ્ર, વડધરી રોડ, લુણાવાડા ખાતે રાજ્યસભા સાંસદશ્રી જશવંતસિંહ પરમારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કલ્પનાબેન પુવાર તેમજ જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત, તાલુકા કક્ષાએ સંતરામપુર ખાતે ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષસ્થાને લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમોમાં જિલ્લાભરમાંથી પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રાકૃતિક કૃષિ પેદાશોનું પ્રદર્શન તેમજ વેચાણ કરવામાં આવ્યું હતું. આ વેચાણ કેન્દ્રો 'ખેડૂતથી ગ્રાહક સુધી'ની સીધી વેચાણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવશે અને વચેટીયાઓ મુક્ત સીધા બજારથી ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર થશે તેમજ શહેરી અને ગ્રામ્ય નાગરિકોને ઉત્તમ સ્વાસ્થ્યવર્ધક પેદાશો સરળતાથી મળશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે.

**મિથુન : ક. છ. ઘ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.

**કન્યા : પ. ઠ. ણ.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કૅન્ડલ લાઈટ ડીનર માણો.

**તુલા : ર. ત.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

**મકર : ખ. જ.**

તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

## હિજરત

### ચોમાસાની ખેંચ વચ્ચે પશુપાલકો પર આભ તૂટ્યું, લીલા-સૂકા ઘાસચારાના ભાવ વધ્યા, માલધારી હિજરત કરવા મજબૂર



બનાસકાંઠા : ગુજરાતમાં વરસાદની અછતને કારણે પશુપાલકોની હાલત કફોડી બની છે. બનાસકાંઠા, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા વિસ્તારોમાં ઘાસચારાની ભારે તંગી સર્જાઈ છે, જેના ભાવ 2-3 ગણા વધ્યા છે. લીલી જુવાર 60-65 થી 150 અને સૂકું ઘાસ 500 થી 700-750 પ્રતિ મણ થયું છે. પશુઓ માટે ચારો મોંઘો બનતા માલધારીઓ સામૂહિક સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. દૂધ ઉત્પાદન ઘટતા ડેરી ઉદ્યોગ પર અસર થઈ છે, અને દૂધના ભાવ વધવાની શક્યતા છે. ચાલુ વર્ષે વરસાદની ભારે અછતને કારણે ગ્રામીણ અર્થતંત્રના કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાય પર સંકટ આવી પડ્યું છે. વરસાદના અભાવે સીમમાં ઘાસચારો ઉગ્યો નથી પરિણામે લીલા અને સૂકા ઘાસચારાની ભારે તંગી સર્જાઈ છે. અછતને લીધે ઘાસચારાના ભાવમાં બે ગણાથી ત્રણ ગણો તોતિંગ વધારો ઝીંકાયો છે. પરિણામે માલધારીઓ માટે દૂધાળા પશુઓનું પાલન કરવું આર્થિક રીતે મુશ્કેલ બન્યું છે. આ જોતાં પશુઓ સાથે સામૂહિક સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.પશુઓ માટે અત્યાર સુધી સસ્તો અને પૌષ્ટિક ગણાતો લીલો ચારો હવે મોંઘા ભાવે વેચાઈ રહ્યો છે. અત્યાર સુધી પશુપાલકો લીલી શેરડી 60 થી 65 રૂપિયા પ્રતિ મણ ખરીદતાં હતાં. હવે તેનો ભાવ અત્યારે 150 રૂપિયા પર પહોંચી ગયો છે. પશુઓના પ્રિય ખોરાક ગણાતી લીલી જુવારનો ભાવ 60-70 રૂપિયાથી વધીને 150થી 175 રૂપિયા થઈ ગયો છે. દ્વારકા સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં તો ઊંચી કિંમત ચૂકવવા છતાં પશુપાલકોને પૂરતો ચારો મળી રહ્યો નથી. માત્ર લીલો જ નહીં, સૂકો ઘાસચારો પણ મોંઘો થયો છે.

### એસ ટી તંત્ર ના સત્તાધીશો અને ગોધરા સ્થિત કચેરી ના સત્તાધીશો ઘોર નિદ્રા

# લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમય થી પડેલા જોખમી ખાડાઓ અકસ્માતને નિમંત્રણ

| જગદીશ ત્રિવેદી મહીસાગર

મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી મસ મોટા તોતિંગ ખાડાઓ દ્રષ્ટિગોચર થઈ રહ્યા છે તેમ છતાં પણ લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો અને ગોધરા એસટી ડિવિઝનના ઉચ્ચ પદાધિકારીઓના પેટનું પાણી પણ હાલતું હોય તેવું જણાતું નથી જેના કારણે દિવસભર અસંખ્ય મુસાફરોને આ જોખમી ખાડાઓમાંથી પસાર થવું પડી રહ્યું છે. દિવસભર અસંખ્ય એસટી બસોની અવરજવર આ એસટી સ્ટેન્ડ ની અંદરથી થતી હોય છે . એસટી બસોની અવરજવરથી લુણાવાડાનુ એસટી સ્ટેન્ડ સતત ધમધમ તું રહેવા પામતું હોય છે, જ્યારે બીજી બાજુ મહીસાગર જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારોની મુસાફર જનતા પણ પોતાના નાના-મોટા કામો માટે એસટી બસો મારફતે લુણાવાડા ખાતે અવર-જવર કરતી હોય છે ત્યારે લુણાવાડાના એસટી સ્ટેન્ડમાં છેલ્લા કેટલાય સમયથી સ્ટેન્ડની બિલકુલ મધ્યમાં જ મસમોટા તો તોતિંગ અને જોખમી ખાડાઓ જાણે કે કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માતને



નિમંત્રણ આપતા હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે ત્યારે આ જોખમી ખાડાઓમાંથી દિવસભર અસંખ્ય એસટી બસો, ખાનગી નાના મોટા વાહનો ધડાકાભેર ખાડાની અંદર ટકરાઈને પસાર થતાં જોવા મળી રહ્યા છે જ્યારે બીજી બાજુ આ એસટી સ્ટેન્ડના મધ્યમાં પડેલા જોખમી ખાડાઓમાંથી પસાર થતી એસટી બસોનો બોનેટનો આગળનો ભાગ પણ ઘણીવાર ખાડામાં પડવાથી જમીન સાથે ટકરાતો હોવાના દ્રશ્યો પણ જોવા મળતા હોય છે. વાહનો માટે તેમજ મુસાફર જનતા માટે એસ ટી સ્ટેન્ડ માં પડેલ આ જોખમી ખાડાઓ બાબતે લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો જાણે કે બિલકુલ અજાણ હોય તેમ આંખ આડા કાન કરીને મીઠી નીંદર માણી રહ્યા હોવાનું દેખાઈ રહ્યું છે . "સમાચારો પ્રસારિત થતા લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશો દ્વારા એવા પણ જવાબ આપવામાં આવતા હોય છે કે "અમારી જાણમાં છે કે તમારી પાસે અમારા ઉચ્ચ અધિકારીઓના નંબરો છે" તો તમે તેમને પણ આ ખાડાઓ બાબતે રજૂઆત કરી શકો છો"ત્યારે જો મુસાફર જનતા આ ખાડાઓને પુરાવાની જવાબદારી લેતી હોય તો એસટી ડેપોના વહીવટ ની અંદર સત્તાધીશોને શા માટે બેસાડવા પડતા હોય ? તેવો પ્રશ્ન પણ મુસાફર જનતા એસ.ટી ડેપોના સત્તાધીશોને પૂછી રહી છે.. વરસાદ ચાલુ હોય ત્યારે આ તોતિંગ ખાડાઓમાં પાણી ભરાઈ જતું હોવાથી વયોવૃદ્ધ કે નાના ભૂલકાઓને આવા જોખમી ખાડાઓનો અંદાજ આવી શકતો નથી જેના કારણે આવા જોખમી ખાડાઓમાં પડી જવાથી પડવા વાગવાનો ભય સતત સતાવી રહ્યો છે જ્યારે બીજી બાજુ આવા જોખમી ખાડાઓમાંથી એસટી બસો પસાર થતી હોવાથી એસટી બસોને પણ નુકસાન થવાની દહેશત સેવાઈ રહેવા પામી રહી છે.

### સંખેડાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના બે વિદ્યાર્થીઓએ મેડલ જીતી કોલેજનું નામ રોશન કર્યું છે. આદિત્ય ચૌહાણે ગોલ્ડ અને ક્રિશ બારીયાએ સિલ્વર મેડલ મેળવ્યો




| કમલેશ પટેલ. સંખેડા

પ્રા. વી.એન. ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ, ચૌહાણ આદિત્ય યોગેન્દ્રભાઈએ 66 કિલોગ્રામ વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો. જ્યારે બારીયા ક્રિશ મહેન્દ્રભાઈએ 81 કિલોગ્રામ વર્ગમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.બંને વિજેતા ખેલાડીઓને યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરિભાઈ કાતરીયાના હસ્તે મેડલ એનાયત કરાયા હતા. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય અને સ્ટાફ પરિવારે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક પ્રા. વી.એન. ગામીતને અભિનંદન પાઠવ્યા.

## જામનગરમાં ખાનગી શિપિંગ કંપનીમાં નોકરીમાંથી છૂટા કરવાના મુદ્દે સુપરવાઇઝર પર હુમલો

જામનગર : જામનગરના શ્રીજી શિપિંગ નજીક આવેલી ઓફિસમાં ઘૂસી એક શખ્સે સુપરવાઈઝરને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ દરમિયાન સુપરવાઈઝરના ખિસ્સામાંથી રૂ.1,200 કાઢી લઈ જવાની પણ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ કંપનીમાંથી એક અઠવાડિયા અગાઉ 23 ડ્રાઈવરોને નોકરીમાંથી છૂટા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમાં આરોપી અજીમ સુમારીયાનું નામ હોવાથી તેણે આ બાબતનો ખાર રાખ્યો હતો. અગાઉ બે દિવસ પહેલાં તેણે ફરિયાદીને મા-બહેન સામે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.તા.2 ઓક્ટોબરે અજીમ સુમારીયા ફરિયાદીની ઓફિસે આવ્યો હતો અને ફરિયાદીના જમણા કાન પર જોરથી ઝાપટ મારી ઈજા કરી હતી. ત્યારબાદ ઝપાઝપી દરમિયાન ફરિયાદીના ખિસ્સામાંથી રૂ.1,200 કાઢી લઈ ભાગી ગયો હોવાની ફરિયાદ સીટી-બી ડિવિઝન પોલીસમાં નોંધાઈ છે. જામનગરમાં શ્રીજી શિપિંગ નજીક આવેલી ઓફિસમાં અજીમ સુમારીયા નામના શખ્સે સુપરવાઈઝરને માર મારી, ખિસ્સામાંથી 1,200 રૂપિયા કાઢી લીધા હતા. 23 ડ્રાઈવરોને નોકરીમાંથી છૂટા કરવાના મામલે ખાર રાખી આ હુમલો કરાયો હતો. અગાઉ પણ ધમકી આપી હતી. સીટી-બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં દમણગંગા નદીમાં ન્હાવા પડેલો તરૂણ ડુબી જતા મોત : બે મિત્રો ગભરાયને ભાગી ગયા હતા

વાપી : વાપીના હરિયાપાર્કની પાછળથી પસાર થતી દમણગંગા નદીમાં નહાવા પડેલા ત્રણ તરૂણ પૈકી એક ડુબી ગયો હતો. જો કે બે મિત્રો ગભરાયને ભાગી ગયા હતા. બનાવની જાણ થયા બાદ પોલીસ પહોંચી લાશ્કરો શોધખોળ શરૂ કરી હતી. આજે શનિવારે સવારે તરૂણની લાશ બહાર કાઢી હતી. પ્રાપ્ત માહિતિ અનુસાર વાપીના ડુંગરા ખાતે આઝાદનગરમાં દિપક વિશ્વકર્મા પરિવાર સાથે રહે છે. ગઈકાલે શુક્રવારે દિપકનો પુત્ર આદર્શ (ઉ.વ.13) બે મિત્રો સાથે ગઈકાલે ઘરેથી નીકળ્યા હતા. ત્રણેય મિત્રો હરિયાપાર્ક વિસ્તારમાંથી પસાર થતી દમણગંગા નદી કિનારે ગયા હતા. બાદમાં ત્રણેય ન્હાવા પડ્યા હતા. તે વેળા આદર્શ વિશ્વકર્મા તણાઈને ડુબી ગયો હતો. જો કે બે



મિત્રો ગભરાયને જતા રહ્યા હતા. આદર્શ ગાયબ થતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. બે મિત્રોની પુછપરછ કરતા જાણકારી મળતા પોલીસને જાણ કરી હતી. પોલીસ અને લાશ્કરો નદી કિનારે પહોંચી શોધખોળ આદરી હતી. અંધારુ થતા કામગીરી અટકી પડી હતી. આજે સવારે શોધખોળ કરતા આદર્શની લાશ બહાર કાઢી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો હતો. આદર્શના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

### "વૃક્ષારોપણ બાદ બે વર્ષ સુધી તેની માવજત કરો "

## રાજપીપળામાં 'પ્રાંત અધિકારી પ્રસન્નજીત કૌર અને બેંક ઓફ બરોડાના અધિકારીઓની ઉપસ્થિતિમાં RSETI ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ

રાજપીપલા : મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતિ અને 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાન અંતર્ગત, બેંક ઓફ બરોડા દ્વારા "એકજુટ પ્રયાસ, પ્રભાવી બદલાવ" થીમ અન્વયે પર્યાવરણ જાગૃતિ અને સ્વચ્છતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી રાજપીપળા ખાતે આવેલી બરોડા સ્વરોજગાર વિકાસ યોજના RSETI સંસ્થામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ IAS અધિકારી પ્રસન્નજીત કૌર ના અતિથિ વિશેષપદે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં પોતાના વક્તવ્યમાં પર્યાવરણનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, "માનવી ખોરાક વિના ૬૦ દિવસ જીવી શકે છે, પરંતુ ઓક્સિજન વિના તે માત્ર ૩ મિનિટ જ જીવી શકે છે." આ સચોટ ઉદાહરણ દ્વારા તેમણે વર્તમાન પરિસ્થિતિમાં વૃક્ષારોપણની તાતી જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે ઉપસ્થિત લોકોને માત્ર વૃક્ષો વાવવાની જ નહીં, પરંતુ વૃક્ષો ખરા અર્થમાં પર્યાવરણને ઉપયોગી બની શકે તે માટે વાવેલા વૃક્ષોની ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી માવજત કરવાની પણ અપીલ કરી હતી.કાર્યક્રમમાં ઉપસ્થિત બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર અને ઝોનલ હેડ વિનય કુમાર રાઠીએ ગાંધીજીના સ્વચ્છતાના આદર્શોને યાદ કરતા




કહ્યું કે, "ગાંધીજીના ૧૫૭ વર્ષ પછી પણ આપણે તેમના સ્વચ્છતાના મંત્રને લઈને આગળ વધી રહ્યા છીએ. જો આપણે કચરો ગમે ત્યાં ફેંકવાની આદત છોડી દઈશું, તો ભવિષ્યમાં આવી સ્વચ્છતા ડ્રાઈવ ચલાવવાની જરૂર જ નહીં પડે." વધુમાં તેમણે આગામી સમયમાં બેંક ઓફ બરોડા વતી રાજપીપળામાં વેસ્ટ મેનેજમેન્ટની પ્રક્રિયામાં જોડાવા માટે સંપૂર્ણ તૈયારી અને કટિબદ્ધતા પણ દર્શાવી હતી. સ્વચ્છતાહી સેવા અંતર્ગત ગાંધીજીના ૧૫૭માં જન્મદિવસ નિમિત્તે ૧૫૭ વૃક્ષારોપણ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા RSETI ના નિર્માણાધિન કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો સ્વચ્છતા જાળવવા, વૃક્ષારોપણ કરવા અને પર્યાવરણનું સંરક્ષણ કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.આ ઉપરાંત, RSETI અંતર્ગત તાલીમ લઈને સ્વરોજગાર મેળવવાની દિશામાં આગળ વધી રહેલા તાલીમાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પીપળશટથી અરીઠા સુધીના રોડનું ખાતમુહૂર્ત કર્યું







| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકામાં વિકાસના નવા કામની શરૂઆત થઈ છે. ધારાસભ્ય અભેસિંહ તડવીએ પીપળશટથી અરીઠા સુધીના 1 કિલોમીટર રોડનું ખાતમુહૂર્ત કર્યું. આ રોડ બનવાથી ગ્રામ વિકાસને વેગ મળશે.આ ખાતમુહૂર્તમાં સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી, અર્જુન વસાવા, ગુંડીચા તાલુકા પંચાયત સદસ્ય દિનેશભાઈ રોહિત, સંખેડા તાલુકા ભાજપના મહામંત્રી શૈલેષ વસાવા, અતુલ પટેલ, યુવા મોરચા સંખેડા તાલુકા ભાજપના ઉપપ્રમુખ હરેશ રબારી અને યશ પંચાલ હાજર રહ્યા હતા. તેમની સાથે સરપંચો, આગેવાનો, કાર્યકર્તાઓ અને ઘણા ગ્રામજનો પણ જોડાયા હતા.ધારાસભ્યએ કહ્યું કે, રસ્તો માત્ર જોડાણ નથી, પણ વિકાસ અને સુવિધા લાવે છે. આ રોડ બનવાથી પીપળશટ અને અરીઠા ગામના લોકોને આવવા-જવામાં સરળતા રહેશે. ખેડૂતોને પણ તેનો મોટો લાભ મળશે.ગ્રામજનોએ આ રોડ મંજૂર કરવા બદલ ધારાસભ્ય અને તંત્રનો આભાર માન્યો.

### ચાણસ્મા તાલુકાના કારોબારી સભા પ્રમુખ સ્થાન સર્વાનુમતે પસાર કરવામાં આવી



ચાણસ્મા : આજરોજ ચાણસ્મા તાલુકાના નિવૃત્ત પ્રા.શિ.ની ના.ધિ. સ.મંડળી ની કારોબારી સભા આજના અધ્યક્ષ શ્રી ગુણવંતભાઈ એ.દવે ના સાનિધ્યમાં મળી તેમાં સોમાભાઈ દેસાઈ,પેન્શર મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ,મંત્રી ચુનીલાલ યોગી,લાલસીહભાઈ પરમાર,તુલસીભાઈ પટેલ,મણિલાલ પટેલ,રામભાઈ સથવારા,અરજણ ભાઈ રાવળ, સોમાભાઈ પટેલ વગેરેની હાજરીમાં રુટિંગ ઠરાવો સપ્ટે.26 નું ખર્ચ વંચાણે લેવામાં આવ્યું અને બે ધિરાણ અરજી મંજુર કરવામાં આવી જે પ્રમુખ સ્થાને થી સર્વાનુમતે પસાર કરવામાં આવી.

# 'સવર્ણો આદિવાસીઓની જેમ રહી જુએ, મેલુ ઉપાડવાની નોકરી આપુ', : શંકરસિંહ

(એજન્સી) નર્મદા | તા.03

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલની જમીનના ખેડાણ મુદ્દે ખેડૂતો અને વન વિભાગ વચ્ચે ચાલી રહેલો વિવાદ ફરી વકર્યો છે. આ વિવાદ સંદર્ભે ગાંધી જયંતી (બીજી ઓક્ટોબર)ના રોજ સાગબારાના ખોપી ગામે એક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડા, પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષાર ચૌધરી, વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ તથા બીટીપીના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા સહિતના અગ્રણી રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ એક ચર્ચાસ્પદ નિવેદન આપ્યું હતું. સભાને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'હું ઘણાં લોકોને કહું છું કે જો મેલું ઉપાડવાની નોકરી કરવી હોય - પછી ભલે તમે વાણિયા, બ્રાહ્મણ કે પટેલ ગમે તે હોવ, મેલું ઉપાડવા બદલ મહિને 50 હજાર રૂપિયા હું તમને આપીશ. તમે આ લોકોનું મેલું ઉપાડો અને તેઓ જે હાલતમાં રહે છે તે હાલતમાં રહી જુઓ, ત્યારે ખબર પડશે કે તેઓ કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. વીજળી નથી, પાણી નથી, કશું જ નથી. અહિયાં વર્ષોથી તેમનો હક અને અનામત છે. SC, ST અને OBC મળીને 70 ટકા છો. તમે જ ગુજરાતના સાચા માલિક છો.' તેમણે ઉમેર્યું હતું કે, માત્ર આંદોલનો કરીને સમય વેડફવાને બદલે હવે શાસન અને સરકાર બદલવાની દિશામાં વિચારવાનો સમય આવી ગયો છે.પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આદિવાસીઓને સંબોધતાં જણાવ્યું કે, 'જંગલ જમીનના સાચા માલિક આદિવાસીઓ છે અને સરકાર તથા વન વિભાગ માત્ર વ્યવસ્થાનો ભાગ છે.' તેમણે આંદોલનના માર્ગે સમય વેડફવાને બદલે સરકારને બદલવાની વાત કરી હતી.

### ધારાસભ્યની ઉપસ્થિતિમાં ૪૬ લાભાર્થીઓને સાધનોનું વિતરણ કરાયું

# રાજપીપલા માં વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ





રાજપીપલા : રાજ્ય સરકારના સેવા મેરા યોગદાન અભિયાન અંતર્ગત જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા દિવ્યાંગજનો સહિત લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને વિવિધ સહાયક સાધનોનું વિતરણ કરવાની સાથે વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગ સાધન સહાય યોજના અંતર્ગત કુલ ૪૬ લાભાર્થીઓને તેમની જરૂરિયાત અનુસાર વિવિધ રાહતલક્ષી અને સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દિવ્યાંગ લગ્ન સહાય યોજના, એસ ટી બસ પાસ યોજના, વિવિધ પેન્શન સહાય યોજનાઓ તથા પાલક માતા-પિતા યોજનાના લાભાર્થીઓને સહાય મંજૂરીપત્રો એનાયત કરી લાભાન્વિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્યડૉ. દર્શના દેશમુખે દિવ્યાંગજનો અને જરૂરિયાતમંદ નાગરિકો સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડવાના પ્રયાસોના મહત્વને ઉજાગર કર્યું હતું. સમાજના દરેક જરૂરિયાતમંદ વ્યક્તિને સહાય, સુરક્ષા અને સન્માન સાથે જીવન જીવવાની તક મળે તે માટે આવી યોજનાઓ મહત્વપૂર્ણ બની રહે છે. સરકારની લોકકલ્યાણલક્ષી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચે તે દિશામાં આવા કાર્યક્રમો ઉપયોગી સાબિત થાય છે.

કાર્યક્રમમાં બાળ આયોગનાં પૂર્વ અધ્યક્ષ ભારતીબેન તડવી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શીતલબેન સોલંકી સહિત સમાજ સુરક્ષા કચેરી, બાળ સુરક્ષા કચેરી તથા સંબંધિત સંસ્થાઓના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાડા અધિનિયમ-2026ના વિરોધમાં વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા રહ્યા

(એજન્સી) જામનગર | તા.03

ગુજરાત ભાડા અધિનિયમ-2026 વિધાનસભામાં પસાર કરવામાં આવ્યા બાદ તેના કેટલાક મુદ્દાઓ સામે સમગ્ર રાજ્યના વકીલ મંડળોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. આ રાજ્યવ્યાપી વિરોધના ભાગરૂપે આજે શનિવારે જામનગરના વકીલોએ પણ એક દિવસ માટે કોર્ટની ન્યાયિક કાર્યવાહીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. નવા કાયદા હેઠળ અત્યાર સુધી કોર્ટ પાસે રહેલી કેટલીક સત્તાઓ ફિક્સિંગ ઓથોરિટી તેમજ રેન્ટ ટ્રિબ્યુનલને સોંપવાની અને તે અંગે નવી નિમણૂકો કરવાની જોગવાઈ કરવામાં આવી હોવાનો વકીલ મંડળ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ જોગવાઈઓને લઈને જામનગર સહિત રાજ્યભરના વકીલ મંડળો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.આ અગાઉ જામનગરના વકીલ મંડળ દ્વારા અન્ય વકીલ મંડળો સાથે રહી જામનગર જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવી આ મુદ્દે રજૂઆત પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રાજ્યવ્યાપી વિરોધના ભાગરૂપે આજે જામનગર બાર એસોસિએશનના વકીલો ન્યાયિક કામગીરીથી સંપૂર્ણપણે અળગા રહ્યા હતા. જામનગર બાર એસોસિએશનના પ્રમુખ ભરત એસ.સુવા તથા સેક્રેટરી મનોજ ઝવેરીના માર્ગદર્શન હેઠળ જામનગર કોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલોએ કોર્ટ કાર્યવાહીમાં ભાગ ન લઈને વિરોધ નોંધાવ્યો હતો. વકીલ મંડળ દ્વારા જણાવાયું હતું કે ભાડા અધિનિયમ-2026ની વિરોધાત્મક જોગવાઈઓ અંગે રાજ્યના વકીલોની રજૂઆતોને ધ્યાને લેવામાં આવે તેવી માંગ સાથે આ વિરોધ કરવામાં આવ્યો છે. જામનગરના વકીલ મંડળે રાજ્યના અન્ય વકીલ મંડળોના સમર્થનમાં જોડાઈ આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી નવા કાયદાની જોગવાઈઓ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

UPI ચાર્જ અંગે વધતો રોષ : વન નેશન વન ટેક્સની વાત કરનારાઓ હવે ટેક્સ ઉપર પણ ટેક્સ લગાડી રહ્યા છે

# હોલસેલરના 30000 ના પેમેન્ટમાં 450 નફામાંથી 120 રૂ. તો ટેક્સમાં જતા રહેશે

(એજન્સી) અમદાવાદ | તા 03




અમદાવાદના વેપારીઓ UPI ચાર્જિસનો વિરોધ કરી રહ્યા છે. FMCG વેપારીઓને 30,000 રૂપિયાના UPI પેમેન્ટ પર 450 રૂપિયા માર્જિન મળે છે, જેમાંથી 120 રૂપિયા GST કપાઈ જતાં નફો ઘટી 330 રૂપિયા થાય છે. 0.4% ટેક્સ લાગુ થતા, વેપારીઓ રોકડ વ્યવહાર તરફ વળવાની ફરજ પડશે, જેનાથી ડિજિટલ ઈન્ડિયાને ફટકો પડશે. ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG)ના વેપારીઓ દોઢ ટકાના માર્જિનમાં ધંધો કરતાં હોવાથી તેને 30 હજાર રૂપિયાના યુપીઆઈના પેમેન્ટ પર 450 રૂપિયા માર્જિન મળે છે. આ માર્જિનમાંથી 30 હજાર રૂપિયાના પેમેન્ટ ઉપર 0.4 ટકાના દરે 450 રૂપિયાના નફામાંથી 120 રૂપિયા જીએસટી પેટે કપાઈ જાય તો વેપારીના નફો ઘટીને 330 રૂપિયા થઈ જતો હોવાથી તેઓ યુપીઆઈથી ટ્રાન્ઝેક્શન કરવાનું બંધ કરી દેવાનું પસંદ કરશે. બીજીતરફ શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠનના વેપારીઓ કહે છે કે સરકારે વન નેશન વન ટેક્સની કરેલી વાત સાવ જ પોકળ છે.

આજે યુપીઆઈથી કરવામાં આવતા પેમેન્ટની રકમમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની રકમ પણ આવી જ જાય છે. તેમ છતાં તે કુલ પેમેન્ટ પર 0.4 ટકાના દરે ટેક્સ ચાર્જ કરીને જીએસટીની રકમને પણ ફરીથી વેરાને પાત્ર બનાવી દઈને ટક્સ ઉપર ટેક્સ નાખવાની સમસ્યા ઊભી કરી દીધી છે. યુપીઆઈના માધ્યમથી 75000 રૂપિયાનું પેમેન્ટ કરે ત્યારે મહત્તમ 3000 રૂપિયાનો મહત્તમ ટેક્સ ભરવાનો આવે છે. પરંતુ આ નાનો ટેક્સ એફએમસીજીના હોલસેલર્સના 33 ટકા માર્જિન ચાઉં કરી જાય છે. નો પેમેન્ટ ડેના દિવસે જે વેપારીઓનો વિરોધ બુલંદ બનવા માંડ્યો છે.એફએમસીજીના હોલસેલર્સનું કહેવું છે કે એફએમસીજીના હોલસેલર્સ માત્ર 5 ટકાના ગ્રોસ નફા પર કામ કરી રહ્યા છે. તેમાંથી ત્રણથી સાડા ત્રણ ટકા પગાર અને ડિલીવરીનો ખર્ચ આવે છે. આ ખર્ચને બાદ કરતાં વેપારીઓ પાસે દોઢ ટકો રકમ બચશે. યુપીઆઈના માધ્યમથી તેનું પેમેન્ટ થાય તો તેના પેમેન્ટ માટે પેમેન્ટની કુલ રકમમાંથી 0.4 ટકાના દરે ગણતરી માંડીએ તો 450 રૂપિયાના નફામાંથી જીએસટીના 120 રૂપિયા કપાઈ જશે. હોલસેલરનો નફો ઘટીને 330 રૂપિયા થઈ જશે. વેપારી પાસે પોતાનું ગોદામ હોય તો જ આ રકમ ચોખ્ખા નફા તરીકે બચે છે. પરંતુ તે હોલસેલર પાસે પોતાની માલિકીનું ગોદામ ન હોય અને તે ભાડે લઈને ચલાવતા હોય તો તે હોલસેલરનો નફો ઓર તૂટી જાય છે. આ સ્થિતિમાં વેપારીએ ગાંઠના ગોપીચંદ કરવા પડી શકે છે.

આજે પાણીપૂરીના વેપાર કરનારાની 10 હજાર રૂપિયાની દૈનિક આવક હોય તો તેવા સંજોગોમાં સરકારને તેની પાસેથી વેરાની આવક થવાની સંભાવના ઊભી થાય છે. સરકારને તેના વેપારીની આવકનો ચોખ્ખો અંદાજ આપી શકાય છે. આમ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરનારાઓનો તમામ રેકોર્ડ સરકાર પાસે પહોંચતો હોવાથી તેની પાસેથી ભવિષ્યમાં ઈનકમટેક્સની આવક થવાની પણ સંભાવના વધી જતી હતી. સરકાર યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ટેક્સ લગાડી દીધો હોવાથી આ વેપારીઓ ડિજિટલ પેમેન્ટ લેવાને બદલ રોકડેથી પૈસા લઈને વેપાર કરવાનું પસંદ કરશે. છેલ્લા પાંચ વર્ષમાં રોકડનો વહેવાર ખાસો ઓછો થયો હતો. પરંતુ સરકારે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ ચાલુ કરી દઈને વેપારીઓને ફરીથી રોકડના વહેવારો કરવાની ફરજ પાડી છે. ડિજિટલ પેમેન્ટ લેનારાઓનો રેકોર્ડ કાઢવામાં આવે તો તેમની સાચી આવક કેટલી છે તેનો અંદાજ આવી શકે છે. પરંતુ હવે લોકો ફરીથી રોકડના વહેવાર કરશે.

## ભારતના ફોરેક્સ રિઝર્વમાં 33.22 અબજ ડોલરનો ઘટાડો નોંધાયો

મુંબઈ : ભારતના ફોરેક્સ રિઝર્વમાં એક અઠવાડિયામાં ૧૮.૩૪ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો છે. ૨૫ સપ્ટેમ્બરે પૂરા થયેલા અઠવાડિયામાં દેશનું વિદેશી મુદ્રા ભંડાર ઘટીને ૭૪૭.૫૬ અબજ ડોલર થયું છે. આરબીઆઈ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, અગાઉના અઠવાડિયામાં પણ ફોરેક્સ રિઝર્વમાં ૧૪.૮૮ અબજ ડોલરનો ઘટાડો થયો હતો. બે અઠવાડિયામાં કુલ ૩૩.૨૨ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો છે. આંકડા મુજબ, ૨૫ સપ્ટેમ્બરના અઠવાડિયામાં ફોરેન કરન્સી એસેટ્સ ૧૫.૫૭ અબજ ડોલર ઘટીને ૬૧૫.૪૧ અબજ ડોલર થઈ હતી. એફસીઆર ભારતના ફોરેક્સ રિઝર્વનો સૌથી મોટો હિસ્સો છે. તેમાં, ડોલર, યુરો, પાઉન્ડ અને યેન જેવી અન્ય કરન્સીની એસેટ્સનો સમાવેશ થાય છે. દેશના ગોલ્ડ રિઝર્વમાં પણ ૨.૫૯ અબજનો ઘટાડો નોંધાયો હતો. ગોલ્ડ રિઝર્વ ઘટીને ૧૦૮.૭૦ અબજ ડોલર થયું હતું. આ ઉપરાંત ભારતના એસડીઆર હોલ્ડિંગમાં ૯૭ મિલિયન ડોલર અને આઈએમએફમાં રિઝર્વ પોઝિશનમાં ૮૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. ૧૮ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં ફોરેક્સ રિઝર્વ ૧૪.૮૮ અબજ ડોલર ઘટીને ૭૬૫.૯૦ અબજ થયું હતું.

# News Brief

## વેલોરા એડવાઈઝર્સે ભારતના રત્ન અને ઝવેરાત ઉદ્યોગ માટે IPO-કેન્દ્રિત સલાહકાર પ્લેટફોર્મ શરૂ કર્યું

નવી દિલ્હી: દેશના ઉત્પાદન, વેપાર, છૂટક અને નિકાસ ઈકોસિસ્ટમનો એક મહત્વપૂર્ણ ભાગ ભારતનો રત્ન અને ઝવેરાત ઉદ્યોગ સંગઠિત અને વ્યાવસાયિક રીતે સંચાલિત વ્યવસાયો તરફ ધીમે ધીમે સ્થળાંતર થઈ રહ્યો છે. ઘણાં સાહસો તેમની ઉત્પાદન ક્ષમતાઓ, છૂટક નેટવર્કસ, બ્રાન્ડ્સ અને બજાર હાજરીનો વિસ્તાર કરી રહ્યા છે, મજબૂત નાણાકીય પ્રણાલીઓ, શાસન, પાલન અને સંસ્થાકીય વ્યવસ્થાપનની જરૂરિયાત વધુ ને વધુ મહત્ત્વપૂર્ણ બની રહી છે.આ બદલાતા વ્યાવસાયિક વાતાવરણને ઓળખીને વેલોરા એડવાઈઝર્સે રત્ન અને




ઝવેરાત ઉત્પાદકો અને છૂટક વેપારીઓ માટે તેમની વ્યવસાય તૈયારીનું મૂલ્યાંકન કરવા, સંગઠનાત્મક ક્ષમતાઓને મજબૂત કરવા અને સંભવિત પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) તકો તરફ વ્યવસ્થિત રીતે કાર્ય કરવા માટે એક વિશિષ્ટ વ્યૂહાત્મક સલાહકાર પ્લેટફોર્મ શરૂ કર્યું છે.વેલોરા એડવાઈઝર્સ ટીમમાં ગોવિંદ વર્મા સ્થાપક અને મુખ્ય માર્ગદર્શક રહેશે; સંજય શાહ સલાહકાર છે; મોહન લાલવાણી કાનૂની સલાહકાર; કલ્પેશ દવે સલાહકાર; અને ચિંતન શાહ ચીફ એનાલિટિક્સ તરીકે કામ કરશે.'ASSESS, PREPARE. ACHIEVE'ની ફિલસૂફીની આસપાસ રચાયેલી આ પહેલ ઉદ્યોગ સાહસિકોને મૂડી-બજાર વ્યવહાર પર વિચાર કરતાં પહેલાં ઉચ્ચ સ્તર અને વ્યાવસાયિક રીતે સંરચિત વ્યવસાયો બનાવવામાં મદદ કરવા માટે રચાઈ છે.આ ક્ષેત્ર પરંપરાગત રીતે કુટુંબ- માલિકી અને ઉદ્યોગ સાહસિક- નેતૃત્વ ધરાવતાં સાહસો દ્વારા સંચાલિત રહ્યું છે, જે કારીગરી, ગ્રાહક સંબંધો, ઉત્પાદન કુશળતા અને બજાર જ્ઞાન દ્વારા પેઢીઓથી વિકસ્યા છે. આમાંના ઘણા વ્યવસાયોએ મજબૂત બ્રાન્ડ્સ, વ્યાપક વિતરણ નેટવર્ક્સ અને નોંધપાત્ર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કામગીરી વિકસાવ્યા છે.જોકે સફળ ખાનગી રીતે સંચાલિત સાહસમાંથી સંસ્થાકીય રીતે સંરચિત સંગઠનમાં સંક્રમણ માટે વધુ નાણાકીય શિસ્ત, પારદર્શક રિપોર્ટિંગ, અસરકારક શાસન, નિયમનકારી પાલન, દસ્તાવેજીકરણ અને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત વ્યવસ્થાપન પ્રણાલીઓની જરૂર છે.વેલોરા એડવાઈઝર્સના સ્થાપક અને મુખ્ય માર્ગદર્શક ગોવિંદ વર્માએ જણાવ્યું હતું કે, 'ભારતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગે ઉદ્યોગ સાહસિકતા, કુશળતા અને પેઢીઓના અનુભવ દ્વારા નોંધપાત્ર વ્યવસાયો બનાવ્યા છે. આ સાહસો તેમના વિકાસના આગલા તબક્કામાં પ્રવેશ કરે છે તેમ વ્યાવસાયિક પ્રણાલીઓ, શાસન અને વ્યૂહાત્મક આયોજન વધુ ને વધુ મહત્વપૂર્ણ બનશે. અમારો ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકોને તેમની વર્તમાન સ્થિતિ સમજવામાં, અંતર ઓળખવામાં અને મજબૂત સંગઠનો બનાવવા માટે વ્યવહારુ રોડમેપ વિકસાવવામાં મદદ કરવાનો છે.

## વિશાલ નિર્મિતિ લિમિટેડનો IPO ૫ ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે

અમદાવાદ : વિશાલ નિર્મિતિ લિમિટેડ ("કંપની") દ્વારા 10 ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેરનો આઈપીઓ બુધવાર, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો . બિડ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, 5 ઓક્ટોબર, 2026 રહેશે. ઓફર માટેનો પ્રાઈસ બેન્ડ 208 પ્રતિ ઈક્વિટી શેરથી 220 પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. દરેક ઈક્વિટી શેરનું ફેસ વેલ્યુ 10 છે. રોકાણકારો ઓછામાં ઓછા 68 ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ 68 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે.આ ઓફરમાં 145.00 કરોડ સુધીનો ફ્રેશ ઈસ્યુ તથા સેલીંગ શેરહોલ્ડર વામન પ્રેસ્ટ્રેસીંગ કંપની પ્રાઈવેટ લીમીટેડ દ્વારા 15,00,000 ઈક્વિટી શેર સુધીનું Offer for Sale સામેલ છે. 208ના ફ્લોર પ્રોઈસ પર ઓએફએસ મૂલ્ય 31.20 કરોડ અને 220ના કેપ પ્રાઈઝ 33.00 કરોડ રહેશે. કેપ પ્રાઈઝ કુલ ઓફર સાઈઝ 178.00 કરોડ રહેશે.કંપની કુલ નેટ પ્રોસીડ્સ 75.00 કરોડનો ઉપયોગ વર્કિંગ કેપીટલ જરૂરિયાતો પૂરી કરવા તથા 19.00 કરોડનો ઉપયોગ ટર્મ લોન ચુકવણી/પૂર્વચુકવણી માટે કરવાની દરખાસ્ત ધરાવે છે.વિશાલ નિર્મિતિ લિમિટેડ એક સિવિલ એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન કંપની છે. કંપની મુખ્યત્વે રેલવે માટે પ્રી સ્ટ્રેસ્ડ કોન્ક્રીટ સ્લીપર્સ તેમજ વિવિધ ઉપયોગ માટે પ્રીકાસ્ટ અને પ્રી સ્ટ્રેસ્ડ કોન્ક્રીટ પ્રોડક્ટ્સ ના ઉત્પાદન અને વેપારના વ્યવસાયમાં કાર્યરત છે.આ ઉપરાંત, કંપની માઈલ્ડ સ્ટીલ પાઈપ્સ, એમએસ લાઈનર્સ અને પંપ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટ્સ માટે પેનસ્ટોક પાઈપ્સ ના ફેબ્રીકેશન અને ઈરેક્શનના કામમાં પણ સંકળાયેલી છે.કંપની રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વિવિધ સિવિલ એન્જિનિયરિંગ, સિંચાઈ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટે એન્જીન્યરીંગ, પ્રોક્યોરમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રક્શન સર્વિસીસ પૂરી પાડે છે.

VNL Vishal Nirmiti Ltd

મેઈનબોર્ડ અને એસએમઈ આઈપીઓએ સંયુક્ત રીતે રૂ. ૧ લાખ કરોડથી વધુ રકમ ઊભી કરી

## IPO દ્વારા ભંડોળ એકત્ર કરવામાં રચાયેલો નવો વિક્રમ

અમદાવાદ : નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ) દ્વારા ભંડોળ એકત્ર કરવાની પ્રક્રિયા નવી ઊંચાઈએ પહોંચી છે. મોટા કદના ઈશ્યૂઓ, મજબૂત સ્થાનિક લિક્વિડિટી (તરલતા) અને અગાઉ મોકૂફ રખાયેલી ઓફરો બજારમાં આવવાને કારણે પ્રાઈમરી માર્કેટમાં તેજી જોવા મળી હતી, જેના પરિણામે કંપનીઓએ રૂ. ૧ લાખ કરોડથી વધુ રકમ એકત્ર કરી છે.મેઈનબોર્ડ અને એસએમઈ આઈપીઓ એ સંયુક્ત રીતે રૂ. ૧ લાખ કરોડથી વધુ રકમ ઊભી કરી છે, જે કોઈપણ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં અત્યાર સુધીનું સૌથી વધુ છે અને FY૨૬ના સમાન સમયગાળાની સરખામણીએ ૩૧% વધુ છે. કંપનીઓ અને શેરધારકોએ OFS રૂટ દ્વારા રૂ. ૬૭,૩૮૨ કરોડ મેળવ્યા હતા. જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ૧૦,૫૩૬ કરોડ હતા.

બજારના નિષ્ણાતોએ આ વિક્રમી ભંડોળ એકત્રીકરણ પાછળ મોટા ઈશ્યૂઓ, મજબૂત એન્કર સહભાગિતા અને માર્ચમાં પશ્ચિમ એશિયા સંઘર્ષ ફાટી નીકળ્યા પછી મોકૂફ રખાયેલા આઈપીઓના બેકલોગનું સંયોજન ગણાવ્યું હતું.

રેકોર્ડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ)ના યોગદાન દ્વારા પીઠબળ ધરાવતી મજબૂત સ્થાનિક લિક્વિડિટીએ નવા ઈશ્યૂઓ માટે મૂડીનો સ્થિર પ્રવાહ પૂરો પાડયો હતો. લિસ્ટિંગના જોરદાર ફાયદા અને મોટા ઈશ્યૂઓએ ભંડોળ એકત્ર કરવાની પ્રક્રિયાને વધુ વેગ આપ્યો હતો.

માર્ચમાં પશ્ચિમ એશિયા સંઘર્ષ શરૂ થયા પછી જે કંપનીઓએ તેમના આઈપીઓ મોકૂફ રાખ્યા હતા, તેમાંથી ઘણી કંપનીઓ ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સેબીની ૩૦ સપ્ટેમ્બરે પૂર્ણ થતી વન-ટાઈમ એક્સટેન્શન છૂટનો લાભ લેવા બજારમાં ધસી આવી હતી.

ઘણા ઈશ્યૂ મુખ્યત્વે ઓફર ફોર સેલ આધારિત હતા, જેમાં વિદેશી રોકાણકારો સહિતના પ્રાઈવેટ ઈક્વિટી રોકાણકારોએ અગાઉ કરેલા રોકાણોને રોકડમાં ફેરવવા (નફો મેળવવા) માટે તેજીવાળા પ્રાઈમરી માર્કેટનો ઉપયોગ કર્યો હતો. ભૌગોલિક-રાજકીય ચિંતાઓને કારણે સમગ્ર ઈક્વિટી માર્કેટ દબાણ હેઠળ હોવા છતાં, મજબૂત લિસ્ટિંગ ગેઈન્સે (નફાએ) આ રેકોર્ડબ્રેક ભંડોળ એકત્રીકરણને ટેકો આપ્યો હતો.

## વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ ભારતને ફૂડ પ્રોસેસિંગ માટે રોકાણ કેન્દ્ર તરીકે રજૂ કરે છે, AI

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શિકાગોની તેમની મુલાકાત દરમિયાન સ્ટાર્ટઅપ્સ અને નવીનતામાં ભારત-યુએસના ઊંડા સહયોગ માટે હાકલ કરતા ભારતના વિસ્તરતા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર, કૃષિ મૂલ્ય શૃંખલાઓનું આધુનિકીકરણ અને મોટા ગ્રાહક બજારને યુએસ કંપનીઓ માટે મુખ્ય રોકાણ તકો તરીકે રજૂ કર્યા છે.તેમના સત્તાવાર X એકાઉન્ટ પર લઈ જતા, ગોયલે યુએસ બિઝનેસ લીડર્સ, સ્ટાર્ટઅપ્સ અને વ્યાવસાયિક જૂથો સાથે શિકાગોમાં શ્રેણીબદ્ધ જોડાણોની વિગતો શેર કરી.મુલાકાત દરમિયાન, ગોયલ આર્ચર ડેનિયલ્સ મિડલેન્ડ (ADM) ના બોર્ડના અધ્યક્ષ અને CEO જુઆન રિકાર્ડો લુસિયાનોને મળ્યા અને કંપની માટે ભારતમાં તેની હાજરી અને રોકાણોને વિસ્તૃત કરવાની તકોની ચર્ચા કરી."આપણા ઝડપથી વિસ્તરતા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર, કૃષિ મૂલ્ય શૃંખલાઓનું આધુનિકીકરણ અને વિશાળ ગ્રાહક આધાર સાથે, ભારત ટકાઉ વિકાસ અને લાંબા ગાળાના સહયોગ માટે પ્રચંડ સંભાવનાઓ પ્રદાન કરે છે," તેમણે કહ્યું.વાણિજ્ય મંત્રીએ શિકાગોમાં યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (USIBC) દ્વારા 'સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન: સ્કેલિંગ આઈડિયાઝ, ઈન્વેસ્ટમેન્ટ અને ગ્રોથ' વિષય પર યોજાયેલી રાઉન્ડ ટેબલમાં મુખ્ય ભાષણ પણ આપ્યું.ગોળમેજમાં, ભારતીય અને યુએસ સ્ટાર્ટઅપ્સને બજારોમાં સ્કેલ કરવામાં મદદ કરવા માટે વેન્ચર ઈન્વેસ્ટમેન્ટ, વ્યાપારીકરણ અને કોર્પોરેટ ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ગોયલે ભારત-યુએસ ઈનોવેશન લિંક્સને વધુ ગાઢ બનાવવા અને ઉચ્ચ-વૃદ્ધિ ધરાવતા સાહસોની આગામી પેઢીને ટેકો આપવાની તકો પણ શોધી કાઢી.તેમની મુલાકાતોના ભાગ રૂપે, ગોયલે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ના શિકાગો, મિશિગન અને ઓહિયો ચેપ્ટર્સના નેતૃત્વ અને સભ્યો સાથે વાતચીત કરી."ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વ્યવસાયોને ક્રોસ-બોર્ડર ટેક્સેશન, નિયમનકારી પાલન અને નાણાકીય શાસનમાં નેવિગેટ કરવામાં મદદ કરીને આ ભાગીદારીને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જ્યારે ભારતીય સાહસોને વૈશ્વિક મૂડી માટે રોકાણ માટે તૈયાર બનાવે છે," ગોયલે તેમની પોસ્ટમાં જણાવ્યું હતું.મંત્રીએ કોગ્નિશનના ચીફ લીગલ અને ગ્લોબલ અફેર્સ ઓફિસર પોલ ગ્રેવાલને અલગથી મળ્યા અને કંપનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોલ્યુશન્સનો લાભ લેવા અને ભારતમાં તેની હાજરીને વધુ ગાઢ બનાવવા અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું.ગોયલે 'એઓન' (Aon) ના સીઈઓ ગ્રેગ કેસ સાથે પણ મુલાકાત કરી અને ભારતમાં કંપનીની કામગીરી તેમજ તેના વધુ વિસ્તરણની તકો અંગે ચર્ચા કરી.

બેંકો માટે વિદેશી વિનિમય સ્થિતિનું સંચાલન કરવું વધુ મુશ્કેલ

## બેંકોને ફોરેક્સ ટ્રેડિંગમાં થયેલું રૂ. ૪,૦૦૦ કરોડનું જંગી નુકસાન

અમદાવાદ : ભારતીય બેંકોને ૨૦૨૬ ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં તેમના વિદેશી વિનિમય (FX) ટ્રેડિંગ બુક પર આશરે ૫૦૦ મિલિયન ડોલર એટલે કે આશરે રૂ. ૪,૦૦૦ કરોડનું માર્ક-ટુ-માર્કેટ નુકસાન થયું છે. ક્રિસિલ કોએલિશન ગ્રીનવિચના સંશોધન મુજબ, આ નુકસાન ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલા નિયમનકારી ફેરફારોને પગલે બેંકોને તેમની વિદેશી વિનિમય સ્થિતિ ઘટાડવાની ફરજ પડી હોવાથી થયું હતું. રિપોર્ટ મુજબ, ૨૭ માર્ચે રિઝર્વ બેંકના નિર્દેશ બાદ બજાર ફેલાવો વધ્યો અને પોઝિશન સામાન્ય થઈ ગઈ, જેના કારણે બેંકોએ આ નુકસાનમાંથી આશરે ૪૦૦ મિલિયન ડોલર વસૂલ કર્યા હતા. આ નિર્દેશ હેઠળ, અધિકૃત ડીલર બેંકો ટ્રેડિંગ દિવસના અંતે રૂપિયા-નિમત સ્થિતિમાં નેટ ઓપન પોઝિશનમાં ૧૦૦ મિલિયન ડોલર સુધી મર્યાદિત હતી. બેંકોને ૧૦ એપ્રિલ સુધીમાં તેમની સ્થિતિ ખોલવાની જરૂર હતી, જેના પરિણામે તેમના ટ્રેડિંગ બુકમાં તીવ્ર ફેરફાર થયો હતો.આ પગલું એવા સમયે આવ્યું જ્યારે રૂપિયાની ઊંચી અસ્થિરતા, વિદેશી રોકાણકારો બજારમાંથી ભંડોળ પાછું ખેંચી રહ્યા છે અને કરન્સી હેજિંગ માટેની કોર્પોરેટ માંગ છે. આ પરિબળોને કારણે બેંકો માટે તેમની વિદેશી વિનિમય સ્થિતિનું સંચાલન કરવું વધુ મુશ્કેલ બન્યું છે.

આરબીઆઈના નવા નિયમો લાગુ કરવા માટે આપવામાં આવેલા ટૂંકા સમયને કારણે બેંકોને તેમની સ્થિતિ ઝડપથી ઘટાડવા અથવા ફરીથી સંતુલિત કરવાની ફરજ પડી હતી. આ ફેરફાર એવા સમયે થયો હતો જ્યારે રૂપિયાની ઊંચી અસ્થિરતા, વિદેશી રોકાણકારોનો સતત આઉટફ્લો અને નોંધપાત્ર કોર્પોરેટ હેજિંગ માંગ હતી.

## પીએમ કિસાન યોજનાના 24મા હપ્તાને લઈને શું છે અપડેટ

(એજન્સી) નવી દિલ્હી | તા 03

લાખો ખેડૂતો પીએમ કિસાન યોજનાના 24મા હપ્તાની રાહ જોઈ રહ્યા છે. ખેડૂતોમાં આ હપ્તો બહાર પાડવાની ચોક્કસ તારીખ અંગે અટકળો ચાલી રહી છે. જોકે, સરકારે હજુ સુધી કોઈ સત્તાવાર તારીખ જાહેર કરી નથી.દેશભરના લાખો ખેડૂતો 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના'ના 24મા હપ્તાની રાહ જોઈ રહ્યા છે. સપ્ટેમ્બર મહિનો વીતી ગયો છે અને ઓક્ટોબર શરૂ થઈ ગયો છે. તેમ છતાં આગામી હપ્તા અંગેની સ્થિતિ હજુ સ્પષ્ટ નથી. ખેડૂતોમાં 20 ઓક્ટોબર અંગે અટકળો ચાલી રહી છે, પરંતુ સરકારે આ તારીખ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી.પીએમ કિસાન યોજના હેઠળ, પાત્ર ખેડૂતોને દરેક હપ્તામાં 2000 મળે છે. 22મો હપ્તો 13 માર્ચ 2026ના રોજ જારી કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ 23મો હપ્તો 20 જૂન 2026ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો. 23મા હપ્તા બાદ ચાર મહિનાનો સમયગાળો 20 ઓક્ટોબરે પૂર્ણ થતો હોવાથી, કેટલાક ખેડૂતોને આશા છે કે ૨૪મો હપ્તો તે સમયની આસપાસ જારી થઈ શકે છે. જોકે હપ્તાઓ વચ્ચેનો સમયગાળો કડક રીતે ચાર મહિનાનો જ હોય તેવું જરૂરી નથી; તેથી, માત્ર અગાઉના હપ્તાની તારીખના આધારે 20 ઓક્ટોબરે આગામી હપ્તો આવશે તેમ કહી શકાય નહીં.મહત્વની વાત એ છે કે, કેન્દ્ર સરકારે પીએમ કિસાનના 24મા હપ્તાને જાહેર કરવા માટે હજુ સુધી કોઈ સત્તાવાર તારીખ જાહેર કરી નથી. પરિણામે, 20 ઓક્ટોબરે 2000 જમા થવાની અહેવાલોને પાકું સમયપત્રક માની શકાય નહીં. સામાન્ય રીતે, સરકાર હપ્તો જાહેર કરતા પહેલા માહિતી પૂરી પાડે છે. ખેડૂતો હપ્તાની તારીખ અને અન્ય સંબંધિત માહિતી પીએમ કિસાનની સત્તાવાર વેબસાઈટ અને સંબંધિત સરકારી પોર્ટલ પરથી મેળવી શકે છે. તેથી ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે તેઓ કોઈપણ વાયરલ સંદેશાઓ અથવા સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર વિશ્વાસ કરતા પહેલા સત્તાવાર વેબસાઈટ પર સાચી માહિતીની ચકાસણી કરી લે.ખેડૂતો તેમના હપ્તા અને ચુકવણીની સ્થિતિ (પેમેન્ટ સ્ટેટસ) અંગેની વિગતો ઘરે બેઠા ઓનલાઈન તપાસી શકે છે. આ માટે, સૌપ્રથમ પીએમ કિસાનની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લો. ત્યારબાદ, સાઈટ પર ઉપલબ્ધ 'Know Your Status' (તમારી સ્થિતિ જાણો) વિકલ્પ પર ક્લિક કરો. અહીં, ખેડૂતે તેમનો રજીસ્ટ્રેશન નંબર અને સ્ક્રીન પર દેખાતો સુરક્ષા કોડ (security code) દાખલ કરવો પડશે. આ પછી, તમારે તમારા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર પ્રાપ્ત થયેલ OTP દાખલ કરવો પડશે.

સરકાર તરફથી નવા રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોની જાહેરાતની ગતિ અગાઉના ત્રિમાસિક કરતા નોંધપાત્ર રીતે ધીમી પડી

## નવા રોકાણ પ્રોજેક્ટોમાં નોંધાયેલો મોટો ઘટાડો

મુંબઈ : ભારતમાં નવી ફેકટરીઓ, રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો માટે જાહેર થયેલા નવા રોકાણ પ્રસ્તાવોમાં સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા ત્રિમાસિકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એમ સેન્ટર ફોર મોનીટરીંગ ઈન્ડિયન ઈકોનોમી (સીએમઆઈઈ)ના પ્રોવિઝનલ ડેટામાં જોવાયું છે. આ ડેટા મુજબ સરકારી અને ખાનગી બન્ને ક્ષેત્રના નવા પ્રોજેક્ટ જાહેર કરવામાં અગાઉના ત્રિમાસિકની સરખામણીએ તીવ્ર ઘટાડો થયો છે.




કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જાહેર કરાયેલા નવા પ્રોજેક્ટોનું કુલ મૂલ્ય રૂ.૧.૩ લાખ કરોડ રહ્યું છે. આ રકમ ગત વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકની સરખામણીએ ૨૭ ટકા ઓછી છે અને જૂન ૨૦૨૬ના ત્રિમાસિકની તુલનાએ ૪૭ ટકા ઓછી છે. અર્થાત, સરકાર તરફથી નવા રોડ, બ્રિજ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોની જાહેરાતની ગતિ અગાઉના ત્રિમાસિક કરતા નોંધપાત્ર રીતે ધીમી પડી છે.ખાનગી ક્ષેત્રે સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિકમાં નવા પ્રોજેક્ટો માટે આશરે રૂ.૮.૮ લાખ કરોડની જાહેરાત થઈ હતી. જેમાં વાર્ષિક ધોરણે બે ટકાનો ઘટાડો અને જૂન ત્રિમાસિકની તુલનાએ ૪૯ ટકાનો ઘટાડો થયો છે. જો કે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ છમાસિકના આંકડા હજુ પણ ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ઊંચા છે. તેનું મુખ્ય કારણ જૂન ત્રિમાસિકમાં થયેલી લગભગ રૂ.૨૦ લાખ કરોડની મોટી નવી રોકાણ જાહેરાતો છે.સપ્ટેમ્બર ત્રિમાસિકમાં મેન્યુફેકચરીંગ ક્ષેત્રની નવી પ્રોજેક્ટ જાહેરાતોમાં વાર્ષિક ધોરણે ૩૨ ટકાનો ઘટાડો થયો છે. આ ઉપરાંત કન્સ્ટ્રકશન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ૨૧ ટકાથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ, માઈનીંગ, વીજળી અને સર્વિસિઝ ક્ષેત્રોમાં નવા પ્રોજેક્ટોની જાહેરાતમાં વધારો નોંધાયો હતો. ઘટાડાના સંભવિત કારણોમાં ખાનગી ક્ષેત્રના રોકાણને અસર કરનારા કેટલાક પરિબળોમાં ભૌગોલિક-રાજક્યી અનિશ્ચિતતા, વૈશ્વિક સ્તરે મૂડીના ખર્ચમાં વધારો અને કાચામાલ અને ઈનપુટ ખર્ચમાં વધારો સામેલ છે. ઉલ્લેખનીય છે કે, નાણા વર્ષ ૨૦૨૭ના બજેટમાં કેન્દ્ર સરકારે મૂડી ખર્ચ માટે આશરે રૂ.૧૨.૨ લાખ કરોડની જોગવાઈ કરી છે, જે અગાઉના નાણા વર્ષની સરખામણીએ ૯ ટકા વધારે છે. તાજેતરના ક્વાર્ટરમાં જાહેર કરાયેલા નવા પ્રોજેક્ટ્સની સંખ્યા ૩૧% ઘટીને ૧,૦૦૪ થઈ ગઈ છે. જૂનમાં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં નવા પ્રોજેક્ટ્સની સંખ્યા બે દાયકા કરતાં વધુ સમયના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ હતો સૌથી ચિંતાજનક બાબત એ છે કે Q૧ અને Q૨ બંનેમાં અટવાયેલા પ્રોજેક્ટ્સનું મૂલ્ય વધ્યું છે, જ્યારે પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સના મૂલ્યમાં ઘટાડો થયો છે.

ગોલ્ડ લોન | ગોલ્ડ લોન લીધા પછી બેંકે સોનું 'નકલી' ગણાવ્યું

## બેંકમાં સોનું ગીરવે મૂકી ગોલ્ડ લોન લેનારાઓ માટે લાલ બત્તી સમાન કિસ્સો

(એજન્સી) નવી દિલ્હી | તા 03

જો તમે પણ બેંકમાં સોનું ગીરવે મૂકીને ગોલ્ડ લોન લો છો, તો આ કિસ્સો તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. શિમલામાં બેંક અને ગ્રાહક વચ્ચેનો એક ગંભીર વિવાદ સામે આવ્યો હતો, જ્યાં ગ્રાહકે બેંક પર વિશ્વાસ રાખીને પોતાના કિંમતી સોનાના દાગીના ગીરવે મૂકીને લોન મેળવી હતી. પરંતુ લોન લીધાના થોડા સમય બાદ બેંકે આશ્ચર્યજનક રીતે તે સોનાને 'નકલી' જાહેર કરી દીધું હતું. આ કેસ ગ્રાહક આયોગ (Consumer Commission) સુધી પહોંચતા, આયોગે બેંકની સેવામાં ખામી અને અન્યાયી વેપાર નીતિ બદલ તેને જવાબદાર ઠેરવીને ગ્રાહકના પક્ષમાં ચૂકાદો આપ્યો છે.આ કેસ હિમાચલ પ્રદેશના શિમલાનો છે. ગ્રાહકે અલગ-અલગ સમયે બેંકમાંથી સોનાના દાગીના જમા કરાવીને ત્રણ લોન લીધી હતી. વર્ષ 2022 માં 3.98 લાખ, માર્ચ 2023 માં 3.98 લાખ અને એપ્રિલ 2023 માં 6.42 લાખની લોન મેળવવામાં આવી હતી. ગ્રાહકના જણાવ્યા અનુસાર, દરેક વખતે બેંકના



અધિકૃત નિષ્ણાતો (Valuers) દ્વારા દાગીનાનું વજન અને શુદ્ધતા ચકાસ્યા બાદ જ લોન મંજૂર કરાઈ હતી.

જુલાઈ 2023 માં, બેંકે ગ્રાહકને અચાનક જાણ કરી કે આંતરિક તપાસ દરમિયાન ગીરવે મુકેલા દાગીના નકલી હોવાનું બહાર આવ્યું છે અને 10.95 લાખની બાકી લોન રકમ વ્યાજ સહિત પરત ચૂકવવા નોટિસ પાઠવી. ગ્રાહકે આ રિપોર્ટ સામે વાંધો ઉઠાવતા કહ્યું કે આ તપાસ તેની ગેરહાજરી અને જાણ વગર કરવામાં આવી હતી. ગ્રાહકે ચિંતા વ્યક્ત કરી હતી કે બેંકની કસ્ટડીમાં હોવા દરમિયાન દાગીના સાથે છેડછાડ થઈ હોઈ શકે છે.પોતાના બચાવમાં બેંકે રજૂઆત કરી હતી કે આંતરિક ઓડિટ દરમિયાન અધિકૃત મૂલ્યાંકનકાર દ્વારા તપાસ કરવામાં આવતા દાગીના નકલી મળ્યા હતા. બેંકે શરૂઆતમાં દાગીનાની ચકાસણી કરનાર જૂના વેલ્યુઅરને દોષી ઠેરવી તેની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હોવાનું જણાવ્યું હતું. શિમલા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચે 23 સપ્ટેમ્બરના રોજ આદેશ આપતા બેંકને સેવામાં ખામી માટે દોષી ઠેરવી હતી. પંચે 29 સપ્ટેમ્બર 2025ના ભારતીય રિઝર્વ બેંક (RBI) ના નિર્દેશોનો ઉલ્લેખ કરતા સ્પષ્ટ કર્યું કે આંતરિક ઓડિટ સમયે સોનાની ચકાસણી કરી શકાય છે, પરંતુ તેના માટે લોન કરાર વખતે જ ગ્રાહકની લેખિત સંમતિ હોવી જરૂરી છે. બેંક એવી સંમતિ સાબિત કરવામાં નિષ્ફળ રહી હતી.ગ્રાહક આયોગે બેંકને 22 કેરેટ સોનાના 103 ગ્રામના વર્તમાન બજાર મૂલ્ય જેટલી રકમ (આશરે 14 લાખ), ગ્રાહકને થયેલી માનસિક અગવડતા માટે 30,000નું વળતર અને મુકદમા ખર્ચ તરીકે 20,000 ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# કમાલ કર દીયા પાયલટ જી...:સલમાન ખાને પાયલટ સ્મિત મચ્છરના વખાણ કર્યા, પરેશ રાવલે કમેન્ટ કરીને લખ્યું- એક મચ્છર આદમી કો...



ફ્લાયદુબઈ પહેલાં સ્મિતે 11 વર્ષથી વધુ સમય સુધી સ્પાઇસજેટમાં કામ કર્યું હતું. અહીં તેમણે 9500 કલાકથી વધુ ઉડાન ભરી હતી. તેમાં 6400 કલાકથી વધુ સમય વિમાનના મુખ્ય પાઇલટ એટલે કે પાઇલટ-ઇન-કમાન્ડ તરીકે હતો. જૂન 2022માં તેઓ ફ્લાયદુબઈમાં જોડાયા હતા. તેમની લિંક્ડઇન પ્રોફાઇલ મુજબ, તેમને કોમર્શિયલ વિમાન ઉડાડવાનો 13 વર્ષથી વધુનો અનુભવ છે. તેમણે બોઇંગ 737 વિમાનો પર આશરે 9750 કલાક ઉડાન ભરી છે.

**(એજન્સી) મુંબઈ | તા.03** દુબઈથી તેલ અવિવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટમાં ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર પર કો-પાયલટે હુમલો કરી દીધો. ફ્લાઇટ ક્રેશ થવાની સ્થિતિમાં હતી, પરંતુ અમિતે ઘાયલ હાલતમાં પણ સમજદારીથી સૌના જીવ બચાવ્યા. શુક્રવારે સલમાન ખાને મોડી રાત્રે પાયલટ સ્મિત મચ્છરની પ્રશંસા કરી છે. સલમાન ખાને પોતાના સત્તાવાર X (અગાઉનું ટ્વિટર) અકાઉન્ટ પરથી લખ્યું છે, 'કમાલ કરી દીયા પાયલટજી, અમે સૌ તમને સલામ કરીએ છીએ. તમારી સાથે ઉડાન ભરવામાં ગર્વ અનુભવાશે. વેલ ડન ભાઈ કેપ્ટન સ્મિત મચ્છર.'










અભિનેતા પારેશ રાવલે કેપ્ટનના અટક 'મચ્છર' પર કટાક્ષ કરતાં 1994માં આવેલી પોતાની જાણીતી ફિલ્મ 'ક્રાંતિવીર'નો ઉલ્લેખ કર્યો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે તેમને નાના પાટેકરનો તે જાણીતો ડાયલોગ યાદ આવી રહ્યો છે—'એક મચ્છર આદમી કો...!' બીજી તરફ, અભિનેત્રી રવીના ટંડને પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર અનેક પોસ્ટ શેર કરીને કેપ્ટન સ્મિતને સાચા હીરો ગણાવ્યા.

## જાવેદ અખ્તરે કહ્યું- સ્મિત મહાવીર ચક્રના હકદાર છે

જાવેદ અખ્તરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ફ્લાયદુબઈના કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરી અતુલનીય છે.
તેઓ કોઈ પણ શંકા વિના મહાવીર ચક્ર જેવા મોટા સન્માનના હકદાર છે. જાવેદ અખ્તર ઉપરાંત શમિતા શેટ્ટી અને રિદ્ધિમા કપૂર સાહનીએ પણ કેપ્ટન સ્મિતના જુસ્સાની પ્રશંસા કરી છે.

અભિનેતા અને સાંસદ રવિ કિશને લખ્યું કે કેપ્ટન સ્મિત મચ્છર કર્તવ્ય પ્રત્યે અતૂટ નિષ્ઠા અને અદમ્ય સાહસનું ઉદાહરણ છે. પોતે ગંભીર રીતે ઘાયલ થયા બાદ પણ અન્ય લોકોની રક્ષા કરવી દરેક ભારતીય માટે ગર્વની વાત છે.
સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા અને બોલિવૂડ એક્ટર આર. માધવને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનને શેર કર્યું. માધવને લખ્યું કે તેઓ દેશના આ સાચા હીરોના જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરે છે. ત્યાં જ વિજય દેવરકોંડાએ લખ્યું કે કેપ્ટને જે કર્યું તે અવિશ્વસનીય છે.
ફ્લાયદુબઈનું બોઇંગ 737 મેક્સ 8 વિમાન 174 મુસાફરોને લઈને દુબઈથી તેલ અવિવ જઈ રહ્યું હતું. જ્યારે પ્લેન સાઉદી અરેબિયા ઉપરથી ઉડી રહ્યું હતું, ત્યારે કોકપિટમાં ઓમાની કો-પાઇલોટે કેપ્ટન સ્મિત પર ચાકુથી હુમલો કરી દીધો. ગંભીર રીતે ઘાયલ હોવા છતાં કેપ્ટન સ્મિતે કોકપિટનો દરવાજો ખોલી દીધો, જેના કારણે મુસાફરો અને ક્રુ મેમ્બર્સ અંદર આવીને હુમલાખોરને પકડી લીધો. ત્યારબાદ પ્લેનને તબૂકમાં સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યું.

# 'દૃશ્યમ-3'એ પહેલાં દિવસે ₹95 કરોડ કમાયા

## 'ધુરંધર', 'પઠાણ' અને 'એનિમલ'ના રેકોર્ડ તોડ્યા, અજય દેવગનની સૌથી મોટી ઓપનિંગ

**(એજન્સી) મુંબઈ | તા.03**

અજય દેવગનની ફિલ્મ 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન'એ પહેલા દિવસે ભારતીય બોક્સ ઓફિસ પર 66.75 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ અજય દેવગનના કરિયરની સૌથી મોટી ઓપનિંગ છે. અભિષેક પાઠકના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ શુક્રવાર, 2 ઑક્ટોબર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ. ફિલ્મમાં અજય દેવગન વિજય સાલગાંવકરના રોલમાં પરત ફર્યો છે.

સૅકનિલ્કના જણાવ્યા મુજબ, ફિલ્મે ભારતમાં 15,759 શોમાંથી 66.75 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી. તેનું ગ્રોસ કલેક્શન 80.10 કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. વિદેશોમાં ફિલ્મે 15 કરોડ રૂપિયા કમાયા. આ સાથે તેની કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કમાણી 95.10 કરોડ રૂપિયા થઈ ગઈ છે.

'દૃશ્યમ 3' 2026ની બીજી સૌથી મોટી ઓપનિંગ ધરાવતી હિન્દી ફિલ્મ બની ગઈ છે. તે માત્ર 'ધુરંધર: ધ રિવેન્જ'થી પાછળ છે.

તો બીજી તરફ આ ફિલ્મ બોલિવૂડના ઈતિહાસમાં ત્રીજી સૌથી મોટી ઓપનિંગ કરનારી ફિલ્મ પણ બની ગઈ છે. તેનાથી આગળ માત્ર રણવીર સિંહની 'ધુરંધર: ધ રિવેન્જ' અને શાહરુખ ખાનની 'જવાન' છે. ફિલ્મે રણવીર સિંહની 'ધુરંધર'ની 30 કરોડ રૂપિયાની ઓપનિંગને પાછળ છોડી દીધી છે. તેણે શાહરુખ ખાનની 'પઠાન'ની 57 કરોડ રૂપિયા અને રણબીર કપૂરની 'એનિમલ'ની 63 કરોડ રૂપિયાની ઓપનિંગને પણ પાર કરી લીધી છે.

વર્લ્ડવાઈડ કલેક્શનમાં ફિલ્મે 'કલ્કિ'ની 95 કરોડ રૂપિયા અને 'સાલાર'ની 91 કરોડ રૂપિયાની કમાણીથી પણ આગળ નીકળી ગઈ છે.

ફિલ્મ રિલીઝ પહેલાં જ એડવાન્સ બુકિંગમાં જબરદસ્ત ડિમાન્ડ જોવા મળી હતી. બુકિંગ શરૂ થયાના સાત દિવસમાં ફિલ્મે ભારતમાં 60.17 કરોડ રૂપિયાની ગ્રોસ કમાણી કરી. તેમાં બ્લોક કરવામાં



**અજય દેવગનના કરિયરની હાઈએસ્ટ ઓપનિંગ ફિલ્મો**

| ફિલ્મ | કલેક્શન |
|---|---|
| દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન (2026) | ₹66.75 કરોડ |
| સિંઘમ અગેન (2024) | ₹43.50 કરોડ |
| સિંઘમ રિટર્ન્સ (2014) | ₹32.10 કરોડ |
| ગોલમાલ અગેન (2017) | ₹30.15 કરોડ |
| રેડ 2 (2025) | ₹19.25 કરોડ |

સંદર્ભ: સૅકનિલ્ક

આવેલી સીટ્સની કમાણી પણ સામેલ છે. બ્લોક સીટ્સને હટાવ્યા બાદ એડવાન્સ ગ્રોસ કલેક્શન 49.29 કરોડ રૂપિયા રહ્યું. ફિલ્મે 51,570 શોમાં આશરે 18.02 લાખ ટિકિટ વેચી.

અજય દેવગનના કરિયરની સૌથી મોટી ઓપનિંગ કરનારી ફિલ્મોમાં 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન'એ નવો રેકોર્ડ બનાવ્યો છે. ફિલ્મે પહેલા દિવસે 66.75 કરોડની કમાણી સાથે અજય દેવગનની અત્યાર સુધીની સૌથી મોટી ઓપનિંગ નોંધાવી.

આ પહેલાં આ રેકોર્ડ સિંઘમ અગેઈનના નામે હતો, જેણે પહેલા દિવસે 43.50 કરોડની કમાણી કરી હતી.

# કરીના સાથેની ફિલ્મનું ખુદ સંજય લીલા ભણશાળી દિગ્દર્શન નહીં કરે

મુંબઈ: કરીના કપૂર સંજય લીલા ભણશાળીના બેનર હેઠળની ફિલ્મમાં કામ કરશે, જેનું દિગ્દર્શન 'ખીચડી' ફેમ આતિશ કાપડિયા કરશે. ભણશાળી 'લવ એન્ડ વોર' બાદ આ પ્રોજેક્ટનું નિર્માણ કરશે. અગાઉ 2013માં 'રામલીલા' માટે કરીનાની પસંદગી થઈ હતી, પરંતુ મતભેદોને કારણે દીપિકા પદુકોણે કામ કર્યું હતું. આમ, વર્ષો પછી કરીનાને ભણશાળીના બેનરમાં કામ મળ્યું છે.
કરીના કપૂર અને સંજય લીલા ભણશાળી જે ફિલ્મ માટે સહકાર સાધી રહ્યા છે તેનું નિર્દેશન આતિશ કાપડિયા કરશે. સંજય લીલા ભણશાળી તેમની 'લવ એન્ડ વોર' ફિલ્મનું કામ પુરું થયા બાદ આ પ્રોજેક્ટને નિર્માતા તરીકે હાથ ધરી પ્રિ-પ્રોડકશનનું કામ શરૂ કરશે. આમ વર્ષો પછી કરીનાને સંજય લીલા ભણશાળીના બેનરમાં કામ તો મળ્યું છે પરંતુ તે સંજય લીલા ભણશાળીના દિગ્દર્શન હેઠળની ફિલ્મમાં કામ કરવાની નથી.
આતિશ કાપડિયા ટીવી પર સફળ કોમેડી શો બનાવવા માટે જાણીતાં છે. તેમની ફિલ્મ 'ખીચડી: ધ મૂવી' પણ ૨૦૧૦માં આવી હતી. 'સારાભાઈ વર્સીસ સારાભાઈ' અને 'બા બહુ ઔર બેબી' નામના સફળ કોમેડી ટીવી શોનું લેખન-નિર્દેશન આતિશ કાપડિયાના નામે બોલે છે. સંજય લીલા ભણશાળીએ પહેલીવાર શાહરૂખખાનની સાથે 'દેવદાસ'માં કરીનાને ચમકાવવાની અને તે પછી ૨૦૧૩માં પણ કરીના કપૂર સાથે કામ કરવાની તૈયારી કરી હતી.



# CJPના આંદોલનમાં નસીરુદ્દીન શાહ-શબાના આઝમી જોડાયા

## પોલીસની મંજૂરી ન મળવા છતાં અભિજીત દીપકેને મળ્યા, મતદાર યાદી વિવાદ અંગે આપ્યા આકરા નિવેદન

**(એજન્સી) મુંબઈ | તા.03**

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાંની માંગને લઈને મુંબઈના શિવાજી પાર્કમાં આયોજિત પ્રદર્શનમાં નસીરુદ્દીન સામેલ થયા. પોલીસની મંજૂરી ન મળવા છતાં કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના આ પ્રદર્શનમાં એક્ટ્રેસ શબાના આઝમી અને સંગીતકાર વિશાલ દદલાની પણ પહોંચ્યા. શર્લિન ચોપડા અને વિશાલ ભારદ્વાજ સહિત અનેક સેલેબ્સે સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો.
આ બોલિવૂડ સેલેબ્સની હાજરીથી પ્રદર્શન સ્થળે ભીડ એકઠી થઈ ગઈ. આ કલાકારોએ મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો અને નાગરિકોના વિરોધ કરવાના અધિકારનું ખુલ્લેઆમ સમર્થન કર્યું.
પ્રદર્શન દરમિયાન એક્ટર નસીરુદ્દીન શાહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. સીજેપીના સ્થાપક અભિજીત દીપકેએ આ વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં નસીરુદ્દીન શાહ આયોજક અભિજીતને ગળે મળતા અને આભાર માનતા જોવા મળી રહ્યા છે. અભિજીતે જણાવ્યું કે, તે નસીરુદ્દીન શાહના ખૂબ મોટા પ્રશંસક છે અને તેમનું આ પ્રદર્શનમાં આવવું કોઈ સપનું સાકાર થવા જેવું છે. એક્ટ્રેસ શબાના આઝમી પણ પ્રદર્શનકારીઓ વચ્ચે પહોંચ્યાં અને તેમનો ઉત્સાહ વધાર્યો. શબાનાએ કહ્યું કે, 'લોકશાહીમાં વિરોધ પ્રદર્શન કરવું દરેક નાગરિકનો અધિકાર છે.'
'જ્યારે મતદાર યાદીમાંથી કોઈ કારણ વિના લોકોનાં નામ કાઢી નાખવામાં આવે, ત્યારે જનતાએ તેનો વિરોધ કરવો બિલકુલ યોગ્ય છે.' આ પહેલાં શબાના આઝમી નીટ પેપર લીક મુદ્દે દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં પણ સામેલ થઈ ચૂક્યા છે. ફિલ્મમેકર વિશાલ ભારદ્વાજ પણ પત્ની સાથે કૉકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં જોડાયા.
આ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું કે, શું બોલિવૂડના લોકોએ પણ આ મુદ્દે સમર્થન આપવું જોઈએ. જવાબમાં તેમણે કહ્યું- 'હું બોલિવૂડમાંથી જ છું.' અન્ય કલાકારો વિશે પૂછવામાં આવતાં વિશાલ ભારદ્વાજે કહ્યું- 'આ દરેકની પોતાની મરજી છે. જો કોઈને અંતરાત્માથી લાગે છે કે જે થઈ રહ્યું છે તે ખોટું છે, તો સમર્થનમાં આવે અને ન લાગે તો ન આવે.' બોલિવૂડ સિંગર વિશાલ દદલાનીએ પણ શિવાજી પાર્ક પહોંચીને આંદોલનને પોતાનું સમર્થન આપ્યું. તેણે સીજેપી નેતા અભિજિત દીપકે સાથે મુલાકાત કરી અને તેને ગળે લગાવ્યા.

# ડૉક્ટર બનવાની તક છોડી, પૈસા કમાવવા ટ્રેનમાં ગીતો ગાયા



**(એજન્સી) મુંબઈ | તા.03**

આયુષ્માન ખુરાના આજે બોલિવૂડના એવા કલાકારોમાં ગણાય છે, જેણે પોતાની અલગ પ્રકારની ફિલ્મોથી ઈન્ડસ્ટ્રીમાં ઓળખ બનાવી છે. પરંતુ આ મુકામ સુધી પહોંચવાની સફર સરળ નહોતી. ચંદીગઢથી નીકળેલા આયુષ્માને થિયેટર કર્યું, રેડિયો જોકી બન્યો, એમટીવી પર વીજે રહ્યો અને અનેક ઓડિશન આપ્યાં. તેને 'ઇન્ડિયન આઇડલ-2'માં પણ નિરાશા મળી હતી.
2012માં 'વિક્કી ડોનર'થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત થઈ. પહેલી ફિલ્મ હિટ રહી. ત્યારબાદ સતત ત્રણ ફિલ્મો ચાલી નહીં. પછી 'દમ લગા કે હઈશા'થી કારકિર્દીએ ફરી રફ્તાર પકડી.
ત્યારબાદ 'બરેલી કી બરફી', 'શુભ મંગલ સાવધાન', 'અંધાધુન', 'બધાઈ હો', 'આર્ટિકલ 15', 'ડ્રીમ ગર્લ' અને 'બાલા' જેવી ફિલ્મોએ તેમને અલગ ઓળખ અપાવી.
આયુષ્માન ખુરાનાનો જન્મ 14 સપ્ટેમ્બર 1984ના રોજ ચંદીગઢમાં થયો હતો. તેનું પ્રારંભિક શિક્ષણ ચંદીગઢની સેન્ટ જોન્સ હાઈ સ્કૂલમાં થયું હતું. ત્યારબાદ તેણે ચંદીગઢની ડીએવી કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો અને પંજાબ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ કમ્યુનિકેશન સ્ટડીઝમાંથી પત્રકારત્વમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું.
તેના પિતા પી. ખુરાના જાણીતા જ્યોતિષી હતા, જ્યારે માતા પૂનમ ખુરાનાએ હિન્દીમાં એમ.એ. કર્યું હતું. પરિવારનું વાતાવરણ અભ્યાસ, સાહિત્ય અને કલા સાથે જોડાયેલું રહ્યું. આયુષ્માને કોલેજના દિવસોમાં થિયેટર કર્યું અને બે થિયેટર ગ્રુપ પણ બનાવ્યાં.
એક્ટિંગની દુનિયામાં પ્રવેશ કરતાં પહેલાં આયુષ્માને ડૉક્ટર બનવાનું સપનું જોયું હતું. તેણે ધોરણ 11માં સાયન્સ લીધું હતું અને કર્ણાટકની એક ડેન્ટલ કૉલેજમાં તેને સીટ પણ મળી ગઈ હતી. પરંતુ તે જ સમયે તેનો રસ થિયેટર તરફ વધ્યો. તેણે મેડિકલનો અભ્યાસ છોડીને આર્ટ્સ અને થિયેટર પસંદ કર્યા. ડીએવી કૉલેજમાં તેણે થિયેટર ગ્રુપ બનાવ્યાં અને સ્ટ્રીટ પ્લે કર્યાં. થિયેટરમાં કામ કરતી વખતે આયુષ્માને સામાજિક મુદ્દાઓને સમજ્યા. આ જ અનુભવ આગળ જતાં તેની ફિલ્મોના વિષયોમાં પણ જોવા મળ્યો.
2004માં આયુષ્માને એમટીવી 'રોડીઝ સીઝન-2' જીત્યો. ત્યાર બાદ તેને ઓળખ મળવા લાગી, પરંતુ તેણે તરત જ મુંબઈ જઈને ફિલ્મોમાં નસીબ અજમાવ્યું નહોતું. પોસ્ટ ગ્રેજ્યુએશન દરમિયાન તેણે રેડિયોમાં કામ શરૂ કર્યું. બાદમાં તે એમટીવીનો વીજે બન્યો અને અનેક શો હોસ્ટ કર્યા.
ફિલ્મોમાં આવતાં પહેલાં આયુષ્માને અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન જેવા સ્ટાર્સના ઈન્ટરવ્યૂ પણ લીધા હતા. ફિલ્મફેરને આપેલા ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે, આ સ્ટાર્સ સાથેની વાતચીતથી તેને સમજવામાં મદદ મળી કે સ્ટાર્સ પણ સામાન્ય માણસોની જેમ જ હોય છે.



# 'દૃશ્યમ 3'માં ગુજરાતી એક્ટ્રેસનો જલવો : સંવેદના સુવાલકા ફરી એકવાર વકીલના રોલમાં જોવા મળી

અમદાવાદ | ગાંધી જયંતી પર ફિલ્મ 'દૃશ્યમ: ધ કન્ક્લૂઝન' રિલીઝ થઈ ચૂકી છે. ફિલ્મમાં ફરી એકવાર ગુજરાતી એક્ટ્રેસ સંવેદના સુવાલકા એડવોકેટ ગાયત્રી મોહનના રોલમાં જોવા મળી છે. ઉલ્લેખનીય છે કે સંવેદના ફિલ્મના બીજા ભાગમાં પણ જોવા મળી હતી.
ડૉક્ટરથી એક્ટિંગની સફર ગુજરાતમાં ગુજરાતના જામનગરમાં જન્મેલી અને ઉછરેલી સંવેદના સુવાલકાને નાનપણથી જ ડાન્સ ને એક્ટિંગમાં રસ હતો. માત્ર ત્રણ વર્ષની ઉંમરે સંવેદનાએ કથક શીખવાનું શરૂ કર્યું ને પાંચમા વર્ષની ઉંમરે સ્ટેજ પર્ફોર્મન્સ આપ્યું હતું. તે પછીથી ભરતનાટ્યમ પણ શીખી હતી. સંવેદના મૂળ તો નોન ગુજરાતી છે, પરંતુ પેરેન્ટ્સ જામનગરમાં હોવાથી તેને ગુજરાતી સારું આવડે છે. સંવેદનાના પરિવારમાં મોટાભાગે ડૉક્ટર્સ હોવાથી તે પણ ડૉક્ટર બને તેવી અપેક્ષા હતી.
દસમા ધોરણમાં તેણે શેક્સપીયરના નાટકમાં કામ કર્યું હતું અને તેને બેસ્ટ એક્ટરનો અવૉર્ડ મળ્યો હતો. જામનગરમાં તે ગુજરાતી થિયેટરમાં પણ કામ કરતી.બારમું ધોરણ પાસ કર્યા બાદ સંવેદનાએ પુણેમાંથી MBBSનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તે મુંબઈની સાયન હૉસ્પિટલમાં ઈન્ટર્નશિપ માટે ગઈ હતી, પરંતુ તેનું મન એક્ટિંગમાં જ હતું. આ જ કારણે તેણે થિયેટર જોઈન કર્યું ને પછી તેણે બે વર્ષનો એક્ટિંગ કોર્સ સુભાષ ઘાઈની એક્ટિંગ એકેડેમી વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલમાંથી કર્યો. તેણે થિયેટર આર્ટિસ્ટ સલીમ આરિફ ને લુબના સલીમ ગ્રુપ સાથે કામ પણ કર્યું.
ગુજરાતી સિનેમામાં ડેબ્યૂ 2013માં સંવેદનાએ 'હેપ્પી ફેમિલી પ્રાઈવેટ લિમિટેડ'માં અનાયા મહેતાનું પાત્ર ભજવ્યું. ત્યારબાદ 2014માં આવેલી ફિલ્મ બેયારથી ગુજરાતી ચાહકોમાં અલગ ઓળખ બનાવી. ગુજરાતી સિનેમામાં કામ કર્યા બાદ 2016માં તેણે ફિલ્મ રિબેલિયસ ફ્લારથી હિંદી સિનેમામાં ડેબ્યૂ કર્યું.
સંવેદનાની કરિયરનો ટર્નિંગ પોઈન્ટ 'દૃશ્યમ 2'માં અજય દેવગનની વકીલથી આવ્યો. સંવેદનાએ એક ઈન્ટરવ્યૂમાં અજય દેવગન, તબુ, રજત કપૂર જેવા કલાકારો સાથે કામ કરવાના અનુભવને યાદગાર ગણાવ્યો હતો.

# નુસરત ભરુચાની કરોડરજ્જુમાં ફ્રેક્ચર

## ઈન્ડોનેશિયાના બાલીમાં અકસ્માત, એર એમ્બ્યુલન્સથી મુંબઈ લાવીને સર્જરી કરાશે

**(એજન્સી) મુંબઈ | તા.03**

'ડ્રીમ ગર્લ' ફેમ એક્ટ્રેસ નુસરત ભરુચાને ઈન્ડોનેશિયાના બાલીમાં થયેલા અકસ્માત બાદ કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયું છે. ન્યૂઝ એજન્સી આઈએએનએસના જણાવ્યા અનુસાર, નુસરત હાલમાં બાલીની એક હોસ્પિટલમાં દાખલ છે અને ડૉક્ટરોની દેખરેખ હેઠળ છે.
શુક્રવારે નુસરતની ટીમની પબ્લિસિસ્ટ સંચિતા ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ડૉક્ટરો વધુ તપાસ કર્યા બાદ તેની કરોડરજ્જુની સર્જરી કરશે. તેને સારવાર માટે એર એમ્બ્યુલન્સ દ્વારા બાલીથી મુંબઈ લાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. મુંબઈ પહોંચ્યા બાદ તેની સર્જરી કરવામાં આવશે.
ટીમના જણાવ્યા અનુસાર, ઈજા અને સર્જરીને કારણે નુસરતને આરામ કરવા અને સાજા થવામાં સમય લાગશે. તેની અસર આગામી અઠવાડિયાઓમાં તેની કામ સંબંધિત જવાબદારીઓ પર પણ પડી શકે છે.
ટીમે સૌને તેની ગોપનીયતાનો આદર કરવા અને તેને સારવાર પર ધ્યાન આપવા દેવાની અપીલ કરી છે.
નોંધનીય છે કે, અકસ્માતના લગભગ એક અઠવાડિયા પહેલાં નુસરતે સોશિયલ મીડિયા પર રજાઓની કેટલીક તસવીરો શેર કરી હતી. નુસરત ટાઈગર શ્રોફની આગામી ફિલ્મની કાસ્ટમાં સામેલ થવાની પણ ચર્ચા છે. આ ટાઈગર અને નુસરતની પહેલી ઑન-સ્ક્રીન જોડી હશે. એક સૂત્રએ પિંકવિલાને જણાવ્યું, "ટીમને એવી એક્ટ્રેસ જોઈતી હતી, જે વાર્તામાં મજબૂતી અને ભાવનાત્મક ઊંડાણ લાવી શકે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

શૂટઓફમાં દક્ષિણ કોરિયાને હરાવી જીત્યો પ્રથમ ગોલ્ડ મેડલ

# એશિયન ગેમ્સ 2026ના અંતિમ દિવસે તીરંદાજ કુમકુમ મોહોદે રચ્યો ઈતિહાસ



(એજન્સી) નિશિન । તા. 03

એશિયન ગેમ્સ ૨૦૨૬ના અંતિમ દિવસની શરૂઆત ભારતે અત્યંત ગૌરવવંતી અને શાનદાર સિદ્ધિ સાથે કરી છે. ભારતની પ્રતિભાશાળી યુવા મહિલા તીરંદાજ કુમકુમ મોહોદે મહિલાઓની રિકવ ઈન્ડિવિઝ્યુઅલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે કોતરી દીધું છે. એશિયન ગેમ્સના સમગ્ર ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ ભારતીય મહિલા ખેલાડીએ આ વિશેષ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો હોય. આ અત્યંત રોમાંચક અને કાંટાની ટક્કરવાળા ફાઈનલ મુકાબલામાં કુમકુમે દક્ષિણ કોરિયાની ખેલાડી ઓહ યેજિનને શૂટઓફની રોમાંચક ક્ષણોમાં હરાવીને આ અદ્ભુત સફળતા મેળવી છે. આ ભવ્ય વિજય સાથે જ એશિયન ગેમ્સમાં ભારતનો આ ૧૭મો ગોલ્ડ મેડલ છે અને દેશના કુલ મેડલની સંખ્યા ૭૭ પર પહોંચી ગઈ છે.

કુમકુમ મોહોદની ફાઈનલ સુધીની સફર અત્યંત પ્રેરણાદાયી અને સંઘર્ષયુક્ત રહી છે. ફાઈનલ મુકાબલામાં પહોંચતા પહેલા તેણે ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ જેવા અત્યંત મુબારક તબક્કામાં વિશ્વની દિગ્ગજ ખેલાડીઓને ધોળ ચટાવી હતી. સેમિફાઈનલ મેચમાં તેણે ચીનની મજબૂત ખેલાડી ઝૂ જિંગયીને ૬-૨થી હરાવી હતી, જ્યારે ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ ચેમ્પિયન અને પૂર્વ ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ કાંગ ચેયોંગને ૬-૪થી હરાવીને સૌથી મોટો ઉલટફેર કર્યો હતો. આ શાનદાર જીતથી તેની રમત પ્રત્યેની એકાગ્રતા અને આત્મવિશ્વાસ સ્પષ્ટપણે ઝળકી ઉઠ્યા હતા.

લોસ એન્જેલસ ઓલિમ્પિક ૨૦૨૮ માટેના બે કોટામાંથી એક મહત્વપૂર્ણ કોટા પણ કુમકુમે પોતાના નામે કરી લીધો છે. ઝૂ સામેની મુકાબલામાં તેણે અદ્ભુત કૌશલ્ય દાખવતા ૨૮-૨૭, ૩૦-૩૦, ૨૯-૨૯ અને ૨૯-૨૮ના સ્કોરથી વિજય મેળવ્યો હતો. આ અગાઉ પણ તેણે અંકિતા ભક્ત અને કીર્તિ શર્મા સાથે મળીને મહિલા રિકવ ટીમનો ગોલ્ડ તથા ધીરજ બોમ્મદેવરા સાથે મળીને મિક્સ્ડ ડબલનો સિલ્વર મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું હતું.



સંઘર્ષ અને પરાજયની પીડા પાછળ છોડી મેળવ્યો સુવર્ણચંદ્રક

## મુક્કાબાજ પરવીન હુડાએ ગોલ્ડ જીતીને કરી ઐતિહાસિક વાપસી

(એજન્સી) નાગોયા । તા. 03

એશિયન ગેમ્સ ૨૦૨૬ના બોક્સિંગ રિંગમાં ભારતની પ્રતિભાશાળી મુક્કાબાજ પરવીન હૂડાએ ઈતિહાસ રચતા ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. અગાઉ ૨૦૨૩ની એશિયન ગેમ્સમાં મેડલ જીત્યા બાદ સર્જાયેલા વિવાદો અને પ્રતિબંધના કારણે પોતાનું પદક ગુમાવનારી પરવીને આ વખતે ડબલ જોશ સાથે મેદાનમાં ઉતરીને સોનાનો ચંદ્રક જીતી લીધો છે. નાગોયાના નિશિયો સિટી જનરલ જીમનાસિયમમાં રમાયેલા અત્યંત રોમાંચક મુકાબલામાં પરવીને વિશ્વની નંબર-૧ અને ઓલિમ્પિક બ્રોન્ઝ મેડાલિસ્ટ ચેન નિયેન ચેનને અત્યંત નજીકના સ્પ્લિટ ડિસિઝનમાં હરાવીને આ અદ્ભુત વિજય મેળવ્યો છે.

પરવીન હૂડા માટે આ ગોલ્ડ મેડલ માત્ર એક જીત નથી, પરંતુ તેના લાંબા સંઘર્ષ અને અદમ્ય આત્મવિશ્વાસનું પરિણામ છે. ૨૦૨૩માં હાંગઝોઉ એશિયન ગેમ્સ દરમિયાન તેણે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને પેરિસ ઓલિમ્પિક્સનો કોટા પણ મેળવ્યો હતો. પરંતુ, વ્હેરabouts (લોકેશન) અપડેટ ન કરવાના ટેકનિકલ કારણોસર વાડા (WADA) દ્વારા તેના પર સસ્પેન્શન ઝીંકાયું હતું, જેના કારણે તેણે પોતાનો મેડલ અને ઓલિમ્પિક કોટા ગુમાવવાનો વારો આવ્યો હતો.

## અભિષેક અને તિલક શર્માની તોફાની બેટિંગથી સ્કોર 211 પર પહોંચ્યો, જીત બાદ હાથ ન મિલાવ્યો

# ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડી ગોલ્ડ મેડલ જીત્યો

(એજન્સી) નિશિન । તા. 03

જાપાનના નિશિન ખાતે રમાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ની પુરુષ ક્રિકેટ સ્પર્ધાની અત્યંત રોમાંચક ફાઈનલ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે પ્રતિસ્પર્ધી પાકિસ્તાનને ૧૯ રને હરાવીને ગૌરવવંતી જીત મેળવી છે અને સુવર્ણચંદ્રક પોતાના નામે કર્યો છે. અગાઉ હાંગઝોઉ ૨૦૨૩માં જીતેલા ટાઈટલને જાળવી રાખવામાં ભારતીય ટીમ સફળ રહી છે અને એશિયન ગેમ્સના ઈતિહાસમાં સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. ચાલુ સ્પર્ધામાં ભારતનો આ ૧૯મો ગોલ્ડ મેડલ છે, જેના કારણે સમગ્ર દેશમાં ઉત્સાહ અને ખુશીની લહેર છવાઈ ગઈ છે.

સેમિફાઈનલ મેચમાં શ્રીલંકા સામે વિજય મેળવનાર વિજેતા ટીમમાં કોઈ ફેરફાર ન કરતા ભારતે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય સાચો સાબિત કરતા ભારતીય ઓપનરોએ મેદાન પર આક્રમક રમત દાખવી હતી. વિસ્ફોટક ઓપનર અભિષેક શર્માએ માત્ર ૨૮ બોલમાં ૬૧ રનની તોફાની ઈનિંગ્સ રમીને ટીમ માટે મજબૂત પાયો નાખ્યો હતો. ત્યારબાદ મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવા આવેલા તિલક વર્માએ



અંતિમ ઓવરોમાં ધમાકેદાર પ્રદર્શન કરતા ૨૨ બોલમાં ૫૧ રન ફટકાર્યા હતા. તિલક વર્મા અને ઓલરાઉન્ડર શિવમ દુબે વચ્ચે છઠ્ઠી વિકેટ માટે માત્ર ૩૦ બોલમાં ૬૨ રનની અત્યંત મૂલ્યવાન ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે ભારતીય ટીમ નિર્ધારિત ઓવરોમાં ૬ વિકેટે ૨૧૧ રનનો વિશાળ સ્કોર બનાવવામાં સફળ રહી હતી.

૨૧૨ રનના મોટા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમની શરૂઆત સારી રહી હતી, પરંતુ ભારતીય બોલરોએ સમયાંતરે મહત્વની વિકેટો ઝડપીને દબાણ જાળવી રાખ્યું હતું. પાકિસ્તાન તરફથી હસન નવાઝે મેચ જીતાડવાનો અથાક પ્રયાસ કરતા ૫૧ બોલમાં શાનદાર ૯૬ રનની રમત રમી હતી. એક સમયે પાકિસ્તાનને જીતવા માટે ૨૪ બોલમાં ૬૮ રનની જરૂર હતી અને ૬ વિકેટો સુરક્ષિત હતી, જેના કારણે મેચ રોમાંચક મોડ પર પહોંચી હતી.

પરંતુ, ભારતીય બોલરોએ દબાણની સ્થિતિમાં અદભુત સંયમ દેખાડ્યો હતો. વોશિંગ્ટન સુંદરે ૧૮મી ઓવરમાં માત્ર ૮ રન આપીને ખતરનાક વિકેટ ઝડપી હતી, જ્યારે ડેથ ઓવર્સના નિષ્ણાત જસપ્રીત બુમરાહે ૧૯મી ઓવરમાં માત્ર ૧૧ રન આપીને પાકિસ્તાનની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. પાકિસ્તાનને અંતિમ ઓવરમાં ૩૩ રનની જરૂર હતી જે તે બનાવી શક્યું ન હતું અને ભારત ૧૯ રને વિજયી બન્યું હતું. અગાઉ રમાયેલી અન્ય એક મેચમાં શ્રીલંકાએ બાંગ્લાદેશને હરાવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

# ગોલ્ફરમાં પ્રણવી ઉર્સે રચ્યો ઐતિહાસિક ઈતિહાસ

## મહિલાઓની વ્યક્તિગત સ્પર્ધામાં દેશ માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો

(એજન્સી) નાગોયા । તા. 03



એશિયન ગેમ્સ ૨૦૨૬ના અંતિમ ચરણમાં ભારતીય ખેલાડીઓએ રમતગમતના ઈતિહાસમાં સોનેરી અક્ષરો લખવાનું ચાલુ રાખ્યું છે. શનિવારે મહિલા ગોલ્ફની વ્યક્તિગત સ્પર્ધામાં ભારતની પ્રતિભાશાળી પ્રોફેશનલ ગોલ્ફર પ્રણવી ઉર્સે શાનદાર પ્રદર્શન કરતા ૧૫-અંડર ૨૬૫ના શાનદાર સ્કોર સાથે ઐતિહાસિક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે.

એશિયન ગેમ્સના ઈતિહાસમાં મહિલા ગોલ્ફ ઈવેન્ટમાં ભારત દ્વારા જીતવામાં આવેલો આ સર્વપ્રથમ વ્યક્તિગત ગોલ્ડ મેડલ છે. આ ઉપરાંત, પ્રણવી ઉર્સ, અદિતિ અશોક અને દીક્ષા ડાગરની બનેલી ભારતીય મહિલા ટીમ દ્વારા આ જ સ્પર્ધામાં સિલ્વર મેડલ પણ પ્રાપ્ત કરવામાં આવ્યો છે, જેનાથી દેશનું ગૌરવ વધુ વધ્યું છે.

મૈસૂરની વતની અને ૨૩ વર્ષીય પ્રણવી ઉર્સ ફાઈનલ રાઉન્ડ પહેલાં ૧૫-અંડર ૧૯૫ના સ્કોર સાથે ઓવરનાઈટ લીડર હતી અને સિંગાપોરની શાનન શુઆન યિન ટાન સામે ત્રણ શૉટની લીડ ધરાવતી હતી. જોકે, ફાઈનલ રાઉન્ડના ત્રીજા જ હોલ પર ટ્રિપલ બોગી થવાને કારણે તેની લીડ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી અને ચીનની રૂનિંગ યિન ટૂંકા સમય માટે રેસમાં આગળ આવી ગઈ હતી.

પરંતુ, પ્રણવીએ માનસિક મજબૂતાઈ ગુમાવ્યા વગર શાનદાર પુનરાગમન કર્યું હતું. તેણે છઠ્ઠા, દસમા અને તેરમા હોલ પર શાનદાર બર્ડies રમીને ફરીથી મેચમાં પોતાની પકડ મજબૂત બનાવી લીધી હતી. બાદમાં અંતિમ ક્ષણોમાં શાનન ટાન દ્વારા અભિનંદન આપવામાં આવ્યા ત્યારે જ તેને ખબર પડી કે તે વિજયી બની ચૂકી છે.

૧૫ એપ્રિલ ૨૦૦૩ના રોજ જન્મેલી પ્રણવીએ ૭ વર્ષની ઉંમરે પોતાના પિતા અને ભાઈને જોઈને જયચામરાજ વાડિયાર ગોલ્ફ ક્લબ ખાતે ગોલ્ફ રમવાની શરૂઆત કરી હતી. જુનિયર અને એમેચ્યોર સર્કિટમાં અસંખ્ય ટ્રોફી જીતનારી પ્રણવીએ વર્ષ ૨૦૨૦માં પ્રોફેશનલ ગોલ્ફમાં પ્રવેશ કર્યો હતો. અગાઉ હાંગઝોઉ એશિયન ગેમ્સમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલી પ્રણવીએ લેડીઝ યુરોપિયન ટૂર (LET) અને અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને પોતાની ઓળખ ઊભી કરી છે.

આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની દીકરીઓ દ્વારા સતત મળી રહેલી આ અદ્ભુત સફળતાઓથી દેશના યુવા ખેલાડીઓમાં ઉત્સાહનો નવો સંચાર થયો છે.

## આખરી દિવસે ભારતે જીત્યા 9 મેડલ, કુલ 85 મેડલ સાથે ઐતિહાસિક સફરનું સમાપન




(એજન્સી) નાગોયા । તા. 03

જાપાનના આઈચી નાગોયા ખાતે આયોજિત એશિયન ગેમ્સ 2026માં ભારતીય ખેલાડીઓએ ધમાકેદાર પ્રદર્શન સાથે પોતાના અભિયાનનું શાનદાર સમાપન કર્યું છે. રમતોત્સવના અંતિમ દિવસે ભારતીય રમતવીરોએ જબરદસ્ત પ્રદર્શન કરતાં કુલ 9 મેડલ (5 ગોલ્ડ, 2 સિલ્વર અને 2 બ્રોન્ઝ) પોતાના નામે કર્યા હતા. આ શાનદાર દેખાવ સાથે જ ભારતના કુલ મેડલની સંખ્યા 85 પર પહોંચી ગઈ છે, જેમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ મેડલ સામેલ છે. હાલમાં ભારતે મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહીને પોતાની યાત્રા પૂર્ણ કરી છે. 14થી વધુ દિવસ સુધી ચાલેલી આ સ્પર્ધામાં ભારતના 495 એથ્લેટ્સે 36 વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને દેશનું ગૌરવ વધાર્યું છે. ભારતની 17 વર્ષીય યુવા તીરંદાજ કુમકુમ મોહોડે વિમેન્સ રિકર્વ વ્યક્તિગત ઈવેન્ટમાં સુવર્ણ સફળતા મેળવી છે. તેણે આ રોમાંચક મુકાબલાના શૂટ-ઓફમાં દક્ષિણ કોરિયાની ઓ યેજિન સામે પરફેક્ટ 10નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. વિમેન્સ વ્યક્તિગત સ્ટ્રોક પ્લે ગોલ્ફ ઈવેન્ટમાં ભારતીય ગોલ્ફર પ્રણવી શરથ ઉર્સે અસાધારણ રમત દર્શાવી હતી. તેણે 15 અંડર પારના સ્કોર સાથે પ્રથમ સ્થાન હાંસલ કરીને ભારતની ઝોળીમાં વધુ એક ગોલ્ડ મેડલ નાખ્યો હતો. મેન્સ ફ્રીસ્ટાઈલ 57 કિગ્રા વજન વર્ગની કુસ્તીમાં અમન સેહરાવતે શ્વાસ થંભાવી દે તેવી લડત આપી હતી. તેણે ઉત્તર કોરિયાના કુસ્તીબાજને જોરદાર પછડાટ આપીને ભારતને કુસ્તીમાં દિવસનો ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ભા ક્રિકેટની હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં ભારતીય પુરુષ ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાનને 19 રને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 6 વિકેટે 211 રન બનાવ્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને માત્ર 192 રન જ બનાવી શકી હતી. રતીય પુરુષ હોકી ટીમે ફાઈનલ મેચમાં મલેશિયા સામે સંપૂર્ણ દબદબો જાળવી રાખીને 5-1થી એકતરફી વિજય મેળવ્યો હતો. આ જીત સાથે ભારતે સતત બીજી વખત એશિયન ગેમ્સમાં હોકીનો ગોલ્ડ મેડલ જીતીને પોતાનું ટાઈટલ જાળવી રાખ્યું છે. આ જ આવૃત્તિમાં ભારતની પુરુષ અને મહિલા બંને ટીમોએ ગોલ્ડ જીતીને નવો ઈતિહાસ પણ રચ્યો છે. કાસુગાઈ કન્ટ્રી ક્લબ ખાતે યોજાયેલી મહિલા ગોલ્ફ ટીમ ઈવેન્ટમાં ભારતીય ટીમે ઈતિહાસ રચતાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ભારતીય મહિલા ખેલાડીઓએ 14-અંડર 546નો સ્કોર બનાવીને ચીન પછી સમગ્ર સ્પર્ધામાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મહિલા કુસ્તીની 53 કિગ્રા કેટેગરીની ફાઈનલમાં ભારતની અંતિમ પંઘાલને જાપાનની મો કિયોકા સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો, છતાં તેણે શાનદાર પ્રદર્શન ચાલુ રાખીને દેશ માટે સિલ્વર મેડલ મેળવ્યો હતો. તે આ એશિયન ગેમ્સમાં મેડલ જીતનારી ભારતની એકમાત્ર મહિલા પહેલવાન બની છે. મેન્સ ફ્રીસ્ટાઈલ 97 કિગ્રા કેટેગરીમાં દીપક પૂનિયાએ કાંટાની ટક્કરમાં ઉત્કૃષ્ટ સંયમ બતાવ્યો હતો. તેણે મંગોલિયાના કુસ્તીબાજને 2-1થી હરાવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. મેન્સ રિકર્વ વ્યક્તિગત તીરંદાજીના બ્રોન્ઝ મેડલ પ્લે-ઓફમાં બે ભારતીય ખેલાડીઓ વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં નીરજ ચૌહાણે પોતાના જ દેશના ધીરજ બોમ્મદેવરાને 6-4થી માત આપીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

**શુભમન ગિલની વર્લ્ડ કપ માટે હુંકાર**

## 2023ની ફાઈનલની હાર યાદ કરી કહ્યું કે અમારું અધૂરું કામ પૂરું કરવાનું બાકી છે

(એજન્સી) મુંબઈ । તા. 03



વેસ્ટ ઈન્ડિઝ સામેની નિર્ણાયક ત્રીજી વનડે મેચ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલે સત્તાવાર બ્રોડકાસ્ટર સાથે ખાસ વાતચીતમાં આગામી વર્લ્ડ કપ, પોતાની કેપ્ટનશિપ અને ટીમના વરિષ્ઠ ખેલાડીઓની ભૂમિકા અંગે ખુલીને ચર્ચાઓ કરી છે. તાજેતરની મેચમાં વનડે ઈતિહાસની સૌથી ઝડપી સદી ફટકારીને વૈશ્વિક સ્તરે છવાઈ ગયેલા ગિલે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય ટીમનું મુખ્ય લક્ષ્ય આ વખતે ૨૦૨૩ના વર્લ્ડ કપની ફાઈનલની હારનો બદલો લઈને અધૂરું કામ પૂરું કરવાનું છે.

બંને ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરવા અંગે વાત કરતા કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે નાનપણથી મોટો થતાં ક્યારેય ભારતની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનો કેપ્ટન બનવાનું કોઈ ચોક્કસ સપનું નહોતું જોયું. દેશ માટે મેદાન પર રમવું અને મેચ જીતાડવી એ જ તેમનું એકમાત્ર લક્ષ્ય રહ્યું છે. આ જવાબદારી મળવા પર તેમણે કહ્યું કે આ તેમના માટે ખૂબ જ મોટું સન્માન અને ગૌરવની વાત છે. તેઓ તેને માત્ર એક મોટી જવાબદારી તરીકે જોવે છે, જેના કારણે તેમના પર કોઈ વધારાનું માનસિક દબાણ આવતું નથી. સાચી દાનત અને ઈમાનદારીથી કામ કરવામાં આવે તો તમામ બાબતો આપોઆપ યોગ્ય દિશામાં આગળ વધતી હોય છે.

વર્ષ ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે મળેલી હારની પીડા હજુ પણ તાજી હોવાનું સ્વીકારતા ગિલે જણાવ્યું હતું કે, “હા, એ અમારું અધૂરું કામ છે જેને કોઈપણ ભોગે પૂરું કરવાનું બાકી છે.” સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ભારતીય ટીમ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને રમી હતી, પરંતુ અંતિમ મુકાબલામાં નિષ્ફળતા મળી હતી. દેશ માટે વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટ રમવાની તકો જીવનમાં વારંવાર મળતી નથી.

**ગૌતમી નાયકની વિસ્ફોટક બેટિંગ સતત પાંચમી જીતનો લક્ષ્યાંક**

ત્રીજી એશિયન ગેમ્સમાં ભારતે જાળવી રાખી મેડલ જીતવાની પરંપરા

## માનુષ શાહ અને દિયા ચિતલેની જોડીએ મિક્સ્ડ ડબલ્સમાં જીત્યો બ્રોન્ઝ મેડલ

(એજન્સી) નાગોયા । તા. 03

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓએ સંઘર્ષપૂર્ણ પ્રદર્શન કરતા મિક્સ્ડ ડબલ્સ



મુકાબલામાં બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. માનુષ શાહ અને દિયા ચિતલેની જોડી દ્વારા જીતવામાં આવેલા આ પદક સાથે જ ભારતે એશિયન ગેમ્સની સતત ત્રીજી આવૃત્તિમાં ટેબલ ટેનિસ ઈવેન્ટમાં પોતાનું મેડલ જીતવાનું શિલસિલો જાળવી રાખ્યો છે. જોકે, આ અભિયાનની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવાથી એ સ્પષ્ટ થાય છે કે દેશમાં આ રમતની બેન્ચ સ્ટ્રેન્થ (ડેપ્થ) અને તૈયારીઓ અંગે હજુ ઘણું કામ કરવાની જરૂર છે.

સતત ત્રીજી એશિયન ગેમ્સમાં ભારતે ટેબલ ટેનિસમાં મેડલ જીતીને પોતાની ઉપસ્થિતિ નોંધાવી છે. અગાઉ ૨૦૧૮માં જકારતા ખાતે પુરુષ ટીમ અને શરથ કમલ-માનિકા બત્રાની જોડીએ મેડલ જીત્યા હતા, જ્યારે હાંગઝોઉ ગેમ્સમાં અહિકા મુખર્જી અને સુતીર્થા મુખર્જીએ મહિલા ડબલ્સમાં બ્રોન્ઝ મેળવ્યો હતો. આઈચી-નાગોયામાં માનુષ શાહ અને દિયા ચિતલેની છઠ્ઠી ક્રમાંકિત જોડીએ અપેક્ષાઓ પર ખરા ઉતરતા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં હોંગકોંગના ત્રીજા ક્રમાંકિત વોંગ ચુન ટિંગ અને ડૂ હોઈ કેમની મજબૂત જોડીને હરાવીને ભારત માટે મેડલ સુનિશ્ચિત કર્યો હતો. આ જોડીએ અગાઉ ૨૦૨૫ની ડબ્લ્યુટીટી ફાઈનલ્સ માટે પણ ક્વોલિફાય કર્યું હતું, જે તેમની ક્ષમતાની સાક્ષી પૂરે છે. ઉપરથી જોવા પર આ પ્રદર્શન ભલે સામાન્ય કે મર્યાદિત લાગે, પરંતુ ૨૫ કરોડના ભંડોળ અને માત્ર ૧૦ ખેલાડીઓના દાયરા સાથે ઉતરેલી ભારતીય ટીમ સામે અનેક વ્યવસ્થાકીય અને તૈયારીના પ્રશ્નો હતા.

**રેકોર્ડ** // 20 વર્ષના લુહાન ડી પ્રિટોરિયસે 79 બોલમાં 188 રન ફટકારી રચ્યો અદભુત ઈતિહાસ

# સા.આફ્રિકાના યુવા બેટ્સમેનની બેટિંગથી ક્રિસ ગેલનો વર્લ્ડ રેકોર્ડ તૂટ્યો

(એજન્સી) બ્લોમફોન્ટીન । તા. 03

સાઉથ આફ્રિકાના ૨૦ વર્ષીય યુવા ડાબોડી બેટ્સમેન લુહાન ડી પ્રિટોરિયસે T20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટો વ્યક્તિગત સ્કોર બનાવીને ધમાકો મચાવી દીધો છે. CSA T20 ચેલેન્જ દરમિયાન બ્લોમફોન્ટીનમાં રમાયેલા મુકાબલામાં પ્રિટોરિયસે માત્ર ૭૯ બોલમાં અણનમ ૧૮૮ રનની અત્યંત વિસ્ફોટક ઈનિંગ રમીને દિગ્ગજ ક્રિકેટર ક્રિસ ગેલનો ૧૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ શાનદાર ઈનિંગ દરમિયાન તેણે ૧૩ ગગનચુંબી છગ્ગા અને ૧૫ શાનદાર ચોગ્ગા ફટકાર્યા હતા. જોકે, તે માત્ર ૧૨ રનથી પોતાની T20 કારકિર્દીની પ્રથમ બેવડી સદી ફટકારવાથી ચૂકી ગયો હતો.



અગાઉ આ વર્લ્ડ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન ક્રિસ ગેલના નામે હતો, જેમણે IPL ૨૦૧૩માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તરફથી રમતી વખતે પુણે વોરિયર્સ સામે ૬૬ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧૭ છગ્ગાની મદદથી અણનમ ૧૭૫ રન બનાવ્યા હતા. હવે પ્રિટોરિયસે આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. T20 ક્રિકેટના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સ્કોરની યાદીમાં હવે ૧૮૮* રન સાથે લુહાન ડી પ્રિટોરિયસ પ્રથમ સ્થાને પહોંચી ગયો છે, જ્યારે ક્રિસ ગેલ (૧૭૫*) બીજા અને ઓસ્ટ્રેલિયાના એરોન ફિંચ (૧૭૨ રન) ત્રીજા સ્થાને છે.

મેચની વાત કરીએ તો, ટાઈટન્સની ટીમ દ્વારા પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રિટોરિયસે મેદાન પર ઉતરતાની સાથે જ આક્રમક અંદાજ અપનાવ્યો હતો અને માત્ર ૨૪ બોલમાં જ પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી. ત્યારબાદ આગામી માત્ર ૧૬ બોલમાં તેણે પોતાની સદી પણ પૂરી કરી દીધી હતી અને ૫૮ બોલમાં ૧૫૦ રનનો આંકડો પાર કર્યો હતો. નાઈટ્સના બોલરો તેની સામે સંપૂર્ણપણે લાચાર નજરે પડ્યા હતા. પ્રિટોરિયસની આ ઘાતક બેટિંગના દમ પર ટાઈટન્સે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૬૭ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જે CSA T20 ચેલેન્જનો બીજો સર્વશ્રેષ્ઠ ટીમ સ્કોર બન્યો છે.

પ્રિટોરિયસ માટે આ વર્ષની શરૂઆત અત્યંત શાનદાર રહી છે. તે છેલ્લા કેટલાક સમયથી અદભુત ફોર્મમાં ચાલી રહ્યો છે અને તેણે અગાઉ ઝિમ્બાબ્વે અને નામીબિયા વિરુદ્ધ ટ્રાઈ-સિરીઝમાં પણ અનુક્રમે ૯૪ અને ૧૦૧ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. T20 ફોર્મેટમાં તેની ૯૧મી મેચમાં આ ઐતિહાસિક સિદ્ધિએ સાબિત કરી દીધું છે કે આગામી સમયમાં તે વિશ્વ ક્રિકેટનો સૌથી ખતરનાક બેટ્સમેન બનીને ઉભરશે.

## ફિટનેસ અને આરામ પર રહેશે વિશેષ ધ્યાન

# પોલ વોલ્ટ ચેમ્પિયન આર્મન્ડ ‘મોંડો’ ડુપ્લાન્ટિસે 2027ની ઈન્ડોર સિઝન છોડવાની કરી જાહેરાત

(એજન્સી) સ્ટોકહોમ । તા. 03

વિશ્વ અને ઓલિમ્પિક પોલ વોલ્ટ ચેમ્પિયન આર્મન્ડ ‘મોંડો’ ડુપ્લાન્ટિસે આગામી વર્ષ ૨૦૨૭ની ઈન્ડોર એથ્લેટિક્સ સિઝન ન રમવાની ચોંકાવનારી જાહેરાત કરી છે. આ નિર્ણય અંતર્ગત તેઓ સ્પેનના વેલેન્સિયામાં યોજાનારી ૨૦૨૭ની યુરોપિયન ચેમ્પિયનશિપમાં પણ ભાગ નહીં લે. ૨૬ વર્ષીય સ્વીડિશ સ્ટારે સ્પષ્ટ કર્યું છે કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય શરીરને પૂરતો આરામ અને રિકવરી આપવાનો છે, જેથી તેઓ આઉટડોર સિઝન માટે સંપૂર્ણપણે ફિટ થઈ શકે.

આ નિર્ણય અંગે વાત કરતા ડુપ્લાન્ટિસે નિવેદનમાં જણાવ્યું હતું કે, “હું મારા શરીરને જરૂરી પુનઃપ્રાપ્તિ અને તૈયારી આપવા માટે આ નિર્ણય લઈ રહ્યો છું, જેથી જ્યારે હું સ્પર્ધામાં પાછો ફરું ત્યારે મારો શ્રેષ્ઠ દેખાવ આપી શકું. મારું સમગ્ર ધ્યાન સારી તાલીમ પર અને ૨૦૨૭ની આઉટડોર સિઝન માટે તૈયાર થવા પર રહેશે, જે મે મહિનાની શરૂઆતથી શરૂ થઈને સપ્ટેમ્બરના મધ્યમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ સુધી ચાલશે.” અમેરિકામાં જન્મેલા સ્વીડિશ ખેલાડી ‘મોંડો’ માટે ૨૦૨૬ની સિઝન અત્યંત શાનદાર રહી છે, જ્યાં



તેણે પોતાના જ વિશ્વ રેકોર્ડની સીમાને વધારીને ૬.૩૧ મીટર સુધી પહોંચાડી દીધી હતી. જોકે, આ દરમિયાન તેમને અપેક્ષા કરતા વધુ વખત ફિટનેસ સંબંધી મુશ્કેલીઓ અને પગની જકડાઈ (ટાઈટનેસ) જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. બ્રસેલ્સ ડાયમંડ લીગની ફાઈનલમાંથી પણ તેમને પગની તકલીફના કારણે ખસી જવું પડ્યું હતું, જોકે બાદમાં તેમણે વર્લ્ડ એથ્લેટિક્સ અલ્ટીમેટ ચેમ્પિયનશિપ ૬.૨૦ મીટરના માર્ક સાથે જીતી લીધી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઉનાળાની સિઝનમાં સ્પર્ધાઓનું શેડ્યૂલ ખૂબ જ ભારે અને અત્યંત માગણીયુક્ત રહ્યું છે.

## વિશ્વમાં વધુ એક મહાયુદ્ધના એંધાણ! : પાકિસ્તાને મોકલ્યા 40 હજાર સૈનિકો!

# હુથીઓ પર હુમલાનો સાઉદીનો પ્લાન લીક

(એજન્સી) રિયાધ | તા. 03

વૈશ્વિક ઓઈલ સપ્લાય અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારની ચેઈન પર અચાનક બેતરફી સંકટ ઊભું થતાં, સાઉદી અરેબિયાએ યમનમાં સક્રિય હૂથી વિદ્રોહીઓ સામે કડક સૈન્ય કાર્યવાહી શરૂ કરવાની વ્યુહરચના બનાવી લીધી છે, જેનાથી સમગ્ર પૂર્વ એશિયામાં તણાવની સ્થિતિ સર્જાઈ છે.

દુનિયાના દરિયાઈ વેપારના બે સૌથી મહત્વપૂર્ણ અને મુખ્ય દરવાજા ગણાતા માર્ગો પર ગંભીર જોખમ તોળાઈ રહ્યું છે. એક તરફ ઈરાન સાથેના વધતા તણાવ અને તલવારબાજીના કારણે હોર્મુઝ સ્ટ્રેટ લગભગ બંધ જેવી સ્થિતિમાં પહોંચી ગઈ છે, તો બીજી તરફ યમનમાં હૂથી વિદ્રોહીઓએ બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ પર પોતાનું નિયંત્રણ જમાવી લીધું છે. આ વૈશ્વિક દરિયાઈ વેપારના મુખ્ય માર્ગો પર સર્જાયેલા ગંભીર સંકટ વચ્ચે હવે સાઉદી અરેબિયાએ હૂથીઓ સામે સૈન્ય કાર્યવાહીના વિકલ્પો પર ગંભીરતાથી વિચારણા શરૂ કરી દીધી છે.

વૈશ્વિક અહેવાલો મુજબ, સાઉદી અરેબિયા હૂથીઓ વિરુદ્ધ હુમલો કરવા માટે બે મુખ્ય અને નિર્ણાયક વિકલ્પો પર કામ કરી રહ્યું છે. પ્રથમ વિકલ્પમાં બાબ-અલ-મંદેબની આસપાસના મહત્વપૂર્ણ તટીય વિસ્તારોને હૂથીઓના



કબજામાંથી મુક્ત કરવાનો છે, જ્યારે બીજા વિકલ્પ હેઠળ યમનના અનેક મોરચે એકસાથે વ્યાપક સૈન્ય અભિયાન શરૂ કરવાનું છે. આ અભિયાનમાં સાઉદી અરેબિયા પોતાના સૈનિકોને જમીની યુદ્ધમાં સીધા મોકલવાને બદલે યમનની એક લાખથી વધુ સૈનિકોની સેનાને મેદાનમાં ઉતારશે અને સાઉદી સેના તેમને આકાશમાંથી હવાઈ હુમલાઓ દ્વારા મજબૂત સમર્થન પૂરું પાડશે. આ સમગ્ર તણાવપૂર્ણ ઘટનાક્રમમાં પાકિસ્તાનની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. તાજેતરના દ્વિપક્ષીય સંરક્ષણ કરારો બાદ પાકિસ્તાને સાઉદી અરેબિયામાં પોતાના અંદાજે ત્રીસથી ચાલીસ હજાર જેટલા સૈનિકો તૈનાત કર્યા છે. આ સૈનિકો હાલ ત્યાંની જમીની સરહદોની સુરક્ષા કરવાની સાથેસાથે ડ્રોન અને મિસાઈલ હુમલાઓને નિષ્ફળ બનાવવામાં મહત્વની મદદ કરી રહ્યા છે. આ સાથે પાકિસ્તાન દ્વારા અદન બંદરે અદ્યતન એર ડિફેન્સ સિસ્ટમ, નાની તોપો અને ડ્રોન પણ મોકલવામાં આવ્યા છે જેથી સંરક્ષણ વ્યવસ્થા વધુ મજબૂત બને.

બાબ-અલ-મંદેબ એ ભૂમધ્ય સાગર અને એશિયા વચ્ચેના દરિયાઈ વેપારનો અત્યંત નિર્ણાયક રસ્તો છે. હોર્મુઝ માર્ગમાં અવરોધ સર્જાયા પછી આ માર્ગનું મહત્વ અનેકગણું વધી ગયું છે. સાઉદી અરેબિયાનું સ્પષ્ટ માનવું છે કે જ્યાં સુધી આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર હૂથીઓનું નિયંત્રણ યથાવત રહેશે, ત્યાં સુધી તેમની સાથે કોઈપણ પ્રકારની શાંતિ મંત્રણા શરૂ કરવી અશક્ય છે. આ જટિલ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે અમેરિકા પણ સાઉદી અરેબિયાને ગુપ્તચર માહિતી અને લક્ષ્ય સંબંધિત મહત્વપૂર્ણ ડેટા પૂરા પાડીને સહયોગ કરી રહ્યું છે.

## વિદેશમાં હિન્દુ સંસ્થાઓ અને મંદિરો સુરક્ષાના ઘેરામાં

# અમેરિકાના ઓહિયોમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ પર ઉપદ્રવીઓનો પથ્થરમારો



(એજન્સી) રિચમંડ હાઈટ્સ | તા. 03

અમેરિકાના ઓહિયો રાજ્યના રિચમંડ હાઈટ્સ વિસ્તારમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ પર શુક્રવારે કેટલાક ઉપદ્રવીઓ દ્વારા અચાનક ઈંટોથી હુમલો કરવામાં આવ્યો, જેના કારણે મંદિરના કાચ તૂટી ગયા પરંતુ સદનસીબે હાજર રહેલા શ્રદ્ધાળુઓ અને પૂજારી સુરક્ષિત રહ્યા છે.

અમેરિકાના ઓહિયો રાજ્યના ગ્રેટર ક્લીવલેન્ડ વિસ્તારમાં સ્થિત શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર પર થયેલા આ હુમલાથી સ્થાનિક ભારતીય અને હિન્દુ સમુદાયમાં ચિંતાની લહેર દોડી ગઈ છે. આ ઘટના બની ત્યારે મંદિરની અંદર પૂજારી અને અનેક શ્રદ્ધાળુઓ ઉપસ્થિત હતા. કોએલિશન ઓફ હિન્દુઝ ઓફ નોર્થ અમેરિકા સંસ્થાના જણાવ્યા અનુસાર, આ શુક્રવાર બપોરની ઘટના છે જેમાં ઓહિયોના રિચમંડ હાઈટ્સમાં આવેલા પવિત્ર મંદિરને નિશાન બનાવવામાં આવ્યું હતું. હુમલાખોરોએ મંદિર પર ઈંટો ફેંકી હતી જેના કારણે બારીના કાચ નુકસાન પામ્યા હતા, જોકે રાહતની વાત એ રહી કે આ હુમલામાં કોઈ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચ્યાના સત્તાવાર અહેવાલ નથી.

આ કાયરતાપૂર્ણ ઘટના સામે આવ્યા બાદ હિન્દુ સંગઠનો દ્વારા સખત શબ્દોમાં તેની નિંદા કરવામાં આવી છે. સંસ્થાએ રિચમંડ હાઈટ્સના મેયર કિમ થોમસ અને સ્થાનિક પોલીસ પ્રશાસન સમક્ષ આ પ્રકારની કટ્ટરતા સામે અવાજ ઉઠાવવા તેમજ દોષિતો સામે વહેલી તકે કડક પગલાં લેવાની માંગણી કરી છે. હાલ આ મામલે કોઈ સંદિગ્ધની ઓળખ કે ધરપકડ થયાની સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી, પરંતુ પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ હુમલો એવા સંવેદનશીલ સમયે થયો છે જ્યારે અમેરિકામાં હિન્દુ સમુદાયના લોકો 'હિન્દુ હેરિટેજ મંથ'ની ઉજવણીની શરૂઆત જ કરી રહ્યા છે અને આગામી સમયમાં નવરાત્રીનો પવિત્ર તહેવાર પણ આવનાર છે. આવા પવિત્ર અવસર પર આ પ્રકારની ઘટના બનવાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી છે અને વિદેશી ધરતી પર હિન્દુ સંસ્થાઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ઉપદ્રવીઓએ મંદિરને નિશાન બનાવીને અચાનક ઈંટો અને પથ્થરો ફેંકવાનું શરૂ કરી દીધું હતું. આ આડેધડ પથ્થરમારાના કારણે મંદિરની બારીના કાચ તૂટી ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન હરકતમાં આવી ગયું છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકામાં હિન્દુ સમુદાયના લોકો 'હિન્દુ હેરિટેજ મંથ'ની ઉજવણીની શરૂઆત જ કરી રહ્યા છે અને નવરાત્રીનો પવિત્ર તહેવાર પણ નજીક આવી રહ્યો છે.

આ ઘટના બાદ સંબંધિત સંસ્થાએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે અમેરિકામાં હિન્દુ મંદિરો અને સમુદાય વિરુદ્ધ નફરત તથા હિંસાની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. અગાઉના વર્ષોમાં પણ અનેક જગ્યાએ આવી ઘટનાઓ બની ચૂકી છે:

ડિસેમ્બર ૨૦૨૩: કેલિફોર્નિયાના નેવાર્ક સ્થિત સ્વામિનારાયણ મંદિરની દીવાલો પર નફરત ફેલાવતા નારા લખવામાં આવ્યા હતા.

સપ્ટેમ્બર ૨૦૨૪: ન્યુયોર્કના મેલવિલે અને કેલિફોર્નિયાના સેક્રામેન્ટો ક્ષેત્રમાં મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી.

માર્ચ ૨૦૨૫: કેલિફોર્નિયાના ચીનો હિલ્સ સ્થિત મંદિરને પણ નફરતભર્યા સંદેશાઓ લખીને બદનામ કરવાનો પ્રયાસ કરાયો હતો. આ સતત બની રહેલી દુઃખદ ઘટનાઓને કારણે અમેરિકામાં વસતા ભારતીય અને હિન્દુ સમુદાયના લોકોમાં પોતાની સુરક્ષાને લઈને ડર અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ પાસે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની પ્રબળ માંગ કરવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### જેડી વેન્સના નિવેદનથી એચ વન બી વિઝા કાયમ માટે બંધ થવાની આશંકા



વાશિંગ્ટન | અમેરિકામાંથી એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં દેશના ઉપપ્રમુખ જેડી વેન્સ દ્વારા એચ વન બી વિઝા પ્રોગ્રામને સંપૂર્ણપણે 'ભાંગી પડેલો' ગણાવીને તેને નાબૂદ કરવાની હિમાયત કરવામાં આવી છે. આ વિઝાનો સૌથી વધુ લાભ ભારતીય ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ વ્યાવસાયિકોને મળતો હોવાથી, આ નિવેદનને કારણે અમેરિકામાં વસતા અને ત્યાં કારકિર્દી બનાવવા ઈચ્છતા ભારતીયોમાં ભારે ફફડાટ અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન જેડી વેન્સે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે અમેરિકન કંપનીઓ આ સિસ્ટમનો ગેરલાભ ઉઠાવીને સ્થાનિક કર્મચારીઓની જગ્યાએ સસ્તા વિદેશી શ્રમિકોને કામ પર રાખી રહી છે. તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું કે જો કોઈ અમેરિકન વ્યાવસાયિકને બદલે ઓછા વેતનમાં વિદેશી શ્રમિકને લાવવામાં આવે, તો તે કોઈ પ્રતિભાશાળી વ્યક્તિને લાવવા સમાન નથી પરંતુ સ્થાનિક નોકરીઓનો નાશ કરવા જેવું છે.

### છ વર્ષની બાળકીની જીદ અને મુસાફરોના સાહસથી ટળી મોટી હોનારત



તેલ અવીવ | દુબઈથી તેલ અવીવ તરફ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ (FZ1073)માં ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ સર્જાયેલી એક અત્યંત ડરામણી અને રુંવાડા ઊભા કરી દે તેવી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં ઓમાની કો-પાયલટે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર ચાકુથી આડેધડ ઘા કરીને વિમાનને ક્રેશ કરવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. જોકે, માત્ર છ વર્ષની એક માસૂમ બાળકીની જીદ અને સમયસૂચકતા તેમજ વિમાનમાં સવાર મુસાફરોના અદભુત સાહસના કારણે સેંકડો મુસાફરોના જીવ ચમત્કારિક રીતે બચી ગયા હતા. ઉડાન દરમિયાન છ વર્ષની નીના નામની બાળકીને ટૉયલેટ જવું હોવાથી તેની માતા તેને કૉકપિટની નજીક લઈ ગઈ હતી. તે જ ક્ષણે કૉકપિટની અંદર ઓમાની કો-પાયલટ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર ચાકુથી જીવલેણ હુમલો કરી રહ્યો હતો. કૉકપિટનો દરવાજો થોડો ખુલ્લો હોવાથી માતાએ અંદર લોહીથી લથપથ ભયાનક દ્રશ્ય જોઈને જોર-જોરથી બૂમો પાડી હતી. આ દરમિયાન હુમલાખોરે અચાનક વિમાનને નીચેની તરફ હંકારી મૂકતા પ્લેનમાં નાસભાગ મચી ગઈ હતી. પ્લેન ગૌતા ખાવા લાગતા ડરેલી નાની નીનાએ તેના પિતાને કહ્યું કે, 'પપ્પા, અમે મરવા માંગતા નથી!'.

## સમગ્ર શહેરમાં ભારે ટ્રાફિક જામથી જનજીવન અસ્તવ્યસ્ત

# રશિયન હવાઈ હુમલાના કારણે કીવમાં નીપ્રો નદી પરના ત્રણ પુલો બંધ

(એજન્સી) કીવ | તા. 03

યુક્રેનની રાજધાની કીવ શહેરમાં રશિયા દ્વારા કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલાઓને કારણે શુક્રવારે નીપ્રો નદી પર બનેલા મહત્વના ત્રણ પુલોને થોડાક સમય માટે બંધ કરવાની ફરજ પડી હતી. આ હુમલાઓ પાછળ મોસ્કોનો હેતુ કીવના સામાન્ય નાગરિકોના રોજિંદા જીવનમાં અવરોધ ઉભો કરવાનો છે તેમ યુક્રેનની રાજધાની કીવના મેયરે એક નિવેદનમાં જણાવ્યું છે. આ હિંસક ઘટનાક્રમ વચ્ચે યુક્રેનને આંતરરાષ્ટ્રીય સ્તરેથી રાહત આપતા કેટલાક મહત્વપૂર્ણ કૂટનીતિક પ્રસ્તાવો પણ મળ્યા છે, જેણે યુદ્ધની સ્થિતિમાં નવું વળાંક આપ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રશિયન હુમલાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કીવના છ સડક પુલો પૈકી ત્રણને બંધ કરવા પડ્યા હતા, જેના કારણે સમગ્ર શહેરમાં ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને રોજિંદા કામકાજ માટે નીકળેલા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક તંત્રનું માનવું છે કે આ શહેરના લોકોને હેરાન કરવાની અને તેમની માનસિક સ્થિતિ તોડવાની રશિયાની એક નવી યુક્તિ છે. અગાઉ પણ રશિયા દ્વારા એપાર્ટમેન્ટ બ્લોક, સુપરમાર્કેટ વેરહાઉસ, ગેસ સ્ટેશન અને ડેટા સેન્ટર જેવા નાગરિક લક્ષ્યાંકોને નિશાન બનાવવામાં આવ્યા છે. વોશિંગ્ટન સ્થિત ઈન્સ્ટીટ્યુટ ફોર ધ સ્ટડી ઓફ વોરના રિપોર્ટ મુજબ, તાજેતરના મહિનાઓમાં રશિયન સેનાને મોટું નુકસાન થયું છે અને સપ્ટેમ્બરમાં જ મોટી સંખ્યામાં સૈનિકોના મોત થયા છે.

આ મુશ્કેલ સમય વચ્ચે યુક્રેનના ટોચના રાજદ્વારીએ ખુલાસો કર્યો છે કે અધિકારીઓને અમેરિકા, ભારત, તુર્કી અને ઈજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધ વિરામ માટે અલગ અલગ પ્રસ્તાવો પ્રાપ્ત થયા છે. આ પ્રસ્તાવોમાં મુખ્યત્વે એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓ રોકવાની વાત છે, જેના કારણે રશિયામાં ફ્યુઅલની અછત અને યુક્રેનમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. આ ઉપરાંત, કાળા સમુદ્ર પર હુમલા રોકવાનો પ્રસ્તાવ પણ સામેલ છે જે વિશ્વના બજારોમાં જરૂરી



અનાજની નિકાસ કરવા માટે અત્યંત આવશ્યક છે. યુક્રેનના વિદેશ પ્રધાને જણાવ્યું છે કે તેઓ કેટલીક શરતોને આધીન એનર્જી અને કાળા સમુદ્રમાં સીઝફાયર માટે તૈયાર છે.

વર્તમાન પરિસ્થિતિને જોતા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ ફરી એક વખત વિશ્વના તમામ દેશોને રશિયા સાથેનો વેપાર સંપૂર્ણપણે બંધ કરવા અને તેના પર વધુ કડક પ્રતિબંધો મૂકવાની જોરદાર અપીલ કરી છે. યુક્રેન પોતાની રક્ષા માટે તમામ રાજકીય અને કૂટનીતિક વિકલ્પો પર કામ કરી રહ્યું છે, પરંતુ જમીની હકીકત એ છે કે સામાન્ય પ્રજા આ યુદ્ધની સૌથી મોટી કિંમત ચૂકવી રહી છે. આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતાથી યુદ્ધ વિરામ તરફ કોઈ નક્કર પગલાં લેવાય છે કે કેમ તે જોવું રહ્યું.

આ દરમિયાન યુક્રેનનાં ટોચનાં રાજદ્વારીએ જણાવ્યું હતું કે અધિકારીઓને અમેરિકા, ભારત, તુર્કી અને ઈજિપ્ત તરફથી રશિયા સાથે આંશિક યુદ્ધ વિરામ માટે અલગ અલગ પ્રસ્તાવો મળ્યા છે.

આ પ્રસ્તાવોમાં એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાઓ રોકવાની વાત છે. જેના કારણે રશિયામાં ફ્યુઅલની અછત અને યુક્રેનમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. કાળા સમુદ્ર પર હુમલો રોકવાની વાત છે જે વિશ્વનાં બજારોમાં જરૂરી અનાજ નિકાસ કરવા માટે જરૂરી છે.

રશિયન હુમલાઓને કારણે કીવનાં ૬ સડક પુલો પૈકી ત્રણને બંધ કરવાની ફરજ પડી હતી. જેના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને એવું લાગી રહ્યું હતું કે આ શહેરનાં લોકોને હેરાન કરવાની તેની નવી યુક્તિ છે.

આ અગાઉ રશિયાએ એપાર્ટમેન્ટ બ્લોક, સુપરમાર્કેટ વેરહાઉસ, ગેસ સ્ટેશન અને ડેટા સેન્ટર જેવા અન્ય લક્ષ્યાંકોને નિશાન બનાવ્યા હતાં.

# ટ્રમ્પની ચેતવણી અને મધ્યપૂર્વમાં ત્રીજું યુદ્ધ જહાજ તથા 9,000 સૈનિકો ખડક્યા

(એજન્સી) વોશિંગ્ટન | તા. 03

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે આક્રમક વલણ અપનાવતા મધ્યપૂર્વના સંવેદનશીલ ક્ષેત્રમાં ત્રીજું એરક્રાફ્ટ કેરિયર યુદ્ધ જહાજ અને વધારાના ૯,૦૦૦ સૈનિકો તૈનાત કરી દીધા છે. મિડ-ટર્મ ચૂંટણી પહેલાં સર્જાયેલી આ કટોકટી વચ્ચે ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ફ્લાયદુબઈ વિમાન દુર્ઘટના કે હુમલાના પ્રયાસમાં ઈરાનની સંડોવણી સાબિત થશે, તો તેમના પર ક્યારેય ન ભૂલી શકાય તેવા ભયંકર અને અકલ્પનીય હુમલા કરવામાં આવશે. આ પગલાથી વૈશ્વિક રાજકારણ અને મધ્યપૂર્વમાં યુદ્ધના વાદળો વધુ ઘેરાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકાના આ નવા સૈન્ય જમાવડામાં આશરે ૭,૦૦૦ ખલાસીઓ અને ૨,૦૦૦ મરીન્સનો સમાવેશ થાય છે, જેઓ યુએસએસ થિયોડોર રુઝવેલ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ અને અન્ય સહાયક યુદ્ધ જહાજો સાથે ઓક્ટોબરના અંત સુધીમાં આ ક્ષેત્રમાં સંપૂર્ણપણે પહોંચી જશે. આ સૈન્ય તૈનાતી બાદ મધ્યપૂર્વમાં અમેરિકી નેવીના ૨૦,૦૦૦થી વધુ ખલાસીઓ અને મરીન્સ સક્રિય થઈ જશે, જે વર્ષ ૨૦૦૩ પછીની સૌથી મોટી સૈન્ય ઉપસ્થિતિ ગણવામાં આવી રહી છે. ટ્રમ્પ પ્રશાસન ચૂંટણી પહેલાં કોઈપણ ભે પોતાની સ્થિતિ મજબૂત કરવા અને વિરોધીઓને કડક સંદેશ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર જણાય છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન સાથેના સંઘર્ષ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દે અગાઉની દરખાસ્તો અસ્વીકાર્ય રહી છે. ફ્લાયદુબઈ વિમાન સંબંધિત ઘટનામાં જો ઈરાની હાથ હોવાની પક્કી માહિતી મળશે તો વળતો પ્રહાર ખૂબ જ વિનાશક હશે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં કુવૈતી ઓઈલ ટેન્કર પર મિસાઈલ ત્રાટકી, પાંચેય ભારતીય ખલાસીઓ સુરક્ષિત રીતે રેસ્ક્યૂ

(એજન્સી) મસ્કત | તા. 03

મિડલ ઈસ્ટમાં સતત વધી રહેલા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે અત્યંત વ્યૂહાત્મક ગણાતા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા કુવૈતી ક્રૂડ ઓઈલ ટેન્કર 'એમટી કાઝીમા-3' પર મિસાઈલ હુમલો થવાની અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. આ હુમલામાં જહાજને ભારે નુકસાન પહોંચ્યું હતું, પરંતુ સદનસીબે તેના પર સવાર પાંચેય ભારતીય નાગરિકોને ભારતીય મિશન અને ઓમાનના સંયુક્ત પ્રયાસોથી હેમખેમ બચાવીને સુરક્ષિત રીતે કિનારે લાવવામાં આવ્યા છે. આ સફળ બચાવ કામગીરીથી ભારતીય સમુદાયે રાહતનો શ્વાસ લીધો છે.

કુવૈતનો ધ્વજ ધરાવતું અને ક્રૂડ ઓઈલ ભરીને ટોગોના લોમે બંદર તરફ જઈ રહેલું આ ઓઈલ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટની હદમાંથી પસાર થઈ રહ્યું હતું તે દરમિયાન અચાનક તેના પર મિસાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે



જહાજને ક્ષતિ પહોંચી હતી. ઘટનાની ગંભીરતાને જોઈને ત્વરિત પગલાં લેવામાં આવ્યા હતા. મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, હુમલાનો ભોગ બનેલા ટેન્કર પરના તમામ પાંચેય ભારતીય ખલાસીઓને શનિવારે સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે અને ભારતીય મિશને આ કટિકાના સમયે સહયોગ આપવા બદલ ઓમાન તંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. આ ઘટના બાદ દરિયાઈ માર્ગો પર વ્યાપારી જહાજો અને નાગરિકોની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. વિદેશ મંત્રાલય દ્વારા અગાઉ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સંવેદનશીલ વિસ્તારમાં હજારોની સંખ્યામાં ભારતીય ખલાસીઓ પોતાની સેવાઓ આપી રહ્યા છે. વર્તમાન આંકડાઓ મુજબ, પર્શિયન ગલ્ફ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં 4,500થી વધુ ભારતીય ખલાસીઓ કાર્યરત છે, જેમાંથી અનેક જહાજો ભારત માટે માલસામાનનું પરિવહન કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર વધતા જતા જોખમો વચ્ચે ભારત સરકાર પોતાના નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત સક્રિય છે અને દરેક સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. આ પ્રકારની હિંસક ઘટનાઓથી માત્ર સંબંધિત જહાજ જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના પુરવઠા અને દરિયાઈ વેપાર પર પણ વિપરીત અસરો પડી રહી છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષોને કારણે વ્યાપારી જહાજો માટે આ માર્ગો અત્યંત જોખમી બનતા જઈ રહ્યા છે.

**જીવન-મરણ** | અમેરિકાના ટેનેસીમાં મૃત્યુદંડ મેળવનારી મહિલાને બે વખત ઝેરી ઈન્જેક્શન આપવા છતાં જીવતી રહી

# ઝેરી ઈન્જેક્શન આપવા છતાં ન થયો મૃત્યુદંડનો અમલ

(એજન્સી) નેશવિલે | તા. 03

અમેરિકાના ટેનેસી રાજ્યમાંથી એક અત્યંત ચોંકાવનારી અને દુર્લભ ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં હત્યાના ગુનામાં મૃત્યુદંડની સજા ભોગવી રહેલી એક મહિલા ગુનેગારને બે-બે વખત ઝેરી ઈન્જેક્શન આપવા છતાં તે ચમત્કારિક રીતે બચી ગઈ છે. આ અસામાન્ય કિસ્સામાં મહિલાએ દોઢ કલાક સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યો હતો, ત્યારબાદ તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ દુર્લભ ઘટના સામે આવ્યા બાદ તેના વકીલોએ સજા માફ કરવાની જોરદાર માંગણી કરી છે, જેના કારણે સમગ્ર દેશમાં ભારે ચર્ચાનો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ક્રિસ્ટા પાઈક નામની કોલેજ વિદ્યાર્થીએ ૧૯૯૫માં તેના બોયફ્રેન્ડ સાથે મળીને તેની જ ક્લાસમેટ કોલિન સ્લેમરની નિર્દયતાથી હત્યા કરી હતી. ક્લાસમેટ પોતાના બોયફ્રેન્ડની વધુ ક્લોઝ થઈ રહી હોવાની અદાવતમાં આ ખૌફનાક અપરાધ આચરવામાં આવ્યો હતો. ટેનેસીની અદાલતે



૧૯૯૬માં આ કેસમાં ક્રિસ્ટા પાઈકને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ તેણે વર્ષો સુધી ઉચ્ચ કોર્ટોથી લઈને દેશની સર્વોચ્ચ અદાલત સુધી લાંબી કાયદાકીય લડાઈ લડી હતી, પરંતુ તેની સજા યથાવત રહી હતી. ટેનેસીના છેલ્લા ૨૦૦ વર્ષના ગુનાખોરીના ઈતિહાસમાં મૃત્યુદંડ મેળવનારી તે પહેલી મહિલા બનવાની હતી, જેના માટે કોર્ટે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ની તારીખ નક્કી કરી હતી.

નક્કી કરેલા દિવસે ડેથ ચેમ્બરમાં તબીબોને ક્રિસ્ટાની નસ મેળવવામાં ભારે મુશ્કેલી પડી હતી. ખૂબ જ જહેમત બાદ નસ શોધીને તેને પેંટોબાર્બિટલ નામનું ઝેરી ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. સામાન્ય રીતે આ ઝેર શરીરમાં જતા જ ૧૦ થી ૧૫ મિનિટમાં પ્રાણપંખે ઉડી જતા હોય છે, પરંતુ મિનિટો વીતી જવા છતાં ક્રિસ્ટા પર તેની કોઈ ઘાતક અસર થઈ ન હતી. પરિસ્થિતિને જોતાં તંત્ર દ્વારા બેકઅપ ડોઝ તરીકે બીજું ઝેરી ઈન્જેક્શન પણ આપવામાં આવ્યું હતું. બીજું ઈન્જેક્શન અપાયા બાદ તે લગભગ બેભાન જેવી હાલતમાં થઈ ગઈ હતી પરંતુ તેમ છતાં તેનું મૃત્યુ થયું ન હતું. આમ, બબ્બે વખત ઘાતક ઝેર આપવા છતાં તે જીવતી રહી હતી. આ અણધારી ઘટના બાદ ડેથ ચેમ્બરમાંથી તેને ત્વરિત બહાર કાઢીને ગંભીર હાલતમાં તબીબી સારવાર આપવામાં આવી રહી છે. આ દુર્લભ કિસ્સાને ટાંકીને ક્રિસ્ટાના બચાવ પક્ષના વકીલોએ કોર્ટ અને પ્રશાસન સમક્ષ મૃત્યુદંડની સજા સંપૂર્ણપણે માફ કરવાની માંગ ઉઠાવી છે. વકીલોનું માનવું છે કે આ પ્રકારે બે વખત સજા આપવામાં નિષ્ફળ જવું એ માનવીય દ્રષ્ટિએ પણ વિચારવા જેવું છે.

# અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની કડક ચેતવણી સામે ઝૂક્યા જી7 દેશો

(એજન્સી) વાશિંગ્ટન | તા. 03

વૈશ્વિક બજારમાં સતત વધી રહેલા બળતણના ભાવોને અંકુશમાં લેવા અને પુરવઠો સુનિશ્ચિત કરવા માટે વિશ્વના અગ્રણી દેશોના સમૂહ જી૭ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ભારે રાજકીય અને આર્થિક દબાણ તેમજ કડક ચીમકીના પગલે જી૭ દેશો પોતાના કટોકટીના અનામત ભંડાર એટલે કે ઈમરજન્સી રિઝર્વમાંથી આશરે ૧૦ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ અને ડીઝલ ખુલ્લું મૂકવા માટે સંપૂર્ણપણે સંમત થયા છે. આ મોટા પગલાથી વૈશ્વિક સ્તરે વધી રહેલી મોંઘવારી અને ઈંધણની કટોકટીમાંથી મોટી રાહત મળવાની પૂરી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

આ વ્યાપક અને આશ્ચર્યજનક નિર્ણય પાછળ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રણનીતિ નિર્ણાયક સાબિત થઈ છે. આગામી સમયમાં યોજાનારી ચૂંટણીઓ અને ઘરેલુ સ્તરે પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવોને કાબૂમાં લાવવા માટે ટ્રમ્પ પ્રશાસને આક્રમક વલણ અપનાવ્યું હતું. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રમ્પે યુરોપિયન યુનિયનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો તેઓ પોતાના ઈમરજન્સી ડીઝલ ભંડારમાંથી પુરવઠો બજારમાં નહીં લાવે, તો અમેરિકા યુરોપ તરફ થતી ડીઝલની તમામ નિકાસ પર કડક પ્રતિબંધ લગાવી દેશે. યુરોપ હાલના સમયમાં અમેરિકી ઈંધણ પર મોટા પ્રમાણમાં નિર્ભર હોવાથી ત્યાં આર્થિક સંકટ ઘેરાવાનો મોટો ભય હતો, જેના કારણે અંતે જી૭ દેશોને નમતું જોખવું પડ્યું હતું.

આ સંયુક્ત સમજૂતી અંતર્ગત આગામી ચાર મહિનાના સમયગાળા દરમિયાન તબક્કાવાર રીતે આ ૧૦ કરોડ બેરલ ઓઈલ અને ડીઝલ બજારમાં છોડવામાં આવશે.

# NFR ગુવાહાટી અને આસપાસના વિસ્તારોમાં રેલ માળખાગત વિકાસને વેગ આપે છે

(એજન્સી) માલીગાંવ | તા 03

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ગુવાહાટી અને આસપાસના વિસ્તારોમાં રેલ સેવાઓની વધતી માંગને પહોંચી વળવા, કાર્યકારી કાર્યક્ષમતા વધારવા અને સમગ્ર ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે અનેક મોટા માળખાગત સુવિધાઓ અને ક્ષમતા વૃદ્ધિ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી રહી છે. આ પ્રદેશના પ્રવેશદ્વાર અને NFRના મુખ્ય મથક તરીકે, ગુવાહાટી રેલ્વે સ્ટેશન દરરોજ 50,000 થી વધુ મુસાફરોને હેન્ડલ કરે છે. પીક સીઝન દરમિયાન આ સંખ્યા આશરે 65,000 સુધી વધે છે, જેમાં દરરોજ 200 થી વધુ ટ્રેનો પસાર થાય છે.આ દિશામાં એક મુખ્ય પ્રોજેક્ટ કામાખ્યા-ગુવાહાટી થર્ડ લાઇન પ્રોજેક્ટ છે, જે 5.74 કિમી લાંબો છે અને તેનો મંજૂર ખર્ચ 467 કરોડ છે. આ વધારાની લાઇન ક્ષમતામાં વધારો કરશે, ભીડ ઘટાડશે અને સરળ ટ્રેન સંચાલનને સરળ બનાવશે, જેનાથી કામરૂપ મેટ્રો જિલ્લાના મુસાફરો અને રહેવાસીઓને નોંધપાત્ર ફાયદો થશે. તે 2028 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.બીજો મોટો પ્રોજેક્ટ અગિયાત્રી-કામખ્યા ડબલ લાઇન પ્રોજેક્ટ છે, જેમાં બીજા સરાઈઘાટ રેલ-કમ-રોડ બ્રિજનું બાંધકામ શામેલ છે. તેની મંજૂર કિંમત 1,474 કરોડ છે. 7.20 કિમી લાંબા પ્રોજેક્ટમાં 1.3 કિમીનો બીજો સરાઈઘાટ રેલ-કમ-રોડ બ્રિજ શામેલ છે. તે ડબલ રેલ લાઇન અને ત્રણ-લેન રોડ હશે. આ નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બ્રહ્મપુત્ર નદી પર રેલ અને રોડ ક્ષમતામાં વધારો કરશે, જ્યારે હાલના સરાઈઘાટ બ્રિજ પરનું દબાણ પણ ઘટાડશે. તે ગુવાહાટી, ઉત્તર ગુવાહાટી અને ઉત્તરપૂર્વના અન્ય ભાગો વચ્ચે જોડાણને મજબૂત બનાવશે. આ વધારાના વપરાશકર્તાઓ માટે ટ્રેન સેવાઓના સંચાલનને પણ સરળ બનાવશે.ટ્રેન ટર્મિનલ અને જાળવણી માળખાને વધુ મજબૂત બનાવવા માટે, ન્યૂ ગુવાહાટીમાં 227 કરોડના ખર્ચે એક મેગા કોચિંગ કોમ્પ્લેક્સ બનાવવામાં આવી રહ્યું છે. આ કોમ્પ્લેક્સમાં ત્રણ પીટ લાઇન, ચાર સ્ટેબલિંગ લાઇન અને બે ઓટોમેટિક કોચ-વોશિંગ પ્લાન્ટ, કોચિંગ ક્ષમતામાં વધારો, જાળવણી સુવિધાઓમાં સુધારો અને ટ્રેન સંચાલનને સુરક્ષિત અને વધુ



કાર્યક્ષમ બનાવવાનો સમાવેશ થશે.ગુવાહાટી અને કામાખ્યા રેલ્વે સ્ટેશનો પર પણ પુનર્વિકાસ કાર્ય ચાલી રહ્યું છે, જેમાં આધુનિક સુવિધાઓ અને મુસાફરો માટે સુલભતામાં સુધારો કરવામાં આવ્યો છે. ગુવાહાટી રેલ્વે સ્ટેશનને આઈટી પાર્ક સાથે આધુનિક સુવિધા કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે અને ગ્રીન-બિલ્ડિંગ ખ્યાલનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં સૌર ઉર્જા ઉત્પાદન, કચરા વ્યવસ્થાપન અને પાણી વ્યવસ્થાપન જેવા પગલાંનો સમાવેશ થાય છે. ગુવાહાટી રેલ્વે સ્ટેશનના બીજા પ્રવેશદ્વારનું નિર્માણ પણ ચાલી રહ્યું છે, જે મુસાફરો માટે વધારાનો માર્ગ પૂરો પાડશે અને સ્ટેશનની આસપાસ ટ્રાફિક ભીડ ઘટાડવામાં મદદ કરશે. તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલ પાનબજાર રોડ ઓવરબ્રિજ સરળ ટ્રાફિક અવરજવરને સરળ બનાવી રહ્યું છે અને સ્ટેશનના રિમોડેલિંગમાં મદદ કરી રહ્યું છે.

કામાખ્યા રેલ્વે સ્ટેશન પર પુનર્વિકાસ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે, જે સુધારેલી સુવિધાઓ અને મુસાફરોની સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.કામાખ્યા-અજારા એલિવેટેડ કોરિડોર એ પર્યાવરણ અને વન્યજીવનને ધ્યાનમાં રાખીને રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાનો બીજો મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ માર્ગ પર એક એલિવેટેડ વાયડક્ટ બનાવવામાં આવી રહ્યો છે, જેમાં હાથીઓ સહિત વન્યજીવોની સલામત અને અવિરત અવરજવર અને સુધારેલ રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે દીપોર બીલમાંથી પસાર થતી રેલ લાઇનનો ભાગ પણ શામેલ છે. અઝારા-કામખ્યા ડબલ-લાઇન સેક્શનનો બાકીનો ૧૩.૨૫ કિમીનો ભાગ જુલાઈ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.NFR ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ (GCTs) દ્વારા ગુવાહાટી ક્ષેત્રમાં માલ પરિવહન અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મજબૂત બનાવી રહ્યું છે. ગુવાહાટી નજીક બૈહાટા ખાતે GCT પૂર્ણ થયું છે, જેનાથી પ્રદેશમાં માલ પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષમતામાં વધારો થયો છે. વધુમાં, જોગીઘોપા સ્ટેશન યાર્ડ અને મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (MMLP) GCT સાઈડિંગ વચ્ચે રેલ કનેક્ટિવિટી પૂર્ણ થઈ ગઈ છે. આ કનેક્ટિવિટી જોગીઘોપાની મુખ્ય લોજિસ્ટિક્સ હબ તરીકેની સંભાવનાને વધુ મજબૂત બનાવશે અને ઉત્તરપૂર્વમાં માલની સીમલેસ મલ્ટી-મોડલ હિલચાલને સરળ બનાવશે.એકંદરે, આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ગુવાહાટી અને તેની આસપાસ રેલ નેટવર્કની ક્ષમતા, કાર્યક્ષમતા અને મજબૂતાઈમાં નોંધપાત્ર વધારો કરશે. વધારાની રેલ લાઇનો અને બીજો સરાઈઘાટ બ્રિજ હાલના માળખાગત સુવિધાઓને ભીડ ઓછી કરશે અને ટ્રેનની ગતિવિધિઓને સરળ બનાવશે, જ્યારે મેગા કોચિંગ કોમ્પ્લેક્સ જાળવણી અને ટર્મિનલ ક્ષમતામાં વધારો કરશે. સ્ટેશન પુનઃવિકાસ અને સુધારેલ સુલભતા મુસાફરોની સુવિધામાં વધારો કરશે, જ્યારે એલિવેટેડ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અને વન્યજીવનની હિલચાલને સરળ બનાવશે. ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ માલ પરિવહન અને મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સને વધુ મજબૂત બનાવશે, જેનાથી ગુવાહાટી અને ઉત્તરપૂર્વમાં કાર્યક્ષમ, ટકાઉ અને મુસાફરો-કેન્દ્રિત રેલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળશે.

## જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ CJP નો હવે શું છે પ્લાન? દેશભરમાં નહીં પણ સીધા મુંબઈથી દિલ્હીમાં ધામા નાખશે 'કોકરોચ'

(એજન્સી) નવી દિલ્હી | તા 03

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે, કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા 10 ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર પર ધરણાં યોજાશે. મુંબઈથી સીધા દિલ્હી કૂચ કરવાનો નિર્ણય લેવાયો છે. CJPએ જણાવ્યું કે, જો પોલીસ રોકશે તો તે સ્થાન જ જંતર-મંતર બનશે. લાખો મતદારોના નામ દૂર કરવાના મુદ્દે લોકશાહી બચાવવા આંદોલન થશે. મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા અગાઉ દેશભરમાં અલગ-અલગ શહેરોમાં આંદોલન ચલાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હવે તેમાં મોટો ફેરફાર કરીને મુંબઈથી સીધા દિલ્હી જવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. CJP દ્વારા આગામી 10 ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર પર એકત્ર થવાની અપીલ કરવામાં આવી છે. મુંબઈના શિવાજી પાર્કમાં પ્રદર્શન કર્યા બાદ CJPએ સીધા દિલ્હી કૂચ કરવાનું એલાન કર્યું છે. પહેલાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દિલ્હી જતા પહેલા દેશના અન્ય શહેરોમાં પ્રદર્શન કરવામાં આવશે, પરંતુ નેશનલ વર્કિંગ કમિટીની બેઠકમાં આ યોજના બદલી નાખવામાં આવી. અભિજિત દીપકેએ સ્પષ્ટ કર્યું છે કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે તો દેશભરના કોકરોચ દિલ્હી આવશે અને 10 ઓક્ટોબરે જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરશે.

# News Brief

## પહાડો બોલાવે છે, ટ્રાફિક રડાવે છે: ઉત્તરાખંડના મસૂરી-કૈંચી ધામથી લઈને હિમાચલના મનાલી સુધી પ્રવાસીઓનું ઘોડાપૂર, કલાકો સુધી ફસાયા વાહનો



ઉત્તરાખંડ-હિમાચલના પ્રવાસન સ્થળોએ સહેલાણીઓનો ધસારો જોવા મળ્યો. મનાલીમાં 2 દિવસમાં 4000થી વધુ વાહનો પ્રવેશતા ટ્રાફિક જામ થયો. મસૂરી-દહેરાદૂન હાઈવે, કૈંચી ધામ અને ઋષિકેશમાં પણ ભારે ભીડથી વાહનવ્યવહાર ખોરવાયો. હોટેલો 80% ભરાઈ ગઈ હતી, પણ પ્રવાસીઓ કલાકો સુધી રસ્તામાં ફસાયા. પહાડો બોલાવે છે, ટ્રાફિક રડાવે છે: ઉત્તરાખંડના મસૂરી-કૈંચી ધામથી લઈને હિમાચલના મનાલી સુધી પ્રવાસીઓનું ઘોડાપૂર, કલાકો સુધી ફસાયા વાહનો લોંગ વીકેન્ડના સંયોગથી પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પ્રવાસન સ્થળો પર સહેલાણીઓનો જબરદસ્ત ધસારો જોવા મળ્યો છે. હવામાન ખુશનુમા બનતાં જ હજારો પ્રવાસીઓ પહાડો તરફ વળ્યા છે, જેના કારણે ટ્રાફિક અને વહીવટી વ્યવસ્થાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.મનાલીમાં 2 દિવસમાં 4000થી વધુ વાહનોની એન્ટ્રી: હોટેલો 80% પેકએક અહેવાલ મુજબ, હિમાચલ પ્રદેશના પ્રખ્યાત હિલ સ્ટેશન મનાલીમાં પ્રવાસીઓનો મોટો ધસારો નોંધાયો છે:વાહનોની ભારે આવક: છેલ્લા બે દિવસમાં ગ્રીન ટેક્સ બેરિયર થઈને 4000થી વધુ પર્યટક વાહનો મનાલી શહેરમાં પ્રવેશ્યા છે.ટ્રાફિક જામની સ્થિતિ: મોહલ, ભૂંતર, રામશિલા, બાહંગ અને મનાલીના મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ગ્રીન ટેક્સ બેરિયર આલુ ગ્રાઉન્ડથી વોલ્વો બસ સ્ટેન્ડ સુધી વાહનો ધીમી ગતિએ રિંગાઈ રહ્યા છે.

હોટેલ વ્યવસાયમાં તેજી: વીકેન્ડને પગલે મનાલી અને આસપાસના વિસ્તારોમાં હોટેલ ઓક્યુપન્સી 70થી 80 ટકા સુધી પહોંચી ગઈ છે, જેનાથી સ્થાનિક વેપારીઓ અને હોટેલિયર્સમાં ખુશીનો માહોલ છે.

પ્રવાસન સ્થળો પર ભીડ: અટલ ટનલ રોહતાંગ, સોલંગનાલા, ગુલાબા, મઢી, સિસુ અને હિડિમ્બા મંદિર જેવા મુખ્ય આકર્ષણો પર હજારો સહેલાણીઓ પહોંચી રહ્યા છે.મસૂરી-દહેરાદૂન હાઈવે પર ટ્રાફિકનું 'ટોર્ચર'ઉત્તરાખંડમાં પહાડોની રાણી મસૂરી અને મસૂરી-દહેરાદૂન માર્ગ પર ભારે જામના દ્રશ્યો સર્જાયા છે:મિનિટોની મુસાફરી કલાકોમાં ફેરવાઈ: થોડા જ સમયમાં કપાઈ જતું અંતર પાર કરવા માટે પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓને કલાકો સુધી વાહનોમાં બેસી રહેવું પડ્યું હતું. સાંકડા રસ્તા અને પાર્કિંગ સમસ્યા: રસ્તા પર આડેધડ પાર્કિંગને કારણે માર્ગો વધુ સાંકડા બન્યા હતા. પોલીસની વન-વે વ્યવસ્થા અને ડાયવર્ઝન પ્લાન વાહનોના ભારે દબાણ સામે ટૂંકા પડ્યા હતા.કાયમી વ્યવસ્થાની માંગ: પીક સીઝન અને રજાઓમાં વારંવાર સર્જાતી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે દીર્ઘકાલીન ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવાની માંગ સ્થાનિકો કરી રહ્યા છે.મસૂરીમાં મંત્રી અને એમ્બ્યુલન્સ ફસાયા: માલ રોડના ભગત સિંહ ચોક, લાઈબ્રેરી ચોક અને કિંગ્રેગમાં વાહનોના પૈડાં થંભી ગયાં હતાં. ભગત સિંહ ચોક પાસે એક ગંભીર એમ્બ્યુલન્સ સાથે કેબિનેટ મંત્રી ગણેશ જોશી પણ લાંબા સમય સુધી ટ્રાફિકમાં અટવાયા હતા.કૈંચી ધામ માર્ગ પર 3 કલાકથી વધુ સમય વાહનો અટક્યા: બાબા નીમ કરોલી મહારાજના કૈંચી ધામ ખાતે દર્શનાર્થે પહોંચેલા ભક્તોના કારણે ભીમતાલથી કૈંચી ધામ વચ્ચે વાહનો થંભી ગયાં હતાં.

## ચીઝ-પનીર બાદ નવો ટારગેટ સપ્લિમેન્ટ, યુવાનોના સ્વાસ્થ્ય પર લક્ષ્ય

નવી દિલ્હી : ભેળસેળયુક્ત ચીઝ અને બગડેલા દૂધ સામે કડક ઝુંબેશ ચલાવ્યા બાદ, મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) હવે સ્વાસ્થ્યના નામે વેચાતા ન્યુટ્રાસ્યુટિકલ્સ અને હેલ્થ સપ્લિમેન્ટ્સ પર કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. FDA કમિશનર અને IAS અધિકારી તુકારામ મુંડેએ સંકેત આપ્યો છે કે સપ્લિમેન્ટ્સના માર્કેટમાંથી મળેલા તારણો ખૂબ જ ચિંતાજનક છે, જેના કારણે ટૂંક સમયમાં જ આ અંગે એક નવો અને કડક આદેશ જારી કરવામાં આવશે.એક મીડિયા અહેવાલ મુજબ, તુકારામ મુંડેએ જણાવ્યું હતું કે બજારમાં ઘણા સપ્લિમેન્ટ્સ ડૉક્ટરની સલાહ વિના વેચાઈ રહ્યા છે. ઘણી વખત પ્રોડક્ટના પેકેજિંગ પર જે ઘટકો લખેલા હોય છે, તે લેબ ટેસ્ટિંગ દરમિયાન ગેરહાજર હોય છે અથવા તેના દાવા ગેરમાર્ગે દોરનારા હોય છે. નવા ઓર્ડર હેઠળ માત્ર લેબલિંગ જ નહીં, પરંતુ પ્રોડક્ટના વાસ્તવિક ઘટકો, તેના ઉપયોગની રીત, ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનની જરૂરિયાત અને કંપનીઓ દ્વારા તે કેવી રીતે વેચવામાં આવે છે તે તમામ બાબતોનું ઊંડું નિરીક્ષણ કરવામાં આવશે.FDA ની આ કાર્યવાહી એક યોજનાબદ્ધ વ્યૂહરચનાનો ભાગ છે. અગાઉ ૨ વર્ષ સુધીના બાળકો માટે શિશુ ખોરાક અને ૨ થી ૧૮ વર્ષના બાળકો માટે શાળાઓની આસપાસ હાઈ-ફેટ અને હાઈ-સુગર વાળા ખોરાક પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કરાયો હતો. હવે ન્યુટ્રાસ્યુટિકલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને યુવા વર્ગના આરોગ્યની સુરક્ષા કરવાનો ધ્યેય છે. ભારતમાં ડાયેટરી સપ્લિમેન્ટ માર્કેટ ૨૦૨૫ માં ૨૦,૧૪૬ કરોડનું હતું, જે ૨૦૩૪ સુધીમાં ૫૭,૨૬૨ કરોડ થવાનો અંદાજ છે. આથી, વધતી તપાસથી ગ્રાહકોને નકલી પ્રોડક્ટ્સથી સુરક્ષા મળશે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલા મીમ્સ અને હેડલાઈન્સ અંગે મુંડેએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ન તો કોઈ હીરો છે કે ન તો નેશનલ હિરો; તેઓ માત્ર એક જાહેર સેવક છે. 21 વર્ષની સેવામાં 25 વખત બદલીનો સામનો કરી ચૂકેલા મુંડેએ જણાવ્યું કે દરેક પદ પર ફરજ બજાવવી જરૂરી છે.

# ડૉ. પી. કે. મિશ્રાએ 5મા કૌટિલ્ય આર્થિક સંમેલનમાં "અ વર્લ્ડ પ્રાઈસ્ડ ફોર રિસ્ક" વિષય પર પૂર્ણ સત્રને સંબોધિત કર્યું

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ, ડૉ. પી. કે. મિશ્રાએ આજે નવી દિલ્હીમાં 5મી કૌટિલ્ય ઈકોનોમિક કોન્ક્લેવમાં પ્લીનરી સેશન, 'અ વર્લ્ડ પ્રાઈસ્ડ ફોર રિસ્ક'માં મહત્વપૂર્ણ સંબોધન કર્યું હતું, જેમાં વધુને વધુ અનિશ્ચિત બનતા વૈશ્વિક અર્થતંત્રમાં સ્થિતિસ્થાપકતા, વૈવિધ્યકરણ અને વ્યૂહાત્મક તૈયારીના વધતા મહત્વ પર ભાર મુકવામાં આવ્યો હતો.

ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે આર્થિક જોખમનું સ્વરૂપ નોંધપાત્ર રીતે બદલાયું છે, જેમાં વિશ્વ વધુને વધુ માત્ર ગણતરી કરી શકાય તેવા જોખમોનો જ નહીં પરંતુ એવી અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે જેની સંભાવનાઓની ખાતરીપૂર્વક અટકળ કરી શકાતી નથી. તેમણે કહ્યું કે રોગચાળો, ભૌગોલિક રાજકીય સંઘર્ષો, સપ્લાય-ચેઈન વિક્ષેપો, વેપાર નિયંત્રણો અને ઝડપી ટેકનોલોજીકલ ફેરફારોએ આ તફાવતને સ્પષ્ટપણે સામે લાવ્યો છે.

તેમણે અવલોકન કર્યું કે ભૂગોળ, જેને એક સમયે ટેકનોલોજીએ ઓછી સુસંગત બનાવી દીધી હોવાનું માનવામાં આવતું હતું, તે આર્થિક નિર્ણય લેવાના કેન્દ્રમાં પાછું આવ્યું છે. શિપિંગ રૂટમાં વિક્ષેપ હજારો કિલોમીટર દૂર ઊર્જાના ભાવને અસર કરી શકે છે, જ્યારે મહત્વપૂર્ણ ખનિજો અને તેમના પ્રોસેસિંગનું કેન્દ્રીકરણ નવી નબળાઈઓ ઊભી કરે છે. તેમણે ઉમેર્યું હતું કે સ્વચ્છ ઊર્જા સંક્રમણ પણ વ્યૂહાત્મક નિર્ભરતાના નવા સ્વરૂપો લાવે છે જેને સંબોધિત કરવાની જરૂર છે.

ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે અનિશ્ચિતતા આર્થિક વર્તનને બદલે છે, જેમાં કંપનીઓ પુરવઠાકારોનું વૈવિધ્યકરણ કરે છે, ઈન્વેન્ટરીઝ જાળવી રાખે છે અને વૈકલ્પિક ઉત્પાદન ક્ષમતા વિકસાવે છે, જ્યારે સરકારો અનામત, નાણાકીય બફર્સ અને વ્યૂહાત્મક ક્ષમતાઓને મજબૂત બનાવે છે. 'સ્થિતિસ્થાપકતા મફત નથી,' તેમણે ઉમેર્યું હતું કે મુખ્ય આર્થિક પ્રશ્ન એ છે કે શું સ્થિતિસ્થાપકતા માટે ચૂકવવામાં આવેલ પ્રીમિયમ ટાળવામાં આવી રહેલા વિક્ષેપના સંભવિત ખર્ચ દ્વારા વ્યાજબી છે કે નહીં.

તેમણે કહ્યું કે ઉભરી રહેલો વૈશ્વિક પ્રતિભાવ વૈશ્વિકરણમાંથી પીછેહઠ દર્શાવતો નથી, પરંતુ વધુ અનિશ્ચિતતા ધરાવતા વિશ્વમાં તેને કેવી રીતે ગોઠવવું જોઈએ તેનું પુનઃમૂલ્યાંકન છે. દેશો ઘરઆંગણેની ક્ષમતાઓને વિવિધ આંતરરાષ્ટ્રીય ભાગીદારી, વ્યૂહાત્મક અનામત, વૈકલ્પિક સપ્લાય ચેઈન અને ઊંડા આર્થિક સહયોગ સાથે જોડવા માંગે છે.

ભારતના અનુભવ વિશે બોલતા, ડૉ. મિશ્રાએ કહ્યું કે સ્થિતિસ્થાપકતાનો અર્થ વિશ્વથી અલગ પડી જવું એવો થઈ શકે નહીં. 'તેનો અર્થ વિશ્વ માટે અતિશય નબળા બન્યા વિના તેના માટે ખુલ્લા રહેવાની ક્ષમતા હોવો જોઈએ.' તેમણે ભારતના પ્રતિભાવના મહત્વના તત્વો તરીકે ઊર્જા સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજો, વ્યૂહાત્મક ઔદ્યોગિક ક્ષમતાઓ અને બાહ્ય આર્થિક સંબંધોના વૈવિધ્યકરણ પર પ્રકાશ પાડ્યો હતો.

ડૉ. મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્થિતિસ્થાપકતાની સાથે ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતા પણ હોવી જોઈએ. તેમણે કહ્યું કે ઘરેલું ક્ષમતાના નિર્માણનો અર્થ કોઈ પણ ભોગે આયાતનું સ્થાન લેવું એવો ન હોવો જોઈએ, પરંતુ એવી ક્ષમતાઓ ઊભી કરવી જોઈએ જે સ્પર્ધાત્મક, સ્કેલેબલ અને અંતતઃ વૈશ્વિક બજારોને સેવા આપવા માટે સક્ષમ હોય. તેમણે ઈલેક્ટ્રોનિક્સ, સેમિકન્ડક્ટર્સ, ફાર્માસ્યુટિકલ્સ અને અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં થઈ રહેલા પરિવર્તનનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે મેક્રોઈકોનોમિક સ્થિતિસ્થાપકતાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો, અને નોંધ્યું હતું કે નાણાકીય અવકાશ, પર્યાપ્ત વિદેશી હૂંડિયામણ અનામત, સુદ્રઢ નાણાકીય પ્રણાલી અને વિશ્વસનીય સંસ્થાઓ દેશોને બાહ્ય આંચકાઓ સામે પ્રતિક્રિયા આપવાની ક્ષમતા પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું હતું કે સુરક્ષા અને ટકાવપણું વધુને વધુ એકબીજા સાથે જોડાઈ રહ્યા છે, જેમાં ઊર્જા, ખોરાક, ટેકનોલોજી અને પર્યાવરણીય સુરક્ષા એકબીજા સાથે નજીકથી જોડાયેલા બની રહ્યા છે.

અંતમાં, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે સ્થિતિસ્થાપકતા એ આત્મનિર્ભરતા અને વૈશ્વિકરણ વચ્ચેની પસંદગી નથી. 'વધુ તર્કસંગત અભિગમ આ બંનેની વચ્ચે રહેલો છે: જ્યાં નબળાઈ વ્યૂહાત્મક છે ત્યાં ઘરેલું ક્ષમતા; જ્યાં કેન્દ્રીકરણ જોખમી છે ત્યાં વૈવિધ્યકરણ; અને જ્યાં પણ વૈશ્વિક એકીકરણ ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવે છે ત્યાં ખુલ્લાપણું.' આત્મનિર્ભરતાના વ્યાપક અર્થનો સંદર્ભ આપતા, તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના એ અવલોકનને યાદ કર્યું કે આ વિશ્વ માટે બંધ રહેવા વિશે નથી, પરંતુ સ્વયં-ટકાઉ અને સ્વયં-જનરેટિંગ બનવા વિશે છે.

# પ્રેમાનંદ મહારાજનો આશ્રમ વિવાદમાં, એક પછી એક લોકો ગુમ થતા તપાસની ઉઠી માગ

પ્રેમાનંદ મહારાજનો વૃંદાવનમાં આવેલો આશ્રમ સતત વિવાદોમાં ઘેરાયો છે. એક શિષ્યના શંકાસ્પદ સંજોગોમાં મોત બાદ હવે આશ્રમમાંથી કિશોર, એક યુવતી અને 10 વર્ષનું બાળક ગાયબ થયા છે

(એજન્સી) વૃંદાવન | તા 03

પ્રેમાનંદ મહારાજના એક શિષ્યના શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ બાદ હવે આશ્રમમાં એક પછી એક લોકોના ગુમ થવાની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે. પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં દીક્ષા લેવા આવેલો 17 વર્ષીય અનુજ ચૌધરી ગાયબ થઈ ગયો છે. તેના પરિવારજનો સંત પ્રેમાનંદ મહારાજના રાધા કેલિ કુંજ આશ્રમની બહાર ધરણા પર બેઠા હતા, જો કે સતત આઠ કલાકના ધરણાં બાદ પોલીસની સમજાવટને પગલે તેમણે ધરણાં સમાપ્ત કર્યા હતા.પોતાના પુત્રને સુરક્ષિત રીતે શોધી કાઢવાની માંગ સાથે ધરણા પર બેઠેલા પરિવારજનોએ આશ્રમના શિષ્યો પર તેમને કોઈ સહયોગ ન આપતા હોવાનો આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન એવા પણ અહેવાલો પણ સામે આવ્યા છે કે જેમાં પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં આવવા માટે નોઈડાથી આવેલી એક યુવતી પણ ગુમ થઈ ગઈ છે. તેના પિતા તેને શોધવા માટે આશ્રમમાં પહોંચ્યા છે. આ ઉપરાંત આશ્રમની બહાર આવેલા એક ઢાબા પર કામ કરતી મહિલાનું 10 વર્ષનું બાળક પણ ગુમ થયું છે.જાન્યુઆરી 2023માં જ્યારે વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા પોતાની પુત્રી સાથે પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં પહોંચ્યા હતા, તે સમયે પ્રેમાનંદ મહારાજ સૌથી પહેલા ચર્ચામાં આવ્યા હતા. એ સમયે વૃંદાવનના મોટાભાગના લોકો પણ પ્રેમાનંદ મહારાજ કોણ છે અને તેઓ ક્યાં રહે છે તે જાણતા ન હતા.પ્રેમાનંદ મહારાજની પ્રવચન આપવાની આધુનિક રીતો અને સોશિયલ મીડિયાને કારણે તેઓ ઝડપથી લોકપ્રિય બન્યા. તેઓ રાત્રિના સમયે પદયાત્રાનું આયોજન કરતા જેમાં લોકોની ભારે ભીડ એકઠી થવા લાગી. અનેક જાણીતી હસ્તીઓ તેમના આશ્રમમાં આવવા લાગતાં તેમની લોકપ્રિયતા સતત વધી. પ્રેમાનંદ મહારાજની યુટ્યુબ ચેનલ પર પણ લાંબા સમયથી સત્સંગનો નવો વીડિયો અપલોડ થયો નથી. થોડા સમય પહેલાં સુધી જૂના વીડિયો દર્શાવવામાં આવતા હતા, પરંતુ હવે તે પણ બંધ થઈ ગયા છે.આ પહેલાં તેમના સત્સંગના વીડિયો સતત અપલોડ થતા હતા અને તેને જોનારા લોકોની સંખ્યા પણ ઘણી હતી.પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં બધું યોગ્ય રીતે ચાલી રહ્યું છે કે નહીં, તેને લઈને ચર્ચા ત્યારે શરૂ થઈ હતી જ્યારે તેમણે યમુના નદીને પાર નવો આશ્રમ બનાવવાનું શરૂ કર્યું અને ત્યાં જવા લાગ્યા હતા. જોકે, આ અંગે કોઈ સત્તાવાર રીતે કંઈ બોલી રહ્યું ન હતું, પરંતુ તેને લઈને ચર્ચાઓ શરૂ થઈ હતી. અલગ-અલગ પ્રકારની વાતો થતી રહી, પરંતુ આશ્રમ તરફથી એવું કંઈ કહેવામાં આવ્યું નહોતું કે જેના આધારે આશ્રમમાં કોઈ સમસ્યા હોવાની વાત કહી શકાય. તાજેતરમાં પ્રેમાનંદ મહારાજના શિષ્ય અને મૂળ જબલપુરના રહેવાસી દીપક પટેલ ઉર્ફે રસિક દુલારી શરણના મૃત્યુથી પણ અનેક સવાલો ઊભા થયા.



## કુખ્યાત ડ્રગ્સ તસ્કર નવપ્રીત સિંહને તુર્કિયેથી ભારત લવાયો

(એજન્સી) નવી દિલ્હી | તા 03

ભારત સરકારે કથિત ડ્રગ્સ હેરફેરના મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કિયેથી ભારત પ્રત્યાર્પણ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે (3 ઓક્ટોબર) આ જાહેરાત કરી. તેમણે મોદી સરકારની પ્રશંસા કરતા તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી. શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર ડિસેમ્બર 2029 પહેલા દરેક નાર્કો-કાર્ટેલને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે આ સફળતા માટે બધી એજન્સીઓને અભિનંદન આપ્યા.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, 'ભારતીય એજન્સીઓએ નકલી ઓળખ અને તુર્કિયે નાગરિકતા હોવા છતાં નવપ્રીત સિંહને શોધી કાઢ્યો.' તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે, 'મોદી સરકારે કુખ્યાત નાર્કો-ટ્રાફિકિંગ મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીથી દેશનિકાલ કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.' શાહે કહ્યું હતું કે, 'નવાબ વિર્કની નકલી ઓળખનો ઉપયોગ કરીને તુર્કી નાગરિકતા મેળવ્યા પછી, તે અફઘાનિસ્તાનથી ભારતમાં હેરોઈન અને મેથામ્ફેટામાઇનની દાણચોરી કરવાનું ચાલુ રાખ્યું.' અમારી એજન્સીઓએ તેની સાચી ઓળખ ઉજાગર કરવા માટે એક પછી એક બધા રહસ્યો ઉજાગર કર્યા અને તેને દેશનિકાલ કરાવ્યો. આજે, તેને ભારત પાછો લાવવામાં આવ્યો છે અને ડ્રગ હેરફેર અને અન્ય ગુનાઓ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ સફળતા માટે બધી એજન્સીઓને અભિનંદન. તેમણે એમ પણ કહ્યું કે મોદી સરકાર ડિસેમ્બર 2029 પહેલા દરેક નાર્કો-કાર્ટેલને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. નવપ્રીત સિંહને ડ્રગ હેરફેર અને અન્ય કથિત ગુનાઓ સંબંધિત કેસોમાં અટકાયતમાં લેવામાં આવ્યો છે. નવપ્રીત સિંહ, જેને નવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારત, અફઘાનિસ્તાન અને તુર્કી વચ્ચે કાર્યરત એક મુખ્ય આંતરરાષ્ટ્રીય ડ્રગ રિંગની અગાઉની તપાસમાં બહાર આવ્યો હતો. તપાસકર્તાઓએ આરોપ લગાવ્યો હતો કે તે નેટવર્કનો તુર્કી સ્થિત મુખ્ય સૂત્રધાર હતો, જ્યારે તેનો પિતરાઈ ભાઈ, પ્રભદીપ સિંહ, ભારતમાં એક મુખ્ય ઓપરેટર હતો. 2021 માં દક્ષિણ દિલ્હીમાં રિઝવાન કાશ્મીરીની ધરપકડ સાથે તપાસ શરૂ થઈ હતી. તેની પૂછપરછથી તપાસકર્તાઓને અનેક રાજ્યો અને અફઘાન નાગરિકો સાથે સંકળાયેલા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં મદદ મળી. ત્યારબાદની તપાસમાં ફરીદાબાદમાં મોટી માત્રામાં હેરોઈન જપ્ત કરવામાં આવ્યું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓએ એક વાહનમાંથી 166 કિલો હેરોઈન અને બીજા વાહનમાંથી 115 કિલો હેરોઈન જપ્ત કર્યું. આ ગેંગ પરની કાર્યવાહીમાં પ્રભદીપ સિંહનું પ્રત્યાર્પણ પણ સામેલ હતું, જેને તપાસકર્તાઓએ નવપ્રીત સિંહનો પિતરાઈ ભાઈ અને ભારતમાં મુખ્ય કાર્યકારી કડી ગણાવી હતી. મે મહિનામાં, ભારતીય એજન્સીઓએ બાકુમાં એક ફ્લેટમાં પ્રભદીપને શોધી કાઢ્યા બાદ અઝરબૈજાનથી તેનું પ્રત્યાર્પણ સુરક્ષિત કર્યું. તેના વિરુદ્ધ ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી, અને CBI અને દિલ્હી પોલીસની એક ખાસ ટીમે, વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના સહયોગથી, તેને ભારત પાછો લાવ્યો હતો.

## ફોર્મ-છ ભરીને અરજી કરી શકાશે, બૂથ લેવલ અધિકારી મદદ કરશે

# 'સર' બાદની યાદીમાં સામેલ ના થઈ શકેલા મતદારોને અરજીની તક અપાશે

(એજન્સી) નવી દિલ્હી | તા 03



દેશભરમાં એસઆઈઆર એટલે કે મતદારોના વેરિફિકેશનની પ્રક્રિયા ચાલી રહી છે. અત્યાર સુધી જે પણ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે ત્યાં બાદબાકી કરાયેલા મતદારોને ફરી અરજી કરવાની છૂટ અપાઈ છે. જુનાની સાથે નવા મતદારો પણ પોતાનું નામ યાદી સામેલ કરાવી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા પ્રક્રિયા શરૂ કરાઈ છે. અત્યાર સુધી એસઆઈઆરના ડ્રાફ્ટમાં આશરે ૧૩ કરોડ મતદારોની બાદબાકી કરાયાના અહેવાલો સામે આવ્યા છે.બીજી ઓક્ટોબરે ગાંધી જયંતિએ દિલ્હી, મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે દેખાવો થયા હતા, વિપક્ષ પણ એસઆઈઆર પ્રક્રિયામાં મનમાનીથી નિર્ણયો અને મત ચોરીના આરોપો લગાવીને જ્ઞાનેશ કુમારને ઘેરી રહ્યો છે. એવા સમયે ચૂંટણી પંચે જે મતદારો એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન યાદીમાંથી બહાર થઈ ગયા છે તેમને ફરી તક આપવાની જાહેરાત કરી છે.ચૂંટણી પંચના નવા આદેશ મુજબ જે પણ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં નાગરિકો સામાન્ય ફોર્મ-૬ દ્વારા અરજી કરી શકશે. ચૂંટણી પંચે અધિકારીઓને કહ્યું છે કે તેઓ એવા માન્ય મતદારોની ઓળખ કરે કે જેમના નામ કોઈ કારણોસર મતદાર યાદીમાં સામેલ નથી કરી શકાયા. એસઆઈઆર પહેલા અને પછીની મતદાર યાદીની સરખામણી કરવામાં આવશે. આ દરમિયાન એવા મતદારોની ઓળખ કરવામાં આવશે કે જેઓના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આવા મતદારોની ઓળખ થઈ ગયા બાદ બૂથ લેવલ અધિકારીઓને તેમના ઘરે જઈને ફોર્મ-૬ ભરીને મતદાર યાદીમાં ફરી નામ જોડવામાં મદદરૂપ થવા પણ કહેવામાં આવ્યું છે.

# ઊર્જા મંત્રી અને અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે પ્રહલાદનગર વેજિટેબલ માર્કેટ ખાતે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ

(એજન્સી) અમદાવાદ | તા.03

અમદાવાદના પ્રહલાદનગર ખાતેની મ્યુનિસિપલ શાક માર્કેટ ખાતે ઊર્જા મંત્રી અને અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આયોજન ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય અમિતભાઈ ઠાકર પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ સાધ્યો હતો તેમજ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત વિવિધ ખાદ્ય પદાર્થો અને ચીજવસ્તુઓ અંગેની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે અમદાવાદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આજે સમગ્ર રાજ્યમાં એક સાથે 34 જેટલી જગ્યાએ આ પ્રકારનાં ભવ્ય આયોજન કરવામાં આવ્યાં છે. આ આયોજન પાછળ રાજ્ય સરકારનો એક જ મુખ્ય હેતુ છે કે આપણા સમાજના દરેક નાગરિક સુધી અને છેવાડાના માણસ સુધી યોગ્ય અને પોષણયુક્ત આહાર પહોંચી શકે. તેમણે ઉમેર્યું કે આજે આપણે સૌ જોઈ રહ્યા છીએ કે



**અમદાવાદ શહેર-જિલ્લામાં એક સાથે કુલ સાત સ્થળે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો ખુલ્લાં મૂકાયાં**

દિવસે ને દિવસે નવી-નવી બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. લોકોનું સ્વાસ્થ્ય જોખમાઈ રહ્યું છે. આવા કપરા સમયમાં, જો આપણે આપણી આવનારી પેઢીને અને આપણા સ્વાસ્થ્યને બચાવવું હશે, તો પ્રાકૃતિક ખેતી એ આજના સમયની તાતી જરૂરિયાત છે. રસાયણમુક્ત અને શુદ્ધ ખોરાક જ આપણને બીમારીઓથી બચાવી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું. પ્રભારી મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક ખેતીની મોટી ઝૂંબેશ ચલાવી રહ્યા છે.

રાજ્યમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને પાકના યોગ્ય ભાવ મળે અને તેમના ઉત્પાદનોના યોગ્ય વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ તથા બજાર વ્યવસ્થા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્યના નાગરિકોની સુખાકારી અને સ્વાસ્થ્યની ચિંતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે આત્માના ડાયરેક્ટર શ્રી કે.કે. પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે અમદાવાદ શહેર-જિલ્લામાં કુલ સાત સ્થળોએ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ શહેરમાં બે તથા તાલુકા કક્ષાએ ધોળકા, બાવળા, માંડલ, વિરમગામ અને સાણંદમાં એક-એક કેન્દ્રનો સમાવેશ થાય છે.

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા તથા પ્રાકૃતિક કૃષિનાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે આવાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રો મહત્વપૂર્ણ બની રહેશે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક કૃષિ પેદાશો શહેરી ગ્રાહકો સુધી સીધી રીતે પહોંચે અને પ્રાકૃતિક કૃષિ પ્રત્યે લોકોમાં વધુ જાગૃતિ તથા સ્વીકાર વધે તે દિશામાં આ પહેલ ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે અમ્યુકોની પાણી સમિતિના ચેરમેન ધરમશી દેસાઈ તથા કોર્પોરેટર દેવાંગભાઈ દાણી, ભાગ્યેશ પટેલ તેમજ સુશ્રી નયનાબેન કોટક, સંયુક્ત ખેતી નિયામક ડૉ. મીનાબેન દવે અને પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મનપામાં વિપક્ષ નેતા નક્કી કરવા પહેલીવાર કોંગ્રેસે દિલ્હીથી નિરીક્ષક નિમવામાં આવ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.03

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રિઝલ્ટ બાદ 5 મહિના થયા છતાં હજુ સુધી અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં વિપક્ષ નેતાઓની નિમણૂક કરવામાં આવી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી 26 એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી અને જેના પરિણામો 28 એપ્રિલના જાહેર કરવામાં આવ્યા હતા. જો કે તે બાદ વિપક્ષ નેતા માટે સેન્સ પ્રક્રિયા પણ લેવામાં આવી હતી. પરંતુ વિપક્ષ નેતા બનાવવા માટે અંદર અંદર ગજગ્રાહ હોવાથી હવે દિલ્હીથી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિ(AICC) દ્વારા જ નિરીક્ષકની નિમણૂક કરવામાં આવી છે.

અમદાવાદમાં વિપક્ષ નેતા નક્કી કરવા માટે રાજસ્થાનના ગંગાનગરના સાંસદ કુલદીપ ઈન્દોરાને નિરીક્ષક બનાવાયા છે. જ્યારે વડોદરામાં AICCના રાષ્ટ્રીય સેક્રેટરી ગોપીનાથ પલાનીયપનને નિરીક્ષકની જવાબદારી સોંપાઈ છે. પહેલી વખત મહાનગરપાલિકાઓમાં વિપક્ષ નેતા નક્કી કરવા માટે AICCએ નિરીક્ષક મૂક્યા છે. પ્રદેશ કોં[illegible] પૂરો ન થતા હવે દિલ્હાના નેતાઓ સેન્સ લઈને વિપક્ષ નેતાની નિમણૂક કરશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસને ધાર્યું પરિણામ તો મળ્યું નહતું. પરંતુ તેની સાથે સાથે ઘણી જગ્યાએ તો વિપક્ષ તરીકે બેસી શકે તેટલી પણ બેઠકો મળી નથી. જો કે અમદાવાદ, વડોદરા, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં વિપક્ષ નેતા બની શકે તેટલી બેઠકો જીતી છે. જેમાં રાજકોટમાં જ વિપક્ષ નેતાની નિમણૂક કરવામાં આવી છે. પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં 192માંથી 160 બેઠક ભાજપ અને 32 બેઠક કોંગ્રેસને મળી હતી. તો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં 76 બેઠકમાંથી ભાજપને 69 બેઠક અને કોંગ્રેસને 6 બેઠક અને અન્યને એક બેઠક મળી હતી.

પરંતુ 5 મહિના કરતાં વધુ સમય થઈ ગયા હોવા છતાં સૌથી મોટી અમદાવાદ મહાનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકામાં હજુ સુધી કોંગ્રેસ વિપક્ષ નેતા બનાવી શકી નથી. અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં કોંગ્રેસના અલગ અલગ ગ્રુપ પોતાના કોર્પોરેટરને વિપક્ષ નેતા બનાવવામાં આવે તે માટેની જીદ કરીને બેઠા છે.

વિપક્ષ નેતા માટે પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહિના કરતાં વધુ સમય થયો છતાં વિવાદના કારણે વિપક્ષ [illegible] પ્રદેશ નેતાઓ વિપક્ષ નેતાની નામ પંસદગી માટે અનેક વખત દિલ્હી પણ જઈને આવી ગયા. છતાં હજુ સુધી વિપક્ષ નેતા બનાવવા માટે કોંગ્રેસમાં નેતાઓ વચ્ચેનો વિવાદ શાંત ન થતા હવે AICC દ્વારા નિરીક્ષકની નિમણૂક કરવામાં આવી છે.

## આંબલી રોડ-ચાંદલોડિયા વચ્ચે સ્થિત રેલવે ફાટક નં. 11 બી બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આંબલી રોડ-ચાંદલોડિયા સેક્શન પર સ્થિત રેલવે ફાટક નંબર 11 બી (કિમી 511/02-04) જરૂરી મરામત કામગીરી માટે 5 ઓક્ટોબર 2026ના રોજ સવારે 08:00 વાગ્યાથી 6 ઓક્ટોબર 2026ના રોજ સવારે 08:00 વાગ્યા સુધી (24 કલાક માટે) માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ વાહનવ્યવહારને સોલા બ્રિજ, શીલજ બ્રિજ અને સિમ્સ બ્રિજ મારફતે ડાયવર્ટ કરવામાં આવશે.માર્ગ વપરાશકર્તાઓને વિનંતી છે કે અસુવિધા ટાળવા માટે ઉપરોક્ત વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે.

## નવરાત્રીમાં ફુડ સ્ટોલ પર AMCની બાજ નજર

અમદાવાદ | AMCના ફૂડ વિભાગે સપ્ટેમ્બર મહિનામાં શહેરના વિવિધ ખાદ્ય ધંધાકીય એકમોમાં ચેકિંગ અને તપાસ કરી હતી. આ દરમિયાન કુલ 612 ખાદ્યપદાર્થોના સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાંથી 22 સેમ્પલ અપ્રમાણિત જાહેર થયા હતા. આ ઉપરાંત 28 ખાદ્ય ધંધાકીય એકમોને સીલ અથવા ક્લોઝર કરવામાં આવ્યા હતા. આ સિવાય હવે નવરાત્રીને ધ્યાનમાં રાખીને પણ ખાસ ઝુંબેશ હાથ ધરાશે અને નિયમ ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. નવરાત્રીના તહેવાર દરમિયાન શહેરમાં વિવિધ સ્થળોએ ગરબા કાર્યક્રમોની સાથે ફૂડ સ્ટોલ પણ ઉભા કરવામાં આવે છે. ત્યારે નાગરિકોને સ્વચ્છ, સલામત અને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે માટે કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા હવે ગરબા સ્થળો, સોસાયટીઓ, પાર્ટી પ્લોટ અને અન્ય સ્થળોએ આવેલા ફૂડ સ્ટોલનું ચેકિંગ કરવામાં આવશે.

# નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવીને વિદ્યાર્થિનીને મેસેજ કરતો, મણિનગરની સ્કૂલે ટર્મિનેટ કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.063

અમદાવાદની વધુ એક સ્કૂલ વિવાદમાં આવી છે. મણિનગરમાં પ્રગતિ સ્કૂલનો એક શિક્ષક નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવીને વિદ્યાર્થિનીને અશ્લીલ મેસેજ કરતો હોવાનો આક્ષેપ થયો હતો. વિદ્યાર્થિનીના મિત્રએ તપાસતા તે બીજુ કોઈ નહીં પણ સ્કૂલનો જ કોમ્પ્યુટરનો શિક્ષક નીકળ્યો.

બાદમાં આક્રોશિત મિત્રએ સ્કૂલમાં જઈ શિક્ષકનો મોબાઈલ ચેક કરતા તેમાંથી અલગ અલગ નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી મળી હતી. બાદમાં મિત્રએ શિક્ષકનો ફોન ફેકી દીધો અને લાફા ઝીંકી દીધા હતા. જેનો વીડિયો પણ વાઈરલ થયો છે.

ઉલ્લેખનીય છે કે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચતા બંને પક્ષે સમાધાન થઈ ગયું છે અને સ્કૂલે શિક્ષકને ટર્મિનેટ કરી દીધો છે.

પ્રગતિ સ્કૂલના પ્રિન્સિપાલ શૈલેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ઘટના બન્યા બાદ પોલીસ સ્ટેશન જાણ કરવામાં આવી હતી. તેમજ સ્કૂલે તપાસ પણ કરી




હતી. ઘટનાની ગંભીરતા સમજી શિક્ષકને ટર્મિનેટ કરાયો છે. બંને પક્ષના લોકોને પોલીસ સ્ટેશન બોલાવી સમાધાન કરી લેવામાં આવ્યું છે. શિક્ષકનું એવું કહેવું હતું કે તે તેમના પત્નીને મેસેજ કરવા જતા ભૂલથી મેસેજ જતો રહ્યો હતો. તેમજ પોલીસ સ્ટેશનમાં પણ તેમના દ્વારા સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું છે.

# ગુજરાતને 'ગ્લોબલ કેપેબિલિટી હબ' બનાવવા માટે ડિજિટલ ઈન્સેન્ટિવનો નવો રોડમેપ : અરજીથી ચુકવણી સુધીની પ્રક્રિયા હવે એક જ પોર્ટલ પર...

(એજન્સી) ગાંધીનગર | તા.03

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગુજરાતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરના વિકાસને નવો વેગ આપવા વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા Gujarat Global Capability Center (GCC) પૉલિસી 2025-30ના અસરકારક અમલીકરણ માટે Operational Guidelines 1.0 જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા દ્વારા GCCની ઓળખ, પાત્રતા, નવા સેન્ટરની સ્થાપના, હાલના સેન્ટરના વિસ્તરણ અને વિવિધ પ્રોત્સાહક સહાય મેળવવાની પ્રક્રિયા માટે સ્પષ્ટ માળખું નક્કી કરાયું છે. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન તથા વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનાં નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી આ માર્ગદર્શિકાની વિશેષતા એ છે કે ઈન્સેન્ટિવ માટેની અરજીથી લઈને ક્લેમની ચકાસણી અને ચુકવણી સુધીની કામગીરી એક જ ડિજિટલ પ્લેટફૉર્મ પર થશે. Directorate of ICT & e-Governance દ્વારા વિકસાવાયેલા Integrated Incentive Management Portal મારફતે ઈન્સેન્ટિવની અરજી, ક્લેમ પ્રોસેસિંગ, ચુકવણી ઉપરાંત Skill Development Courses માટે પણ અરજી કરી શકાશે. GCC પૉલિસી સંબંધિત માહિતી પણ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. GCC માટે ઈન્સેન્ટિવની ગણતરી ક્યારથી શરૂ થશે તે નક્કી કરવા Month of Eligibilityની જોગવાઈ કરવામાં આવી છે. Commercial Operation શરૂ થવાની તારીખ, In-principle Approval અથવા Eligible Employee Count હાંસલ થવાની તારીખ–આ ત્રણમાંથી જે તારીખ સૌથી પાછળની હશે, તેને પાત્રતાનો પ્રારંભિક મહિનો ગણવામાં આવશે. આ જ સમયથી ઈન્સેન્ટિવની ચુકવણીની ગણતરી શરૂ થશે. GCCની ઓળખ માટે Parent અથવા Group Company સાથેનો સંબંધ દર્શાવતો Board Resolution, Service Level Agreement (SLA), Ownership Structure, Detailed Project Report (DPR), GST Certificate અને જરૂરી હોય ત્યાં CA દ્વારા પ્રમાણિત રોકાણની વિગતો રજૂ કરવાની રહેશે. Commercial Operation પૉલિસી Period દરમિયાન શરૂ થયેલું હોવું અનિવાર્ય છે.નવા GCC માટે Certificate of Incorporation, GST Registration, ગુજરાતમાં મિલકતના ભાડા અથવા ખરીદીના દસ્તાવેજો, GCC સ્થાપવા માટેનો Board Resolution, SLA, Employee Allocation Details, DPR અને પ્રથમ Service Invoice સહિતના દસ્તાવેજોની જોગવાઈ છે. હાલના GCCમાં નવી પ્રવૃત્તિઓ અને રોજગારી ઉમેરવા માટે પણ વિસ્તરણની મંજૂરી સંબંધિત Board Resolution, વધારાની પ્રવૃત્તિઓ માટે SLA, DPR અને જરૂરી રોકાણ તથા કર્મચારીઓની વિગતો રજૂ કરવાની રહેશે. GCC પૉલિસી હેઠળ Eligible CAPEX Expenditureમાં Buildingનું બાંધકામ અથવા ખરીદી, Computers, Software, Networking Hardware અને અન્ય સંબંધિત Fixed Assetsના ખર્ચનો સમાવેશ થાય છે

# ડીસ્ટીલ ઓઈલ આપવાના બહાને ગઠિયાઓએ વેપારી પાસેથી 20 લાખ પડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.03

સાયબર ગઠીયાઓ હવે વેપારીઓને સંપર્ક કરી માલ મોકલવાના બહાને પૈસા પડાવતા હોવાના કિસ્સો સામે આવ્યો છે. ઘાટલોડિયામાં રહેતા વૃદ્ધ વેપારીને ડીસ્ટિલનું ઓઈલ મોકલવાનું કહીને એડવાન્સ પેટે 20 લાખ રૂપિયા લીધા હતા જે બાદ માલ ન મોકલીને વેપારી સાથે 20 લાખની ઠગાઈ કરી હતી જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. ઘાટલોડિયામાં રહેતા 83 વર્ષીય વૃદ્ધ ઓઈલ ટ્રેડિંગનો વેપાર કરે છે.વૃદ્ધે તેમના એક ગ્રાહકને ઓઈલનો ઓર્ડર પૂરો કરવા એક કંપનીના પોર્ટલના માધ્યમથી નંબર મેળવીને કંપનીમાં ફોન કર્યો હતો. સામેવાળા વ્યક્તિએ પોતાની ઓળખ શ્રીનિવાસ તરીકે આપી હતી.શ્રીનિવાસે 30 ટન ઓઈલ આપવાનું કહીને 33.25 લાખ ટોટલ બિલ થશે તેમાંથી 10 લાખ એડવાન્સ આપવા જણાવ્યું હતું જે બાદ માલ ભરાઈ ગયો છે કાગળ મોકલવા માટે બીજા 10 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.આમ કુલ 20 લાખ લઈને માલ લેવો હોય તો બીજા 14 લાખ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું.વૃદ્ધ વેપારી પાસેથી 20 લાખ લઈને માલ ન આપતા વેપારીએ ફરિયાદ નોંધાવી છે. અન્ય એક કિસ્સામાં પાલડીમાં રહેતા આધેડ વેપારીના મોબાઈલ ફોન પર એક મેસેજ આવ્યો હતો જેમાં ડીપીમાં અદાણી ગેસ લખેલું હતું અને મેસેજમાં ગેસ બિલ ભરવાનું બાકી છે લખ્યું હતું જેથી વેપારીએ બિલ ભર્યાનો સ્ક્રીન શોર્ટ વોટ્સએપ પર મોકલ્યો હતો.

# રાજ્યભરના એસ.ટી. બસ સ્ટેશનમાં "ટોયલેટ બ્લોક અપગ્રેડેશન" માટે ખાસ ડ્રાઈવ શરૂ છ

## રાજ્યના ૫૬ બસ સ્ટેશનોના ટોયલેટ બ્લોકને જરૂરિયાત મુજબ રીન્યુએશન અને રિપેરીંગ કરાશે

(એજન્સી) અમદાવાદ | તા.03

રાજ્યના એસ.ટી. બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા એક મહત્વપૂર્ણ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુસાફરી દરમિયાન નાગરિકોને સ્વચ્છતા અને પાયાની સગવડો બાબતે કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે નિગમ દ્વારા રાજ્યના ૫૬ બસ સ્ટેશનોના ટોયલેટ બ્લોક રીન્યુએશન અને રિપેરીંગ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

એસ.ટી. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૫૬ બસ સ્ટેશનો પર રીપેરીંગ અને ટોયલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાંથી અત્યાર સુધીમાં ૬ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી પૂર્ણ કરાઈ છે. જેમાં સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા,



પાલિતાણા અને ઢસા બસ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૭ બસ સ્ટેશનો પર કામ હાલ પ્રગતિ હેઠળ છે. બાકીના ૩૩ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી આગામી ૮ થી ૧૨ મહિનાની અંદર પૂર્ણ કરી દેવાનું આયોજન છે. આ વિશેષ ડ્રાઈવ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને સ્વચ્છ, આરોગ્યપ્રદ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. અગાઉ કરવામાં આવેલા સર્વેના આધારે એસ.ટી. નિગમે 'બસ સ્ટેશન બેઝીક ફેસીલીટી અપગ્રેડેશન પ્લાન' તૈયાર કર્યો હતો. લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો, મહિલાઓ અને વડીલો માટે બસ સ્ટેશન પર પૂરતી સ્વચ્છતા અને સુવિધાઓ હોવી અનિવાર્ય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ્યાં જરૂર જણાઈ છે તેવા ટોયલેટ બ્લોક્સનું આધુનિકીકરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ હેઠળ ટોયલેટ બ્લોક્સમાં પ્લમ્બિંગ, નવા યુરિનલ્સ અને ડબલ્યુ.સી. પાન બદલવા, બારી-દરવાજાનું રિપ્લેસમેન્ટ, આકર્ષક ફ્લોરિંગ, ઈલેક્ટ્રિફિકેશન, મજબૂત ડ્રેનેજ સિસ્ટમ અને કલરકામ જેવી કામગીરી કરવામાં આવશે. આ અપગ્રેડેશન દરમિયાન મહિલા મુસાફરોને ધ્યાનમાં રાખીને સ્થળની સ્થિતિ મુજબ અંદાજિત ૨૫ યુરિનલ્સ, ૨૦ જનરલ ડબલ્યુ.સી. અને ૨૫ જેટલા મહિલા ડબલ્યુ.સી. વધારવાનું આયોજન છે. આ ઉપરાંત મુસાફરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે સ્વચ્છતાને લગતી ફરિયાદો રીઅલ-ટાઈમમાં નોંધાવી શકે તે માટે તમામ બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત 'મુસાફર સેવા સેતુ' એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવશે.

# સપ્ટે. 2026માં અમદાવાદ મંડળનું શાનદાર પ્રદર્શન: ₹852 કરોડની કુલ આવક, યાત્રી આવકએ બનાવ્યો સર્વકાલીન રેકોર્ડ

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે સપ્ટેમ્બર 2026 દરમિયાન વાણિજ્યિક તથા યાત્રી સેવાઓના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરતાં માલભાડું, મુસાફર તથા પાર્સલ આવકમાંથી આશરે 852 કરોડની આવક મેળવી છે. તેમાં 636 કરોડની માલભાડા આવક, 208.60 કરોડની યાત્રી આવક તથા 7.40 કરોડની પાર્સલ આવકનો સમાવેશ થાય છે. સપ્ટેમ્બર મહિનામાં યાત્રી આવકમાં ગયા વર્ષની સરખામણીમાં 34.5%નો વધારો નોંધાયો છે અને 208.60 કરોડની યાત્રી આવક મંડળના ઈતિહાસમાં અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ માસિક યાત્રી આવક રહી છે.

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી વેદ પ્રકાશે આ શાનદાર પ્રદર્શન બદલ મંડળના વાણિજ્ય, સંચાલન તથા અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતાં તેમના સતત પ્રયાસોની પ્રશંસા કરી.

1. નાણાકીય અને વાણિજ્યિક પ્રદર્શન અમદાવાદ મંડળે સપ્ટેમ્બર 2026 દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં ગયા વર્ષની સરખામણીમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી:

માલભાડા આવક: 636.08 કરોડ, જે સપ્ટેમ્બર 2025ની 595.16 કરોડની સરખામણીમાં 6.88% વધુ છે.

યાત્રી આવક: 208.60 કરોડ, જે સપ્ટેમ્બર 2025ની



155.05 કરોડની સરખામણીમાં 34.54% વધુ છે અને મંડળના ઈતિહાસની સર્વશ્રેષ્ઠ માસિક યાત્રી આવક છે.

પાર્સલ આવક: 7.40 કરોડ, જે ગયા વર્ષની સરખામણીમાં 20% વધુ છે.

2. માલભાડા આવકમાં નવા રેકોર્ડ અને સિદ્ધિઓ સપ્ટેમ્બર મહિનામાં મંડળના વિવિધ ગુડ્સ શેડ તથા ટર્મિનલોએ નોંધપાત્ર કામગીરી કરી:

મે. વેસ્ટર્ન કેરિયર્સ ઈન્ડિયા પ્રા. લી. દેવલિયા (WCGD) દ્વારા 4.87 કરોડની સર્વશ્રેષ્ઠ માસિક માલભાડા આવક નોંધાવવામાં આવી. આ પહેલાંનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન જુલાઈ 2026માં 4.55 કરોડ હતું.

નલિયા ગુડ્સ શેડ દ્વારા 4.75 કરોડની સર્વશ્રેષ્ઠ માસિક માલભાડા આવક નોંધાવવામાં આવી, જ્યારે અગાઉની સર્વશ્રેષ્ઠ આવક જુલાઈ 2026માં 3.96 કરોડ હતી.

સામખિયાળી ગુડ્સ શેડ દ્વારા 8.64 કરોડની સર્વશ્રેષ્ઠ માસિક માલભાડા આવક નોંધાવવામાં આવી. આ પહેલાંનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માર્ચ 2026માં 8.49 કરોડ હતું. કંડલા પોર્ટ ગુડ્સ શેડને 30 સપ્ટેમ્બર 2026થી કન્ટેનર ટ્રાફિક માટે કન્ટેનર રેલ ટર્મિનલ (CRT) તરીકે અધિસૂચિત કરવામાં આવ્યું છે તથા અહીં ચોવીસ કલાક કામગીરી કરવામાં આવશે. નરોડા ગુડ્સ શેડને 16 સપ્ટેમ્બર 2026થી કાંકરિયાના વૈકલ્પિક ગુડ્સ શેડ તરીકે અધિસૂચિત કરવામાં આવ્યું છે.

3. નવી કોમોડિટી, નવા ગંતવ્ય અને નવા ગ્રાહકો

મંડળ દ્વારા નવા વેપારી તકો વિકસાવવાની દિશામાં પણ મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી: મે. શ્રી રેણુકા સુગર લિમિટેડ (SRSL) દ્વારા ગાંધીધામથી વિવિધ ગંતવ્યો માટે ખાંડની 5 રેક BCN વેગનમાં લોડ કરવામાં આવી, જેના દ્વારા 2.85 કરોડની વધારાની આવક પ્રાપ્ત થઈ. દક્ષિણ પશ્ચિમ રેલવેના દેવણગોથિ, ઉત્તર રેલવેના ચિલબિલા જંક્શન, પટલી અને પલવલ, ઉત્તર પશ્ચિમ રેલવેના બાવલ, ઈસ્ટ કોસ્ટ રેલવેના સુકિન્દા રોડ, સેન્ટ્રલ રેલવેના મિરજ તેમજ DFCRના ન્યૂ સરધના સહિત વિવિધ નવા ગંતવ્યો માટે કન્ટેનર, ખાતર તથા અન્ય રેકનું સંચાલન કરવામાં આવ્યું. મે. ડી બી ટ્રેડલિંક પ્રા. લી. દ્વારા કંડલા પોર્ટ ડોક રેલ ટર્મિનલથી કોટા મંડળના દાધદેવી માટે આયાતી સ્ટીમ કોલસાની 3 રેક લોડ કરવામાં આવી, જેના દ્વારા 2.12 કરોડની આવક પ્રાપ્ત થઈ. મે. રેલહોલ લોજિસ્ટિક પ્રા. લી. દ્વારા કાંકરિયાથી મિર્જા, રંગિયા મંડળ માટે મિશ્રિત કોમોડિટીની 3 મિની રેકનું સંચાલન કરવામાં આવ્યું, જેના દ્વારા 97.18 લાખની આવક પ્રાપ્ત થઈ. મે. શ્રી ખૈતાન કેમિકલ એન્ડ ફર્ટિલાઈજર લી. દ્વારા વિવિધ ગંતવ્યો માટે આયાતી ખાતરની 2 મિની રેક લોડ કરવામાં આવી. મે. શ્રીલાઈન લોજિસ્ટિક એન્ડ શિપિંગ પ્રા. લી. દ્વારા કંડલા પોર્ટ ડોક રેલ ટર્મિનલથી બામનહેરી માટે બાંસના પલ્પની એક રેકનું સંચાલન કરવામાં આવ્યું, જેના દ્વારા 29.53 લાખની આવક પ્રાપ્ત થઈ.

4. પાર્સલ વ્યવસાયમાં મહત્વપૂર્ણ સિદ્ધિ

16 અને 17 સપ્ટેમ્બર 2026ના રોજ પાર્સલ સ્પેસની ઈ-હરાજી યોજવામાં આવી હતી, જેના માધ્યમથી 4 સંપત્તિઓની સફળતાપૂર્વક લીઝિંગ કરવામાં આવી. આ કરારો દ્વારા આગામી 3 વર્ષ દરમિયાન 3.61 કરોડની આવક પ્રાપ્ત થશે, જેમાં નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન અંદાજે 0.61 કરોડની આવક થવાનો અંદાજ છે.

5. મુસાફર સેવાઓ અને વિશેષ ટ્રેનો

તહેવારો અને મેળા દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને મંડળ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી:

09405/09406 અસારવા -ખેડબ્રહ્મા મેળા સ્પેશિયલનું સંચાલન 21 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર 2026 સુધી ભાદરવી પૂનમ મેળા દરમિયાન વધતી યાત્રીઓની ભીડને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું.

09465 અમદાવાદ-દરભંગા સ્પેશિયલને દિવાળી અને છઠ પૂજાની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને 27 નવેમ્બર 2026 સુધી લંબાવવામાં આવી.

09088 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ TOD સ્પેશિયલનું સંચાલન 10 સપ્ટેમ્બરથી 26 નવેમ્બર 2026 સુધી નવરાત્રિ, દિવાળી અને છઠ પૂજાની ભીડને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું.